ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 073 Issue No. 22 Date : 01-08-2026

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | આત્માને જાણીએ (૧૭) |
| મનુભાઈ પંચોળી | ૦૪ | શિક્ષણના બે પાયા |
| મનસુખ સલ્લા | ૦૬ | ભારતનો રાષ્ટ્રીય રોગ અહિંસા નહિ, અસામાજિકતા છે |
| વિનોબા, અનુ. ભદ્રાબેન સવાઈ | ૦૮ | દેવર્ષિ રવીન્દ્રનાથ ટાગોર |
| કાન્તિ શાહ | ૧૦ | અમારો જ નહીં, અનેકોનો |
| ચિરાગ ચાવડા | ૧૧ | ખાણની ધૂળમાં ગૂંગળાતી જિંદગીઓ |
| મિલિંદ બોકીલ | ૧૨ | રાજનીતિથી લોકનીતિ તરફ |
| સત્યકામ જોશી | ૧૪ | અમારા ગામમાં અમે સરકાર... વાત મેંઢા ગામની |
| કપિલ શાહ | ૧૬ | ભૂમિપુત્રની ડિજિટાઇઝ્ડ સર્ચેબલ આર્કાઇવ અને તેનું વિમોચન |
| સ્વાતિ, સત્યકામ જોશી | ૧૭ | મેંઢા ગામની વાત – પુસ્તક લોકાર્પણ |
| હીરજીભાઈ ભીંગરાડિયા | ૧૮ | પીવાના પાણીની ખેંચનો પોતીકો ઉકેલ - 'ભૂગર્ભ ટાંકો' |
| હરિભૂષણ સિંહ | ૨૦ | પડદા પર ગાંધી : ઇતિહાસ બનાવનાર પોતે ઇતિહાસ બની ગયા |
| ગૌરાંગ જાની | ૨૧ | ગુજરાતીઓને અર્પણ : સર્વધર્મ કથાઓ |
| આનંદ મઝગાંવકર | ૨૨ | જાગ ઉઠી તરુણાઇ હૈ |
| માર્ટિન મેકવાન | ૨૩ | સોનમ વાંગચૂકને એક પત્ર |
| આશા વીરેન્દ્ર | ૨૪ | કિંમત |


(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
Price Rs.20, Annual Sub. Rs.300.
**Vol.73 Issue No.22 1962 Date : 01-08-2026**
Place of Publication : Bhoomiputra Karyalaya,
Hujaratpaga, Vadodara - 390 001.

ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# આત્માને જાણીએ (૧૭)

❍ વિનોબા ❍

## આત્મપ્રબોધન

### ભગવદ્‌ગીતા

આત્મા અમર છે. આ જેણે જાણી-સમજી લીધું છે તેવા જ્ઞાનીજનો ક્યારેય મરનારા-જીવનારા માણસો માટે શોક (દુઃખ) કરતા નથી. હું, તમે અને આ રાજા અર્થાત્ ત્રણેય પુરુષમાં હું (પ્રથમ પુરુષવાચક), તમે (દ્વિતીય પુરુષવાચક), આ રાજા (તૃતીય પુરુષવાચક) અર્થાત્ આ આખો સમાજ અત્યારે છે, પહેલાં પણ હતો અને ભવિષ્યમાં આગળ જતાં પણ રહેશે. ત્રણેય પુરુષ કાળમાં વિદ્યમાન છે. being (અસ્તિત્વ) અને becoming (હોવું) ચાલ્યા જ કર્યુ છે. અસ્તિત્વ સદા સર્વદા અભંગ છે, એટલે કે અખંડ જ છે. 'હોવું' એટલે કે બદલાતા રહેવું. અસ્તિત્વમાં કોઈ અવરોધ ન આવતો હોઈ દેહ બદલાયા કરે છે. આ જ શરીરમાં બાળપણ, તારુણ્યાવસ્થા અને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થયા કરે છે, એવી જ રીતે નવું શરીર મળે છે. મરણ અર્થાત્ જ એ નવજીવન છે.

શાશ્વત અને અશાશ્વતનો નિર્ણય કરનારા સંતોએ બરોબર જોઈ લીધું કે સત્યનો નાશ નથી થતો અને મિથ્યાનું કોઈ અસ્તિત્વ નથી. नासतो विद्यते भावो नाभावो विद्यते सत: । આત્મા - શાશ્વત, સત્ય; દેહ - અશાશ્વત, મિથ્યા. જે મિથ્યા વસ્તુઓ છે તે ભલે ઇંદ્રિયો દ્વારા ભાસિત થાય છે તેમ છતાં પણ તેનું અસ્તિત્વ હોતું નથી. આનાથી એકદમ વિપરીત સત્ય વસ્તુ અદશ્ય પણ કેમ ન થઈ જાય તો પણ એનું અસ્તિત્વ મટતું નથી, આનો તત્ત્વદર્શીઓએ નિર્ણય બતાવ્યો છે. અહીં સમજવાનું એ છે કે ઇંદ્રિયોને જે ભાસમાન થાય છે, એ સત્ય જ હોય છે એવું નથી. આપણી આંખોને આકાશમાં રહેલા ટમટમતા તારલાઓ હંમેશા નાનકડા અમથા જ દેખાય છે, પરંતુ વાસ્તવમાં તેવું હોતું નથી. એ તારલીયાઓ તો મોટા મોટા હોય છે. તત્ત્વદર્શી લોકો ક્યારેય મામૂલી પ્રમાણો (સબૂતો)ને જોઈને સત્ય અને અસત્યની કસોટી કરતા નથી. નિત્ય એવા આત્મતત્ત્વને કોઈ નષ્ટ કરી શકતું નથી.

એવા આત્મતત્ત્વે આ બધું વ્યાપ્ત કર્યું છે. અને તે અવિનાશી છે. આત્મા અવિનાશી છે, એટલે જ અંદર-બહાર સમગ્રમાં વ્યાપ્ત રહેલ એ આત્મતત્ત્વનો કોઈ નાશ કરી શકતું નથી. આમ, પહેલાં કહ્યું કે સત્યનો નાશ થતો નથી. જે-જે સત્ય છે, તે બધા અવિનાશી છે. પછી કહે છે કે, જે-જે વ્યાપક છે, તે બધાં અવિનાશી છે. આ શરીર, આ પેન્સિલ, આ ઘડિયાળ, આ ફૂલ - આ બધી વસ્તુઓ વ્યાપક નથી, એટલા માટે તે નાશવાન છે. આત્મા અવિનાશી છે, કેમ કે તે સત્ય છે, વ્યાપક છે. આ એક ઘણો સૂક્ષ્મ વિચાર છે કે આત્માનો નાશ થવો શક્ય જ નથી. તો પછી આત્માને સિદ્ધ કરવાની કોઈ જરૂર રહેતી નથી. આત્મા સ્વયંસિદ્ધ છે. જે વિજ્ઞાની છે તે પ્રયોગ કરે છે, ત્યારે બધાંના ગુણધર્મોનું વિશ્લેષણ કરે છે. પરંતુ પોતાનું વિશ્લેષણ કરતો નથી. એને માની લે છે. એવી જ રીતે આત્માને સિદ્ધ કરવાની કોઈ જરૂર નથી. એ છે જ ! ગૃહીત છે. આનો સારાંશ એ કે, શરીર બધાં વિનાશી કહેવાયાં છે, અને એમાં જે આત્મતત્ત્વ છે, તે શાશ્વત અવિનાશી છે.

આત્મા છે તે કર્મ-સંપર્ક રહિત છે. એ ન તો મરે છે, ન તો મરાય છે. એ કશું પણ કરતો નથી અને બીજો કોઈ એને કશું જ કરાવી શકતો નથી. તે કર્તા પણ નથી, કર્મ પણ નથી.

તે આત્મા ન તો ક્યારેય જન્મે છે, કે ન તો મૃત્યુ પામે છે. (એવી કોઈ વાત નથી કે) તે પહેલાં ક્યારેય થયું નથી અને ભવિષ્યમાં થશે પણ નહીં, તે સ્થિર અને પુરાતન છે. ભલે ને શરીરને જ મારી નાખવમાં આવે પણ આત્મા મરતો નથી. આત્મા અમર છે. માટે જ માણસે કોઈ પ્રકારનો ભય ન રાખવો. આત્મનિષ્ઠા જ નિર્ભયતાનું સુરક્ષિત કવચ છે. સાચી નિર્ભયતા મેળવવા માટે આત્મનિષ્ઠાની જરૂર રહે છે.

જે કોઈને પણ આ તત્ત્વ સમજાઈ ગયું છે કે આત્મા નિર્વિકાર, નિત્ય અને જન્મ-મૃત્યુથી પર છે, તે કેવી રીતે કોઈને પણ મારી શકે ? અથવા તો મરાવી શકે ? જીવનમાં જન્મ અને મૃત્યુ - આ બંને અંતિમ છેડા છે અને તેની વચ્ચે બાળપણ, તારુણ્ય અને ઘડપણ રહ્યાં છે. આમ બધું મળીને જીવનનું પંચાંકી (પાંચ અંકોવાળું) નાટક દેહના રંગમંચ પર ભજવાતું રહે છે. આની સાથે અત્માનો (કેવળ સાક્ષીત્વ ભાવને છોડીને) બીજો કોઈ પણ સંબંધ નથી. જેણે પણ આ વસ્તુને ઓળખી-સમજી લીધી, તે માણસ (સ્થૂળ-સૂક્ષ્મ) એવી કોઈ પણ ક્રિયાના કર્તૃત્વ, કર્મત્વ, અથવા પ્રેરકત્વ પોતાની ઉપર લઈ શકતો નથી. કરનાર એ કર્તા, ક્રિયાનો આધાર અર્થાત્ કર્મ, કર્મની પ્રેરણા આપનાર અર્થાત્ પ્રેરક. આત્માનો આ ત્રણેય

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સાથે સંબંધ નથી. આત્મા સાક્ષી છે. એ સિવાય એનો કર્મની સાથે કોઈ સંબંધ નથી.

મનુષ્ય જેમ જૂનાં જીર્ણ થયેલાં વસ્ત્રોને છોડી દઈને નવાં વસ્ત્ર ધારણ કરે છે, એવી રીતે આત્મા પણ જૂનું શરીર ત્યાગીને અન્ય નવું શરીર ધારણ કરે છે. અહીં આત્માનું અલિપ્ત તત્ત્વ પ્રતિપાદિત કરાયું છે.

પછી કહે છે કે આત્માને શસ્ત્રો સંહારી શકતાં નથી, અગ્નિ બાળતી નથી, પાણી ભીંજવતું નથી અને વાયુ જેને સૂકવતું નથી. આમાં શસ્ત્ર અર્થાત્ પૃથ્વી તત્ત્વ, અગ્નિ તત્ત્વ, જળ તત્ત્વ, અને વાયુ તત્ત્વ - આ પ્રકારના પાંચમહાભૂતોમાંથી ચારનો અહીં ઉલ્લેખ જોવા મળે છે. આ ચારેય પંચમહાભૂતોની આકાશ ઉપર કોઈ અસર થતી નથી. હવાથી આકાશ સુકાતું નથી, પાણીથી તે ભીંજાતું નથી, અગ્નિથી તે બળતું નથી, શસ્ત્રથી તેને કાપી શકાતું નથી. આકાશ તત્ત્વનું વર્ણન આત્માને લાગુ પડે છે. કેમ કે આત્મા એ તો આકાશવત્ નિર્લિપ્ત છે. આકાશ સૂક્ષ્મ રૂપે સર્વત્ર વ્યાપ્ત હોવા છતાં પણ તે મલિન થતું નથી. એવી જ રીતે શરીરમાં આત્મા આપાદ્મસ્તક વ્યાપ્ત હોવા છતાં પણ તે લિપ્ત થતો નથી.

આત્મા સ્થિર, નિશ્ચલ, નિત્ય, સર્વવ્યાપક, સનાતન છે. એટલે એને સર્વવ્યાપી સનાતન કહેવાય છે. સર્વવ્યાપી + સનાતન = દેશકાળાતીત. સર્વવ્યાપી શબ્દ દ્વારા સ્થાન બતાવાયું અને સનાતન શબ્દ દ્વારા કાળતત્ત્વને બતાવાયું છે. સ્થળ - અહીંયા, ત્યાં, આગળ, પાછળ, ઉપર-નીચે. કાળ - પ્રાચીનકાળથી જે હતું, આજે છે અને આગળ ઉપર રહેશે.

આપણે આત્માને જોઈ શકતા નથી, ન તો આપણે ચિંતન કરી શકીએ છીએ, તેને નિર્વિકાર કહેવામાં આવે છે. આત્મા એ ઇંદ્રિય પ્રત્યક્ષનો વિષય નથી. 'હું આને જોઈ શકતો નથી' (જોવાતો નથી) એ શબ્દો દ્વારા વર્ણન થયું છે. તે અનુમાનનો પણ વિષય નથી, આ 'ન જેનું ચિંતન થાય' (વિચારી પણ ન શકાય), એ શબ્દોથી વર્ણન થયું છે. આનો અર્થ એ થયો કે 'હવે કેવળ અનુભવી પુરુષોનો શબ્દ જ એક આધાર શેષ રહ્યો છે' એ જ 'बोलिला निर्विकार हा' (આ નિર્વિકાર કહેવાય છે) એ શબ્દો દ્વારા કહેવામાં આવ્યું.

ઇંદ્રિયો પ્રત્યક્ષ પ્રમાણ છે. સામે વૃક્ષ છે. કેવી રીતે જાણી શકાય? તે આંખો દ્વારા દેખાય છે. તાનપુરો વાગી રહ્યો છે, કાનથી તે સંભળાઈ રહ્યો છે. સ્પર્શ કરવાથી ખબર પડે છે કે વસ્તુ સુંવાળી છે, નાકથી ખબર પડે કે ફૂલ મહેકી રહ્યું છે. આ બધું જ જ્ઞાન પ્રત્યક્ષ જ્ઞાનેન્દ્રિય દ્વારા સમજાય છે. પરંતુ આત્મા એ જ્ઞાનેન્દ્રિયોથી ગ્રહણ થતો નથી. 'न देखूं ये' કહીને સંપૂર્ણ પ્રત્યક્ષ પ્રમાણ થયું. 'न चिंतू ये' ની દ્વારા, મન જ નીકળી ગયું. અનુમાન પ્રમાણ જ વ્યર્થ સિદ્ધ થયું. સામેના મકાનમાંથી ધુમાડો નીકળે છે, તો ત્યાં આગ છે. આમાં અનુમાન છે. ધુમાડા પરથી અનુમાન કરવામાં આવ્યું. પ્રત્યક્ષના આધારથી ચિંતન કરવાથી જ્ઞાન થાય છે. આત્માના વિષયમાં આ પ્રકારનું અનુમાન કરી શકાય નહીં. તો પછી આત્માનું જ્ઞાન કેવી રીતે થઈ શકે ? એનો કયો આધાર હોઈ શકે ? જેમણે સાક્ષાત્ અનુભવ મેળવ્યો છે, એમનો શબ્દ - 'बोलिला निर्विकार हा' - આ જ આધાર છે.

અથવા આત્મા નિત્ય જન્મ લે છે, અને નિત્ય મરે છે, તો એ વિષયમાં શોક કરવાનું કોઈ કારણ જ ક્યાં રહ્યું ? નિર્ગુણ દૃષ્ટિએ આત્માને જોવા જતાં તે ન તો જન્મે છે અને ન તો મરે છે. નિર્ગુણ દૃષ્ટિ અર્થાત્ વેદાંતની દાર્શનિક દૃષ્ટિથી તે ક્યારેય મરતો નથી અને ક્યારેય જન્મતો નથી. આ છે કૂટસ્થ નિત્યતા.

બે વિચાર છે. એક, કૂટસ્થ નિત્યતા એટલે કે નિર્ગુણ દૃષ્ટિ, કૂટસ્થ = કાયમ, જેવું છે તેવું. એને ન તો જન્મ છે, ન મૃત્યુ છે. એટલા માટે શોક કરવાને કોઈ કારણ જ નથી. બીજું, પરિણામી નિત્યતા. દૂધમાંથી દહીં બન્યું, દહીંમાંથી છાશ બને. પરિણામ આવતું રહેશે પણ મૂળ વસ્તુ ખતમ નહીં થાય. પરિણામ એ શાસ્ત્રીય શબ્દ છે. પરિણામનો મતલબ થાય કે બદલાવ થવો. જ્યારે પરિણામી નિત્યતાનો અંશ આવશે, ત્યારે મુક્તિ મળશે. આત્માની કૂટસ્થ નિત્યતામાં જન્મ-મૃત્યુ લાગુ જ પડતાં નથી. જ્યારે પરિણામી નિત્યતામાં એ આવશ્યક મનાયાં છે. આમ ઉભય પક્ષમાં શોક માટે કોઈ કારણ શેષ રહેતું નથી.

પરંતુ સગુણ દૃષ્ટિએ જોવા જઈએ તો તે પ્રતિક્ષણ જન્મે છે અને પ્રતિક્ષણ મરે છે. આવું પણ કહી શકીએ કે, દરેક ક્ષણ નવી નવી હોય છે. જેવી રીતે નદીના જળપ્રવાહમાં તે પાણી પ્રત્યેક ક્ષણે બદલાયેલું હોય છે, નવું હોય છે, જળપ્રવાહ વહેતો રહે છે. આ પ્રવાહનિત્યતા

## આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | આત્માને જાણીએ (૧૭) |
| મનુભાઈ પંચોળી | ૪ | શિક્ષણના બે પાયા |
| મનસુખભાઈ સલ્લા | ૬ | ભારતનો રાષ્ટ્રીય રોગ અહિંસા નહીં, અસામાજિકતા છે |
| વિનોબા અનુ.ભદ્રાબેન સવાઈ | ૭ | દેવર્ષિ રવીન્દ્રનાથ ટાગોર |
| કાન્તિ શાહ | ૧૦ | અમારો જ નહીં, અનેકોનો |
| ચિરાગ ચાવડા | ૧૧ | ખાણની ધૂળમાં ગૂંગળાતી જિંદગીઓ |
| મિલિંદ બોકીલ | ૧૨ | રાજનીતિથી લોકનીતિ તરફ |
| સત્યકામ જોષી | ૧૪ | અમારા ગામમાં અમે સરકાર... વાત મેંઢા ગામની |
| કપિલ શાહ | ૧૬ | ભૂમિપુત્રની ડિજીટાઇઝ્ડ સર્ચેબલ આર્કાઈવ |
| સત્યકામ જોષી | ૧૭ | મેંઢા ગામની વાત - પુસ્તક લોકાર્પણ |
| હીરજીભાઈ ભીંગરાડિયા | ૧૮ | પીવાના પાણીની ખેંચનો પોતીકો ઉકેલ- ભૂગર્ભ ટાંકો |
| હરિભૂષણસિંહ | ૨૦ | પડદા પર ગાંધી : ઇતિહાસ બનાવનાર પોતે ઇતિહાસ બની ગયા |
| ગૌરાંગ જાની | ૨૧ | ગુજરાતીઓને અર્પણ : સર્વ ધર્મ કથાઓ |
| આનંદ મઝગાંવકર | ૨૨ | જાગ ઉઠી તરુણાઈ હૈ |
| માર્ટિન મેકવાન | ૨૩ | સોનમ વાંગચૂકને એક પત્ર |
| આશા વીરેન્દ્ર | ૨૪ | કિંમત |




YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે. આ પ્રવાહનિત્યતાને સમજીએ કે જેમ પાણીમાંથી બરફ બને, વરાળ બને, અને વાદળાં બને છે; એનું સ્વરૂપ બદલાતું રહે પણ એનું મૂળ તત્ત્વ હમેશાં કાયમ રહે છે. વિજ્ઞાનમાં કહેવાયું છે કે 'મેટર ઈઝ ઇનડીસ્ટ્રક્ટિબલ' જે 'મેટર' (મૂળ તત્ત્વ) છે તેનો ક્યારેય અંત આવતો નથી.

એવી રીતે આ પ્રવાહની નિત્યતાને ધ્યાનમાં રાખીને એનો બીજો પક્ષ રજૂ કરવામાં આવ્યો છે. આ આત્મા તરફ જોવાની મુખ્ય દૃષ્ટિ નથી. તેમ છતાં પણ તે એક દાર્શનિક દૃષ્ટિ છે. આ કેવલ જડવાદ નથી. કોઈ પણ જડવાદી મૃત્યુ બાદ જન્મ નિશ્ચિત છે એવું માનતો નથી. એક વાર મર્યો તો મર્યો, પછી વળી જન્મ ક્યાંથી ? આ છે જડવાદ. જડવાદ ને મૃત્યુના શોકનું કારણ વિદ્યમાન જ છે.

## આત્મતત્ત્વ અંગે વિવિધ

**આત્મા-પરમાત્મા :**

અહીં આત્મશક્તિ છે, ત્યાં પરમાત્મ-શક્તિ છે - यथा पिंडे तथा ब्रह्मांडे । આત્મા એ છે, જેની આપણને અનુભૂતિ થાય છે, આપણે મહેસુસ કરીએ છીએ કે આપણે છીએ. અને આપણી સામે આ વિશાળ સૃષ્ટિ દેખાય છે, એની અંદર જે અંતર્યામી રૂપમાં વિરાજમાન તત્ત્વ છે, તે પરમેશ્વર છે. બ્રહ્મ એ છે, જેમાં પરમેશ્વર અને આત્મા બંને ડૂબી જાય છે. શરીરગત, શરીરને ઓળખનાર, શરીરથી ભિન્ન તત્ત્વ છે, એને આત્મા કહે છે. જે સૃષ્ટિની અંદર રહે છે, સૃષ્ટિને ઓળખનાર અને સૃષ્ટિથી ભિન્ન જે તત્ત્વ છે, એને ઈશ્વર - પરમાત્મા કહે છે. પરમેશ્વરનું સ્વરૂપ છે તે બ્રહ્માંડધારી છે, જેવી રીતે આપણે શરીરધારી છીએ. જેવી રીતે આપણે શરીરથી ભિન્ન છીએ એવી રીતે તે બ્રહ્માંડથી ભિન્ન છે. જેમ આપણે શરીરને ઓળખનારા છીએ, તેમ તે બ્રહ્માંડને ઓળખનાર છે. તે પરમેશ્વર છે. આપણને પરમેશ્વર પાસેથી મદદ મળી શકે છે. જ્યાં પણ આત્મતત્ત્વનો અભાવ અનુભવાયો, કે એની પૂર્તિરૂપે પરમેશ્વર તત્ત્વ દ્વારા આપણને મદદ મળે છે. જેમ આપણી પોતાની અંદર અંતર્યામી રૂપે આત્મા છે, એમ બ્રહ્માંડમાં પણ સર્વાંતર્યામી રૂપે પરમાત્મા હાજરાજૂર છે. જેવી રીતે આપણી આંખ છે, એવી રીતે સૃષ્ટિમાં સૂર્ય છે.

જો આપણે આપણી આંખો બંધ કરી દઈએ તો આપણને સૂર્યદર્શન નહીં થાય. સૂર્યનારાયણ તો મદદ કરવા તત્પર જ છે. જેવી આંખ ખૂલશે કે તે સેવા કરવા માટે આવી જશે. એવી જ રીતે આપણે આપણા આત્માને ખુલ્લો કરી દેવો જોઈએ. હૃદયમાં જ્યાં સુધી ગાંઠો પડેલી છે, ત્યાં સુધી હૃદય ખુલ્લું થતું નથી. મારી અંદર નરશક્તિ છે એમ વિશ્વમાં નારાયણી શક્તિ છે. હું કંઈ ફક્ત સ્થૂળ શરીર જ નથી, આત્મસ્વરૂપ છું. એવી જ રીતે આ વિશાળ વિશ્વ પણ કેવલ સ્થૂળ રૂપ નથી, એની અંદર પરમાત્મા વ્યાપ્ત છે. આપણે તો આ બ્રહ્માંડમાં રહેલા પરમાત્માના આવાહન માટે દરવાજો ખોલી દેવાનો છે. જેવી રીતે આપણને ફેફસાંના પ્રયત્નોથી આ દુનિયામાં ફેલાયેલી હવાની મદદ મળતી રહે છે, એવી જ રીતે દેહબદ્ધ આત્માના પ્રયત્નોથી દેહમુક્ત વિશ્વરૂપ પરમાત્માની મદદ મળે છે, આ અનુભવસિદ્ધ વાત છે. પરમાત્મા બિંબ છે તો શરીર પ્રતિબિંબ છે. બહારની પરમાત્મા શક્તિને આધારે માણસની આત્મશક્તિ એકદમ શક્તિશાળી બને છે.

પરમેશ્વરે તપશ્ચર્યા કરીને આ વિશ્વની રચના કરી. ઋષિઓની પ્રતિભાને આ તત્ત્વનું દર્શન થયું અને કોઈ નાટકકાર જેવી રીતે પોતે સ્વયં નાટક લખીને પછી એના પ્રયોગમાં સ્વયં જોડાઈ જાય છે, એવું જ ઈશ્વરનું છે. ઈશ્વર વિશ્વરૂપ નાટક રચીને, એમાં આત્માની ભૂમિકા તે સ્વયં ભજવે છે - तत् सृष्ट्वा तदेवानुप्राविशत् । અનુપ્રવેશ એટલે કે અનુકૂળતાથી પ્રવેશ. પરમાત્માએ પંચમહાભૂતાત્મક શરીર બનાવ્યું અને એમાં પોતે જીવાત્મા બનીને અનુપ્રવેશ કર્યો, અર્થાત્ તે શરીરમાં સ્વયં પ્રવેશ કર્યો.

જેવી રીતે કોઈ એક બાટલીમાં ગંગાજળ છે અને તે બાટલીના ઢાંકણાને સીલ કરીને ગંગાના પાણીમાં મૂકી દીધી છે. હવે આમ જોવા જઈએ તો અંદર-બહાર ગંગાનું જ પાણી છે. પણ બાટલીનું ગંગાજળ સીલબદ્ધ છે. જ્યાં સુધી સીલ રહેશે ત્યાં સુધી બાટલીનું ગંગાજળ ગંગાથી જુદું રહેશે. સીલ તૂટી જશે પછી પાણી એક થઈ જશે. એવી રીતે આ જીવાત્મા - એટલે કે અહંકારવેષ્ટિત (વીંટળાયેલો) આત્મા - એ પરમાત્મામાં વિલીન નહીં થાય. પરંતુ જો તે અહંકારથી વીંટળાયેલો નહીં હોય તો જેમ સીલબદ્ધ બાટલીનું સીલ તૂટતાં જ પાણી પાણીમાં ભળી જશે, એમ મનુષ્યના જીવાત્માને મુક્તિનો અનુભવ થશે. આપણી આત્મા એ સીલ કરેલી બાટલીના ગંગાજળ સમાન છે. પરમાત્મા ગંગાનદી જેવો છે. બંનેમાં રહેલી પાપનિવારક શક્તિ એકસમાન છે. તાપનિવારક શક્તિમાં ચોક્કસ અંતર છે.

પ્રશ્ન કરવામાં આવ્યો છે કે જો નિદ્રામાં દરરોજ આત્મા પરમાત્મામાં લીન થઈ જાય છે, તો એ પાછો કેવી રીતે આવે છે ? આના માટે શંકરાચાર્ય કહે છે - ગંગાજળથી ભરેલ સીલબદ્ધ કળશને ગંગામાં નાંખી દીધો અને તેને ફરીથી બહાર કાઢી લીધો, તો એ કળશ જેવો હતો તેવો ને તેવો બહાર આવ્યો. આત્મા ઉપર અહંકારની સીલ લાગી છે, એ સીલ તૂટી ગયા પછી આત્મા પરમાત્મા સાથે એકરૂપ થઈ જશે.
(ક્રમશઃ)

---

**અમારો જ નહીં.....** (પાન ૧૦નું ચાલુ)

પરિવાર છે. આ પ્રેમ-ભાવનાની બાબતમાં પણ નાનુ અમારા સહુમાં આગળ હતો. એ બાબતમાં એની ખોટ પૂરવી સહેલી નથી.

મંડળો ને સંસ્થાઓ ટકે છે, તે બંધારણથી નથી ટકતાં કે ઊભી થયેલી માલમિલકત અથવા નોંધાયેલા સભ્યોથી પણ નથી ટકતાં. એ ટકે છે સમર્પિત કાર્યકરોથી. જે ધ્યેય કે મિશન લઈને સંસ્થા-ઊભી થઈ હોય, તે મિશન જેમના જીવનમાં ઓતપ્રોત થઈ ગયું હોય એવા બે-ચાર, દસ-વીસ સમર્પિત કાયર્કરો ન હોય તો તે સંસ્થા જીવંત રહી શકતી નથી. એ કાર્યકરોનાં જીવન જ સંસ્થાની ઢબ-છબ, સ્વરૂપ, રીતિનીતિ, ઈમેજ વગેરેને ઘડે છે. નાનુ અમારા ગુજરાત સર્વોદય મંડળના આવા જીવંત કોષોમાંનો એક હતો. નિર્જીવ કોષોની જગ્યા લેવા નવનવા કોષો જન્માવતા રહેવું, એ જીવંત શરીરનું લક્ષણ છે. મંડળ એ કરી શકશે ?

('સેવાનો શહીદ : નાનુ મજમુદાર' પુસ્તકમાંથી સાભાર) **- કાન્તિ શાહ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# શિક્ષણના બે પાયા

**આ**પણી શાળાઓમાં આજેય વિષયશિક્ષણની બોલબાલા છે. આ વિદ્યાર્થી હોંશિયાર કે ઠોઠ છે એમ કોઈ કહે તેનો અર્થ આપણે એવો જ કરતા હોઈએ છીએ કે ઇતિહાસ-ભૂગોળમાં હોશિયાર અથવા ઠોઠ છે. આપણે જો તે વખતે પહેલું સમજીએ કે વિદ્યાર્થી પોતે ઠોઠ કે હોશિયાર નથી, પણ ફક્ત ઇતિહાસ કે ભૂગોળમાં જ તે હોશિયાર કે ઠોઠ છે, તો આપણું એ બાળક વિશેનું માપ સત્યથી વધારે નજીક આવે.

મારી સાથે અમરશી કરીને એક છોકરો ભણતો હતો. વર્ગમાં કાંઈ આવડે નહિ. તેને અમે સૌ ઠોઠડો કહેતા. તે વખતે એવો રિવાજ હતો કે કોઈ વિદ્યાર્થીને શિક્ષક પ્રશ્ન પૂછે, તેને ન આવડે ને તે પછી જેને આવડે તે પહેલા વિદ્યાર્થીને ધોલ મારીને આગળ જાય. આ ભૂંડા રિવાજ પ્રમાણે મેં પણ અમરશીને ધોલો મારી હતી. તે પણ પોતાને સાચે જ ઠોઠ માનીને ધોલો સહી લેતો. ખેડૂતનો છોકરો ને પાછો ભણવામાં ઠોઠ એટલે પાંચમા ધોરણથી જ ઊઠી ગયેલો.

ઘણાં વર્ષો પછી હું ફરી મારે ગામ ગયેલો. ગામને મન તો એ ગાળામાં હું ઘણો આગળ વધી ગયેલો. એ સાંજે અમરશી મારી પાસે આવીને કહે : ''મારે ત્યાં જમવા આવશો ?''

સાંજે જમવા ગયો. વાળુ કરતાં કરતાં તેણે કહ્યું : ''ભગવાનની મારા પર મહેર છે, ભાઈએ ભાગ પાડ્યા ત્યારે મારે ભાગે વીસ વીઘા જમીન ને એક બળદ આવેલ. પહેલાં તો ગાડું ચલાવતાં મુશ્કેલી પડી; પણ ધીમે ધીમે મહેનત અને કરકસર કરી નવી જમીન લીધી; કૂવો બંધાવ્યો, ઘર પણ બે સાલ પહેલાં જ ચણાવ્યું. આજ મારી પાસે પચાસ વીઘા જમીન છે. બે જોડી બળદ છે.'' બહુ જ સ્વાભાવિકતાથી કશીય બડાશ વિના એક નરવા આત્મસંતોષથી અમરશી આ વાત કરતો હતો ને મારા અંતરમાં ચણચણાટી થતી હતી. ''આ અમરશીને અમે ઠોઠ કહેતા હતા ? નાઈલ નદીના મુખ પર કયું શહેર આવ્યું કે દરિયાઈ પવનો ક્યાંથી છૂટે ને ક્યારે છૂટે એ નહિ જાણવાથી તેનો ઘરસંસાર કઈ જગ્યાએ અટકી પડ્યો ? ને ધારો કે મને જ એક બળદ અને વીસ વીઘા જમીન આપ્યાં હોત તો હું તેમાંથી મારું ગુજરાન કાઢી આવી વાડી, ઘર વગેરે બાંધી શકત ખરો ? હું તો ભૂખે મરી ગયો હોત. દુ:ખી દુ:ખી તો જરૂર થાત. કોની પ્રાણશક્તિ ચડિયાતી ? મારી કે અમરશી જેવાની ? તો પછી હોશિયાર અને ઠોઠનો આપણો ગજ કઈ રીતે યોગ્ય ગણાય? કહે છે કે ઇંગ્લેન્ડમાં સાંજના ભોજનસમારંભમાં કોઈ કાળાં કોટપાટલૂન પહેરીને ન જાય તો બહુ અસંસ્કારી કહેવાય ને જોનારનાં નાકનાં ટેરવાં ચડી જાય. સંસ્કારિતાનો તેમનો ગજ કાળાં કોટપાટલૂન પર રચાયેલો છે. પણ વસ્તુતઃ સંસ્કારિતા, માણસાઈ કે પ્રાણશક્તિને કાળાં કોટપાટલૂન સાથે કશો સંબંધ નથી.

જીવનના નિભાવ, વૃદ્ધિ ને સત્ત્વસંશુદ્ધિ માટે કઈ કઈ વસ્તુઓની વધારે જરૂર છે તેની આપણને સાફ સમજણ નથી. આથી આપણે ઘણી વાર નાનાને મોટું અને મોટાને નાનું રૂપ આપીએ છીએ. વિદ્યાર્થી ગણિતમાં નાપાસ થાય તેથી તે જીવતરમાં નાપાસ થયો નથી તે વાત આપણે ક્યારે સમજીશું ?

વસ્તુતઃ વિષયો તો સાધન છે, પણ સાધનનું મહત્ત્વ વાપરનાર પર આધારિત છે. દૂરબીન ઘણું સારું સાધન છે, પણ જેને આંખ જ ન હોય કે આંખે ઝામર હોય, ફૂલું હોય તેને ગમે તેવું કીમતી દૂરબીન ભેટ આપીએ તેથી શો ફાયદો થાય ? તેના પ્રત્યેનો આપણો પ્રેમ તો તેને ઝામર પહેલાં ઊતરાવીને જ બતાવી શકીએ.

પણ જ્યાં સુધી આપણે આંખને બદલે દૂરબીનને જ અગત્યનું ગણ્યા કરીએ ત્યાં સુધી આપણને સાચો રસ્તો કેમ સૂઝે ? સાધનની નિંદા નથી કરતો, પણ વાપરનાર કરતાં તે ગૌણ છે, તેટલું જ હું કહેવા માગું છું. વિષયશિક્ષણે આજે વિદ્યાર્થીને હડસેલી દીધો છે. એટલું જ નહિ, વિદ્યાર્થી, તેનાં માબાપ, શિક્ષણનું જગત - સૌ પર તેણે સવારી કરી છે. "Things are in the saddle-" વસ્તુ સવાર થઈ છે. માણસ નહિ.

સહેજે તમને થશે કે, તો મહત્ત્વનું શું છે ? હું માનું છું કે વિદ્યાર્થીનું આરોગ્ય મહત્ત્વનું છે, વિદ્યાર્થીનો આત્મવિશ્વાસ મહત્ત્વનો છે. વિદ્યાર્થીનો આત્મસંતોષ મહત્ત્વનો છે. આરોગ્ય, આત્મવિશ્વાસ ને આત્મતૃપ્તિ માટેનાં આ બધાં સાધનો છે. જે પ્રજાએ આને ગૌણ ગણી છગડિયા કૌંસ કે ભાગ્યાગુણ્યાને મહત્ત્વ આપ્યું તે પ્રજા શારીરિક અને માનસિક બદહજમીનો ભોગ થયા વિના રહેતી નથી; ને આપણી કેળવણીનું પરિણામ આ સિવાય શું છે ? કોઈ કોઈ વાર તો થાય છે કે જે કેળવણીનો ઝપાટાભેર આપણે ફેલાવો કરી રહ્યા છીએ તે ખરેખર રાષ્ટ્રના લાભમાં છે ? પહેલાં કઈ કેળવણી ફેલાવવા જેવી છે તે જરાક શાંતિથી સમજો ને પછી ફેલાવો કરો તે ઈષ્ટ નથી ?

તમે વિદ્યાર્થીઓની સંખ્યા વધારો કે ન વધારો પણ જે વિદ્યાર્થીઓમાં આત્મસંતોષ અને આત્મતૃપ્તિ નથી તે વહેલો કે મોડો આક્રમક થાય છે. જેને અંદરથી સુખ કે સંતોષ નથી, તે જો નિર્બળ હોય તો બળીજળીને બેસી રહે છે, નિંદા કરે છે; પણ બળવાન હોય તો બીજાને બાળેજાળે છે. દુનિયાભરનાં આક્રમણો અંતઃતૃપ્તિ વિનાનાં દેખાયાં છે. એટલે આત્મવિશ્વાસની જોડે જ આત્મતૃપ્તિની યોજના થવી જોઈએ.

આ આત્મવિશ્વાસ કેમ વધે ? જીવનનું પ્રાણબળ કેમ વિકસે?

એની બે જ ચાવી છે : બાળકને અપમાન અને નિરાશા ન મળવાં જોઈએ. આપણે બાળકોને ચાહી શકીએ તો સારું પણ ન ચાહી શકીએ તો પણ તેને અપમાનિત ન કરીએ. ''તું શું સમજે ? કુંભાર કરતાં ગધેડાં ડાહ્યાં'' - આવાં વાક્યો બાળકોના હૃદય પર જે અસર મૂકી જાય છે તે ડામ જેવી છે. ડામ કદી ભૂંસાતા નથી.

જ્યારે જ્યારે બાળકને અપમાનિત કરીએ છીએ કે નિરાશાનો અનુભવ કરાવીએ છીએ, ત્યારે તેના આત્મવિશ્વાસની એક એક ઈંટ ખેરવીએ છીએ. જીવનનો પાયો આત્મવિશ્વાસ છે. તે વિનાનો માણસ કે તે વિનાની પ્રજા હવા વિનાના ફૂટબોલ જેવાં છે.

બાળકો જે વાત કરે છે તે બધી આપણી કક્ષાએ સાચી કે ઉત્તમ જ હોય તેવું નથી; બાળકો જે ચિત્રો દોરી આવે, રમકડાં બનાવે તે



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કોઈ સરસ ચિત્ર કે શિલ્પ નથી હોતાં; પણ તેની કક્ષાએ તો તે સરસ જ હોય છે. સરસ એટલે રસપૂર્ણ હોય છે. એણે જે લીટી તાણી આકૃતિ કરી હોય છે તેમાં તેને જે આનંદ આવ્યો હોય છે, તે રવિભાઈ રાવળને ઉત્તમ ચિત્ર ચીતરતાં આવે તેટલો જ હોય છે. આપણે જ્યારે તેને નિંદીએ છીએ ત્યારે તે છોભીલો પડી જાય. ફરી તે પ્રવૃત્તિ હાથમાં લેતાં સંકોચ પામે કે ડરે, ને આવા બેચાર કિસ્સા પછી તે તેનો આત્મવિશ્વાસ ખોઈ બેસે.

કવિતામાં ભલે સારું લાગે કે નાના નાના સો વિજયો કરતાં એક મહાન પરાજય ગૌરવવંતો છે, પણ શિક્ષણમાં એક મહાન પરાજય કરતાં સો નાના વિજયો જ મહત્ત્વના છે.

બાળકો ભલે મલોખાંના ઘોડા બનાવતાં હોય; નથી તે ઘોડા, કે નથી તે ટકવાના, પણ તેમને તે બનાવવા દો. કારણ કે એ નાનાં નાનાં કામો દ્વારા તેમની આત્મશ્રદ્ધાનો બંધ બંધાશે જે પછીથી મોટા પૂરમાં નહિ તૂટે. નાનાં નાનાં કામો દ્વારા આત્મવિશ્વાસ કેળવાય છે. ચોપડીઓ દ્વારા નહિ. એટલે નઈ તાલીમને આપણે પાયાની તાલીમ કહી છે. પાયાની તાલીમ એટલે આત્મવિશ્વાસના પાયાની તાલીમ.

રેંટિયો ભલે નાનો હોય, ભલે તેમાંથી થોડું સૂતર નીકળતું હોય પણ બાળક તેને ઊંચકી શકશે, હેરવીફેરવી શકશે, તેને ખોલીને ચાલુ કરી શકશે, સૂતર કાઢશે, વીંટશે. આ બધી ક્રિયાઓમાંથી કાપડ થાય છે. તે સાદી વસ્તુ છે. પણ તે કરતાંયે તે આત્મવિશ્વાસ વધારે છે તે વધારે સારી વસ્તુ છે, તે માટે જ આપણને તેની કિંમત છે. કાપડ તો મોટા મશીનથી પણ થઈ શકે છે, પણ મશીન બાળકની ગતિએ નહિ ચાલે, બાળકને ફેંકી વળોટી તે ચાલ્યું જશે, માલ તેમાંથી પેદા થાય પણ તે બાળક માટે હતોત્સાહનું સાધન બને છે.

એટલે તમે મૂડીવાદી હો કે સમાજવાદી હો, ગાંધીવાદી હો કે સામ્યવાદી, ગ્રામોદ્યોગવાદી હો કે યંત્રવાદી - બાળકનો આત્મવિશ્વાસ વધારવા માટે તેના હાથમાં તે કાબૂ રાખી શકે તેવું જ સાધન ને પ્રવૃત્તિ આપવાનાં રહેશે. રેંટિયા કરતાં સારું સાધન મળવું મુશ્કેલ છે, પણ તે છતાંયે માનો કે તમારી શાળામાં રેંટિયો નથી તો તેને શેરીમાં, ઘરમાં કે ખેતરમાં પ્રવૃત્તિ કરવા દેજો, ઉત્તેજન આપજો, ઇતિહાસ કે ભૂગોળના પાઠમાં આવા કારણે મોડો પડતો હોય તો તેનું અપમાન ન કરતા. તમે પ્રવૃત્તિ વિનાની નિશાળમાં જે શિક્ષણ આપશો તેના કરતાં નિશાળ બહારની આવી પ્રવૃત્તિ વધારે શૈક્ષણિક થશે.

હવે આત્મતૃપ્તિનું શું ? માણસ જ્યારે મનગમતી પ્રવૃત્તિમાં રોકાયેલો હોય છે, ત્યારે અંદરથી આનંદના ઘૂંટડા આવે છે. તેની તોલે રાજાનાં રાજપાટ પણ કોડીનાં લાગે. જેને આત્મતૃપ્તિ નથી તે બીજા-ત્રીજા પાછળ ભટકે છે. સર્જનનો સંતોષ નથી હોતો. તે સત્તા દ્વારા રોફ બજાવીને સંતોષ મેળવવા મથે છે. દુનિયાની અથડામણનું મૂળ એ છે કે ચોરસ કાણામાં ગોળ ખૂંટીઓ ભરાવાય છે. આથી કાણાનેય કષ્ટ છે ને ખૂંટીનેય કષ્ટ. પણ જેને મનગમતી પ્રવૃત્તિ મળે છે તેને બાર બાદશાહી મળ્યાનું સુખ મળે છે.

મોટા માણસોને સમાજ આવું પૂરું પાડે ત્યારે ખરો, પણ શાળામાં બાળકોને આવી મનગમતી પ્રવૃત્તિ પૂરી પાડવાનું શા સારુ ન કરી શકીએ? આખરે બાળકોને જોઈતું શું હોય છે ? નાનાં બાળકોને થોડી માટી આપો - અરે, કૂબા કરવા રેતી આપો, ને થોડા કાગળ આપો, નાનો એવો ફૂલબાગ આપો, ને થોડો થોડો ઉત્સાહ આપો. બસ તેને બાર બાદશાહી મળી જશે, તેને સ્વૈચ્છિક પ્રવૃત્તિ આપવા મથો.

આવી આત્મતૃપ્તિ મેળવતું બાળક કોઈના પર રોફ બજાવવા નહિ જાય. આક્રમણનું એક મૂળિયું કાપવાનું ધર્મકાર્ય આમ અનાયાસે તમારા હાથે થશે, તમે પણ તમારા સ્થાને ઊભા રહી વિશ્વશાંતિમાં ફાળો આપી શકશો. પણ એ ત્યારે જ બની શકશે જ્યારે વિષયશિક્ષણનું જે વધારે પડતું સ્થાન તમારા મગજમાં છે તે ઓછું થાય ને સહેતુક બાલોચિત પ્રવૃત્તિનું મહત્ત્વ તમે સમજો. આજ તો આપણે કેરીના રસ વધારવાને બદલે ગોટલો વધારવાનું પરાક્રમ કરી રહ્યા હોઈએ તેવું લાગે છે.

('વિશ્વશાંતિની ગુરુકિલ્લી' પુસ્તકમાંથી સાભાર) **– મનુભાઈ પંચોળી**

---

## પીવાના પાણીની ખેંચ.... (પાન ૧૯નું ચાલુ)

નથી. ભૂગર્ભટાંકો બધી બાજુથી બંધ-પેક રહેતો હોવાથી તેમાં બેક્ટેરિયા, જીવાત તો શું, શેવાળ સુધ્ધાં થતાં નથી. વળી આ પાણી શુદ્ધ હોવા ઉપરાંત બરફ જેવું ઠંડું અને બધી જ જાતની રસોઈ-દાળ સુધ્ધાં ચઢવામાં ભારે અનુકૂળ રહેતું હોય છે. દર ચોમાસે અંદર કળીચૂનો ભરેલી પોટલી મૂકી દેવાથી પાણી બગડવાનો થોડો-ઘણો રહેતો આપણો ભય પણ સાવ નાબૂદ થઈ શકે છે.

**અંતે :**

માનો કે બધા લોકોની ટાંકો બનાવવાની ક્ષમતા નથી. પણ ૨૫-૩૦ % તો એવા નીકળવાના જ કે તેઓ ધારે તો આવો ખર્ચ કરી શકે અને આટલા લોકો પણ આવું કરે તો ૨૫-૩૦ કરોડ લોકોના પીવાના પાણીનો પ્રશ્ન આ પદ્ધતિથી હલ થઈ શકે. અને જો આમ થાય તો એ કોઈ નાનું કામ થયું ન ગણાય મિત્રો ! સરકારના પાણીપ્રશ્ને ખરચાતા કરોડો રૂપિયા બચે, અને તે અન્ય વિકાસકાર્યોમાં વાપરી શકે. અને મોટું કામ તો એ થાય કે આટલા બધા લોકોની મીઠા પાણીની તરસ છીપે !

હવે તો એક જ નીમ લઈએ કે નવું મકાન બનાવવાનું આયોજન કરી રહ્યા હોઈએ ત્યારે પ્લાન બનાવતી વખતે જ જેમ વરંડો, ડાઈનીંગ હોલ, બેડરૂમ, કીચન, સંડાસ-બાથરૂમ વગેરેનું આયોજન પહેલેથી જ કરીએ છીએ તેમ વરસાદી પાણીને ઝીલી, સંગ્રહી, મીઠું પાણી પીને સાજા-તાજા રહેવા માટે મકાનનો પાયો ગાળતી વખતે મુહૂર્તમાં જ ભૂગર્ભ ટાંકા માટે જરૂરી ખાડો ગાળી લઈ, પછી જ બીજાં કામો શરૂ કરીએ- ખરું ને !

પંચવટીબાગ, માલપરા, જિ.બોટાદ **– હીરજી ભીંગરાડિયા**
મો.: ૯૩૨૭૫૭૨૨૯૭



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ભારતનો રાષ્ટ્રીય રોગ અહિંસા નહિ, અસામાજિકતા છે

**કોઈ** પણ રાષ્ટ્રની પ્રગતિનો આધાર એનો નાગરિક હોય છે. નાગરિક મળીને સમાજ બને છે. એ સમાજ જે મૂલ્યો અને માન્યતાઓ ધરાવતો હોય એ મુજબ રાષ્ટ્ર પ્રગતિ કરે છે. આ લક્ષ્ય સિદ્ધ કરવું હોય તો રાષ્ટ્રના નાગરિકો સમાજહિત માટે જાગ્રત અને પ્રયત્નશીલ હોવા જોઈએ. કોઈ પણ સમાજ એક દિવસમાં બનતો નથી કે તૂટતો નથી. વળી સમાજને એકત્ર, ધ્યેયનિષ્ઠ અને મજબૂત બનાવવા માટે જાગ્રત ઉદ્યમ કરવો પડે છે. એમાં સૌથી મોટો ફાળો એના વિચારકો અને શિક્ષકો આપતા હોય છે. જો એની જાગ્રતિ ન રહે તો આખો સમાજ અસામાજિકતાના વિષચક્રમાં ફસાઈ જાય છે. ક્ષીણ થાય છે.

કેટલાક વિચારકો એવું દર્શાવે છે કે ભારતીય સમાજની પ્રગતિ નથી થઈ, મજબૂત નથી થયો એનું કારણ બુદ્ધ અને મહાવીરની અહિંસા વિચારણા છે. એથી ભારતીય સમાજ નિર્વીર્ય બન્યો. ગાંધીજીની અહિંસા સ્થાપનાથી ભારતીય સમાજ ભીરુ બની ગયો. આ વિચારણામાં કેટલાંક ગૃહિતોનું અતિ સરળીકરણ થયું છે. શાંત ચિત્તે વિચારવા જેવું છે કે ભારતીય સમાજના પતનનું કારણ અહિંસાની વિચારણા છે કે અસામાજિકતા છે ?

બુદ્ધ અને મહાવીરનો સમય અઢી હજાર વર્ષ પહેલાંનો છે. તેમના ઉપદેશ પછી પણ રાજાઓનાં યુદ્ધો અટકી ગયાં ન હતાં. વળી એ રાજાઓ પરસ્પર કોને માટે લડતા હતા ? પોતાના રાજ્યવિસ્તાર અને ધનવૈભવ માટે લડતા હતા. પ્રજાનો વિચાર કેન્દ્રમાં નહોતો. તેવું જ લગભગ બારસો વર્ષથી મુસ્લિમ આક્રમણો થયાં તેની સામે અહિંસાને કારણે નથી હાર્યા. વેરવિખેર, પોતાના નાના રાજ્યનો જ વિચાર કરવામાં અને દુશ્મનો સામે એક થવાના અભાવના કારણે ટકી શક્યા નથી.

જો ભારતીય સમાજની નબળાઈઓનાં લેખાંજોખાં કરશું તો જણાશે કે આપણી ખરી નબળાઈ અસામાજિકતા છે. અસામાજિકતાની ઊધઈએ ભારતીય સમાજને પોલો અને દંભી કરી નાખ્યો હતો. અસામાજિકતા એટલે વ્યક્તિગત હિતને જ પ્રાધાન્ય આપવું, આખા સમાજના હિતનો વિચાર ન કરવો. ભારતીય સમાજને તોડનારો રોગ જન્મગત વર્ણાશ્રમ છે. ઋગ્વેદમાં કર્મ પ્રમાણે વર્ણાશ્રમ છે. એક વર્ણમાંથી બીજા વર્ણમાં જઈ શકાતું હતું. ગીતામાં પણ ગુણકર્મ પ્રમાણે વર્ણોનું અનુમોદન છે. લગભગ ૨૫૦૦ વર્ષથી વર્ણાશ્રમ (ચાર વર્ણો) જન્મગત બન્યો. આ કેવી રીતે બન્યું. કોણે તેમાં ભાગ ભજવ્યો તે તપાસનો વિષય છે. પરંતુ એથી જે મોટો શ્રમિક વર્ગ (દલિત, આદિવાસી, ખેડૂત, શ્રમિકો વગેરે) હતો તેને આપણે ભયાનક અન્યાય કર્યો.

ભારત સ્વતંત્ર બન્યો, પોતાનું બંધારણ રચાયું, બંધારણ પ્રમાણે સૌ સમાન ગણાયા છતાં ભારતીય સમાજ જન્મગત વર્ણાશ્રમના ભાવ અને માન્યતામાંથી મુક્ત થયો નથી. એક બાજુ આદિવાસી, દલિત, શ્રમિકોમાંથી હજારો લોકો શિક્ષક તરીકે જ્ઞાન વિતરણનું કાર્ય કરી રહ્યા છે, અનેક બ્રાહ્મણો અને ક્ષત્રિયો રીક્ષા કે બસ ચલાવી રહ્યા છે, સરહદ ઉપર સૈનિકો તરીકે તમામ વર્ણના લોકો લડે છે. અને છતાં વર્ણો અંગે અઢી હજાર વર્ષ જૂના ખ્યાલોને લોકો છોડી શકતા નથી. આપણી બેડી આ છે.

કર્મોનું સ્વરૂપ સદંતર બદલાયું છે. જેની ક્ષમતા હોય તે મુજબ કાર્ય કરે છે. અને વર્ણાશ્રમ અંગેના પુરાણા ખ્યાલો અને માન્યતા પણ દૃઢ છે. આ વિરોધાભાસ આપણી નબળાઈ છે. એટલે શ્રમિકોના કામને ગૌરવ મળતું નથી. એની પૂરતી કાળજી લેવાતી નથી. જેમ કે ભારતમાં મુસ્લિમ શાસકોના દબાણને કારણે ધર્માન્તરણ થયું છે, પરંતુ ખૂબ મોટા વર્ગે તો પોતાના સ્થાનિક સમાજમાં કશું સ્થાન ન હતું, કશી કિંમત ન હતી, હલકા ગણતા હતા માટે પણ ધર્માન્તરણ કર્યું છે. એવું જ ખ્રિસ્તી ધર્મના સ્વીકારમાં બન્યું છે. એટલે સ્વામી વિવેકાનંદે પીડા સાથે કહેલું કે, 'હિંદુ ધર્મમાંથી બહાર જવાનું બારણું છે, પણ હિંદુધર્મમાં પાછા ફરવાનું બારણું નથી.'

બુદ્ધ-મહાવીરની અહિંસા વિચારણા પછીય આ દેશમાં રાજાઓ વચ્ચે યુદ્ધો થયાં છે. વળી આપણા વિચારક વર્ગનું મોં રાજાશાહી તરફ જ કેમ રહ્યું ? એવો પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે પ્રજાના ઉપલા વર્ગને રાજાશાહીને બદલે પ્રજાશાહી (લોકશાહી) રાજ્યરચનાનો વિચાર કેમ ન આવ્યો ? સમાનતા-સ્વતંત્રતા-બંધુતાનો મંત્ર કેમ ન સૂઝ્યો ? કારણ કે જન્મગત વર્ણાશ્રમના વિચારે આ દેશમાં માનસ બંધિયાર બનાવ્યું. સ્વરાજ મળ્યું છે પણ રેનેસાં (પુનર્જાગરણ) નથી થયું.

જો રેનેસાં થાય તો આપણે વિચારી શકત કે મુસ્લિમ આક્રમકો લાખ-બે લાખ હતા અને ભારતની વસ્તી ૧૦-૧૨ કરોડની હતી, છતાં હાર્યા. રાજાઓને અને પ્રજાએ એકઠાં થઈને વિધર્મીઓ કે વિદેશીઓનો સામનો કેમ ન કર્યો ? એવી ગણતરી મુકાઈ છે કે આ દેશમાં અંગ્રજો એકસાથે બે-ત્રણ લાખથી વધારે ન હતા. અને ત્યારે દેશની વસ્તી ૩૦ કરોડ હતી. આટલી મોટી પ્રજા ઉપર અંગ્રેજો રાજ્ય કેવી રીતે કરી શક્યા? પ્રારંભથી તે અંગ્રેજોએ વિદાય લીધી ત્યાં સુધી આ દેશમાં રાજાઓ હતા. તેમણે ભારતનો વિચાર એક અખંડ દેશ તરીકે કેમ ન કર્યો ?

આ દેશમાં અંગ્રેજો વ્યાપાર કરવા આવ્યા હતા. વ્યાપાર સારી રીતે ચાલે માટે રાજકર્તા બન્યા. આપણને ન ગમે છતાં એ હકીકત છે કે અંગ્રેજોને સ્થિર થવામાં, રાજ્યવ્યાપમાં ભારતીય રાજાઓએ લોભવશ કે ઈર્ષાવશ મદદ કરી હતી. એ રાજાઓને એવો વિચાર કેમ ન આવ્યો કે અંગ્રેજો અહીં કબજો જમાવશે તો આપણે સૌ ગુલામ બનશું ? ત્યારેય અસાધારણ પરાક્રમી રાજાઓ હતા જ. ખોટ પરાક્રમની નહોતી, સામાજિકતાની હતી. સ્વહિતમાં ગળાડૂબ પ્રજા કે તેના આગેવાનો સર્વના હિત માટે મરણિયા બનીને સામનો ન કરી શકે.

સ્વાતંત્ર્ય માટે અહિંસાનો રાષ્ટ્રવ્યાપી પ્રયોગ આ દેશમાં (અને વિશ્વમાં પણ) ગાંધીજીની પ્રેરણાથી પ્રથમ વાર થયો. અહિંસાવિચારથી આપણે નબળા પડ્યા એવું નથી. અહિંસક વ્યક્તિમાં તો હિંસક વ્યક્તિ કરતાં અનેકગણાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

આત્મબળ, ધૈર્ય, સહનશક્તિ, ઉદારતા અને પરાક્રમશીલતા હોય છે. ભારતમાં સ્વાતંત્ર્ય માટે અહિંસાનો પ્રયોગ જરૂર થયો. પણ એ અધૂરો પ્રયોગ હતો. અનેક નેતાઓએ અહિંસાવિચારને માત્ર સ્વાતંત્ર્ય મેળવવાની વ્યૂહરચના તરીકે સ્વીકાર્યો હતો. એટલે પરિણામ પણ અધૂરું આવ્યું.

વિચારવા જેવું છે કે આજે ગાંધીજી હયાત નથી; દેશ ૭૫ વર્ષથી સ્વતંત્ર છે. છતાં ભારતમાં લગભગ તમામ ક્ષેત્રોમાં હિંસા ફેલાયેલી છે. લડવા માટેનાં શસ્ત્રો અનેકગણાં વધ્યાં છે. તો પછી ભારતીય સમાજમાં અનેક ભેદો કેમ છે ? શાં કારણો છે ? ઊંચી જાતિ અને નીચી જાતિ, કોઈ ધર્મને ચડિયાતો, તો કોઈ ધર્મને ઊતરતો મનાય, શ્રીમંત અને અત્યંત કંગાલ, પૂરતું ભણવાની તક પામેલો વર્ગ અને માંડ થોડું ભણવા પામેલો વર્ગ, શહેરોમાં સઘળી સુવિધા અને ગામડાંમાં નહિવત્ સુવિધા, રોજગારી કે કામગીરીની શહેરોમાં વધુ ઉપલબ્ધતા અને ગામડાંઓમાં મર્યાદિત ઉપલબ્ધતા, આરોગ્ય સેવા શહેરોમાં પૂરતી, ગામડામાં નહિવત્. આ ભેદો આપણને ખટકતા નથી. એમાંથી અસામાજિકતાના પ્રશ્નો ઊભા થયા છે. કેન્સરની જેમ એ સમાજને ક્ષીણ બનાવી રહ્યા છે.

કેમ આપણો ભણેલો અને સંપન્ન વર્ગ પણ પર્યાવરણની પળેપળની જાગૃતિ દાખવતો નથી ? પર્યાવરણને (જળ, જમીન, વન, આબોહવા, ઉત્પાદન પદ્ધતિ - બધામાં) આઘાત પહોંચાડીને કમાણી કરવાનું કેમ શક્ય બને છે ? સરહદને સાચવવાનું તો ૧૦-૧૫ લાખ સૈનિકો કરતા હોય છે, પણ રોજબરોજના નાનાનાના વ્યવહારોમાં દેશને સાચવવાનું કામ તો ૧૪૦ કરોડ પ્રજાજનોએ કરવાનું હોય છે. એ નથી થતું એમાં સ્વાર્થ, કાયદાની ઉપેક્ષા, સંકુચિત માન્યતાઓ, સ્વાર્થ અને દૃષ્ટિહિનતામાંથી જન્મેલી અસામાજિકતા કારણભૂત છે.

એક દૃષ્ટાંત પૂરતું થશે. મનુભાઈ પંચોળીએ કહ્યું છે કે અંગ્રેજ હાકેમોને દરિયાઈ માર્ગે લંડનથી મુંબઈ પહોંચતાં પ્રારંભે છ માસ લાગતા, પછી એક માસ લાગતો. પરંતુ વાયસરોયથી લઈને નાનામાં નાના અધિકારીએ અંગ્રેજ રાજ્ય સામે બળવો નહોતો પોકાર્યો, પોતાને સ્વતંત્ર સૂબો જાહેર નહોતો કર્યો. દોઢસો વર્ષમાં આવો એક કિસ્સો નથી નોંધાયો. અને જે અંગ્રેજોએ ખિસ્સાં ભર્યાં તેમણે ઇંગ્લેંડની પાર્લામેન્ટમાં જવાબ આપવાનો થયો હતો. એની સામે ભારતીય રાજાઓ કે બાદશાહોના પુત્રો, ભાયાતો, સેનાપતિઓ કે અમલદારોએ રાજધાનીથી ૨૫-૫૦ કિ.મી. દૂર જઈને પોતાને સ્વતંત્ર સૂબા તરીકે જાહેર કર્યા છે. તો તેમની વફાદારી કોને માટે ગણાય? સ્પષ્ટ છે કે તેમની વફાદારી સ્વહિત માટે હતી, સ્વસુખ માટે હતી, સ્વસત્તા માટે હતી. અનેક રજપૂત રાજાઓ હાર્યા કારણ કે નજીકના કે વફાદાર માણસોએ ધનલોભ કે ઈર્ષાથી કિલ્લાનાં બારણાં ખોલી આપ્યાં હતાં. રાજાઓની કે સેનાપતિઓની પરાક્રમશીલતા કાંઈ ઓછી ન હતી. શસ્ત્રો અને યુદ્ધવિદ્યા પણ ઘણાં હતાં. મર્યાદા વિચારણા કે દર્શનની હતી

આજે પણ ભારત જોઈએ તેટલી ગતિથી વિકાસ નથી કરી રહ્યો તેનું કારણ અસામાજિકતા છે. ભારતમાં જે મોટા પ્રમાણમાં કર્તવ્ય ધર્મની ઉપેક્ષા, કાર્ય પ્રત્યેની બિનજવાબદારી, ભ્રષ્ટાચારનો વ્યાપક સ્વીકાર, વચન-પાલનમાં બેદરકારી, નિયમભંગને પરાક્રમ ગણવું, ઉપલા વર્ગોની ગેરરીતિઓને મળતી ક્ષમા, પાછળ રહેલાના વ્યક્તિત્વનો અસ્વીકાર, 'નાનામાં નાનું કાર્ય હું રાષ્ટ્ર માટે કરું છું' એવા સમર્પણભાવનો અભાવ આ સઘળાં અસામાજિકતાનાં પરિણામો છે.

આનો ઉપાય હિંસાના સ્વીકારમાં નથી. પરંતુ દરેક પ્રજાજનના સમાજધર્મના સ્વીકારમાં અને પાલનમાં છે. સમાજધર્મ એટલે હું મારા સમાજને (એટલે કે રાષ્ટ્રને) આઘાત નહિ પહોંચાડું, એ નબળો પડે એવું કશું નહિ કરું, એ સબળ અને એકતાપૂર્ણ બને એમાં પૂરો સહયોગ આપીશ અને રાષ્ટ્ર પરની આપત્તિને મારા પરની આપત્તિ ગણીશ. આજે ભારતીય સમાજમાં આ ભાવ, આ મૂલ્ય, આ વિચારનો સ્વીકાર કેટલો છે ? અદ્યતનમાં અદ્યતન ટેંક, ફાઈટર જેટ કે સબમરીન રાષ્ટ્રને બચાવી શકતાં નથી, નાગરિકોની કર્તવ્યભાવના રાષ્ટ્રને સલામત રાખે છે, વિકસાવે છે. રાષ્ટ્ર પાસે અદ્યતન શસ્ત્રો હોવાં પૂરતાં નથી, પ્રજામાં સમાજધર્મ અને રાષ્ટ્રધર્મનો અંતરથી સ્વીકાર હોવો જરૂરી છે.

સમગ્ર પ્રજા જવાબદાર, નિષ્ઠાવાન અને જાગ્રત બને એ માટે પ્રજાકીય કેળવણી જરૂરી બનશે. જે કામ ગાંધીજીએ શરૂ કર્યું હતું એ માટે શિક્ષણસંસ્થા અને પરિવારમાંથી આ મૂલ્યોનું બીજારોપણ જરૂરી બનશે. એ દૃષ્ટિએ આ બંને સંસ્થાઓ ઘણી નબળી પડી છે. એટલે આપણા પ્રશ્નો તીવ્ર બન્યા છે. માટે શિક્ષણ અને પરિવારને સબળ, સશક્ત અને દૃષ્ટિપૂર્ણ બનાવવાની જરૂર છે.

જો સમાજ પોતાની નબળાઈઓ ઉપર ગાલીચો પાથરી દે તો નબળાઈઓ ઢંકાઈ જાય, પણ નબળાઈઓ દૂર ન થાય. એનો ખરો ઉપાય સર્વ માટે કલ્યાણકારક મૂલ્યોનો હૃદયથી સ્વીકાર કરવો એ છે. સમાજધર્મનું સ્વૈચ્છિક પાલન કરશું તો આપણે એક પ્રજા તરીકે ગૌરવપૂર્ણ બની શકીશું.

**- મનસુખ સલ્લા**

---

**અમારા ગામમાં.....** (પાન ૧૬નું ચાલુ)

તોફા અને સમગ્ર મેંઢા ગામના લોકો આ વડલાનું જતન-સંવર્ધન કરી રહ્યા છે. મોહન હીરાબાઈ હીરાલાલ અને દેવાજી તોફાના પ્રયત્નો- સમર્પણ-કોઠાસૂઝ-ગાંધી- વિનોબાના વિચારો પ્રતિ શ્રદ્ધા તેમજ કોઈપણ સમસ્યા પર ચર્ચા-વિચારણા કરીને સર્વ સંમતિથી તેના ઉકેલ શોધવાની ન્યાયપૂર્ણ અને અહિંસક રીત થકી આજે મેંઢા ભારતનું એકમાત્ર સામુદાયિક માલિકીવાળું ગામ બન્યું છે તેનો યશ આ બંનેને આપવો જ રહ્યો. વિચારવાન અને સમર્પિત માણસોની એક નાનકડી બિરાદરી દુનિયા આખીને પલટી નાખી શકે છે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

સમગ્રતયા મેંઢા ગામની વાત પુસ્તકમાં જે શક્ય જ નથી તેવા સામાન્યીકરણના ખ્યાલને તોડે છે. અને એક નવી આશા, પ્રેરણા અને લોકશાહી-સ્વરાજની વિભાવનાને જીવંત રાખવાની વાતને દૃઢિભૂત કરે છે. આ પુસ્તક યજ્ઞ પ્રકાશને ખૂબ જ નજીવી કિંમતે (રૂ.૧૦૦) ગુજરાતના સમાજ સમક્ષ મૂક્યું છે, જેનો ઉમળકાભેર આવકાર કરવો જ રહ્યો.

અનુવાદક શ્રી કિશોરભાઈ દેસાઈને ફરી વાર અભિનંદન.

**- સત્યકામ જોષી**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# દેવર્ષિ રવીન્દ્રનાથ ટાગોર



(ગાંધીજીએ જેમને 'ગુરુદેવ'નું બિરુદ આપેલું અને બંગાળ જ નહીં ભારતને જેમણે વિશ્વના નકશા પર મૂક્યું એવા રવીન્દ્રનાથ ટાગોરની જન્મજયંતીએ યાદ કરતાં આ લેખ. રવીન્દ્રનાથ ભારતના મહાન કવિ, સાહિત્યકાર, ચિત્રકાર અને ફિલસૂફ હતા. ૧૯૧૦માં રચેલા તેમના કાવ્યસંગ્રહ 'ગીતાંજલિ' માટે ૧૯૧૩માં તેમને સાહિત્યનો નોબેલ પુરસ્કાર એનાયત થયો હતો. આ સન્માન મેળવનાર એશિયાની તેઓ સૌથી પહેલી વ્યક્તિ હતા. બ્રિટિશ સરકારે તેમને નાઈટહુડની પદવી આપી હતી. પરંતુ, ૧૯૧૯ના જલિયાંવાલા બાગ હત્યાકાંડના વિરોધમાં તેમણે આ સન્માનનો ત્યાગ કર્યો હતો. **– સં.**)

**સં**સ્કૃત ભાષામાં ઋષિના ત્રણ પ્રકાર વર્ણવ્યા છે : (૧) બ્રહ્મર્ષિ (૨) રાજર્ષિ (૩) દેવર્ષિ. સમાજના કામને આગળ વધારવા માટે આ ત્રણેની જરૂરિયાત છે. બ્રહ્મર્ષિનું કામ શાસ્ત્રનો વિકાસ કરવાનું છે. સમાજ-સેવા કરવી રાજર્ષિનું કામ છે અને કલાનો વિકાસ કરવો એ દેવર્ષિનું કામ છે. તે સાહિત્યિક, કવિ, સંગીતજ્ઞ, કલાકાર હોય છે. તે નથી બ્રહ્મર્ષિની જેમ બ્રહ્મની શોધ કરવાનું જાણતો, નથી કર્મયોગમાં પોતાને જોડતો, પણ ભગવાનનાં ગુણગાન માત્ર કરતો રહે છે. આમ તો ભગવાન અરૂપ અને અનામ છે, પણ દેવર્ષિ એનું રૂપદર્શન કરાવે છે. નામ-ગાન ગાય છે. રવીન્દ્રનાથ આ જમાનાના દેવર્ષિ હતા.

કવિનો અર્થ છે ક્રાંતદર્શી, દૂરનું જોવાવાળા, દૂરદર્શી. રવીન્દ્રનાથ ક્રાંતદર્શી કવિ હતા. એમણે જે કંઈ લખ્યું તે બધું આમ તો બંગાળની પૃષ્ઠભૂમિમાં જ લખ્યું છે. સાહિત્ય અને પ્રકૃતિનો ઘનિષ્ઠ સંબંધ છે. રવીન્દ્રનાથનો સંપર્ક પૂર્વબંગાળની પ્રકૃતિ પરથી આવ્યો, એટલે સાહિત્ય પર પૂર્વબંગાળની વધારે અસર છે, પરંતુ એમની દૃષ્ટિ વિશ્વવ્યાપક છે. એથી એમનું સાહિત્ય આખી દુનિયામાં લોકપ્રિય છે. આજે તે જેટલું વંચાય છે એનાથી અનેકગણું વધારે ભવિષ્યમાં વંચાશે, કારણ કે તે સમયની સીમાઓમાં બદ્ધ નથી. જેનું ચિત્ત સ્થળ અને કાળની સીમાઓથી બદ્ધ છે તે ભલે એ યુગમાં કંઈક પ્રેરણા આપે, પણ તે પ્રેરણા ટકશે નહીં; પરંતુ સ્થળ અને કાળના બંધનથી જેનું ચિત્ત મુક્ત છે તે સાહિત્યકાર થઈ શકે છે. એનું મન, સ્થળ અને કાળથી ઉપર હોય છે. આનો અર્થ એ નથી કે તેઓ સ્થળ અને કાળને ઓળખતા નથી કે એને માટે એમને કંઈ કરવું જ નથી પડતું. એમને સ્થળ, કાળનું દર્શન અવશ્ય થાય છે છતાં પણ એમની અંતરદૃષ્ટિ સ્થળકાળથી પર હોય છે.

શ્રેષ્ઠ સાહિત્યકાર મનુષ્યનું સૂક્ષ્માતિસૂક્ષ્મ દર્શન કરવામાં સક્ષમ હોય છે, કારણ કે એમનું પોતાનું ચિત્ત વિકારમુક્ત રહે છે. જો એમના પોતાના મનમાં કોઈ વિકાર હોય તો તે બીજાના ચિત્તને યોગ્ય રીતે માપી શકશે નહીં. જેને સમાજનું યોગ્ય દર્શન કરવું છે, સાક્ષી બનવું છે, એમણે પ્રથમ સ્વયં વિકારમુક્ત બનવું જ પડશે, પણ જો તે સંસારવિમુખ રહે તો સાહિત્યકાર બની શકશે નહીં. ફક્ત નિર્લિપ્ત જ હોય, તો જીવનમુક્ત બની શકે છે, સાહિત્યકાર નહીં. સાહિત્યકાર તે બની શકે જે સંસારાભિમુખ, વિશ્વાભિમુખ હોવા છતાં પણ નિર્લિપ્ત હશે. હું સાહિત્યકારની ભૂમિકાને આ રીતે સમજી શક્યો છું. રવીન્દ્રનાથ એનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

ગુરુદેવનાં ગીતોમાં વિશ્વવ્યાપક દૃષ્ટિ પ્રગટ થઈ છે. એમની સમક્ષ આખો વિશ્વ-સમાજ છે. ખાસ કરીને પૂજાવિષયક જે ગીતો છે એમાં તો વિશ્વસમાજ, વિશ્વસભા, જગતસભા બનાવવાની જ વાતો છે. એમનું જે સ્થૂળ સાહિત્ય છે, નાટક-કલા વગેરે અંગે એમણે જે લખ્યું છે એની વાતો કરીએ તો લાગે છે કે આજના જમાનામાં એવું ઘણું નવું નવું સાહિત્ય પ્રગટ થાય છે એટલે જૂના ગ્રંથો વધારે વંચાશે નહીં. શેક્સપીઅરનાં નાટક પણ આજે વધારે વંચાતાં નથી. આધુનિક સાહિત્ય જ વધારે વંચાય છે. નવા સમાજની વાર્તાઓ નવી હશે તો ક્યાં સુધી પુરાણું સાહિત્ય વાંચતાં રહીશું ? આ દૃષ્ટિથી રવીન્દ્રનાથનું સાહિત્ય હજારો વર્ષો સુધી વંચાતું રહેશે એવું માનવું બરાબર નથી, પરંતુ એમના જે મૂળભૂત વિચાર છે, જે એમનાં ગીતોમાં પ્રગટ થયા છે તે હંમેશાં લોકો ગ્રહણ કરશે. વિશ્વ-માનુષત્વની, વિશ્વ-નાગરિકત્વની દૃષ્ટિ, જે એમનાં ગીતોમાં પ્રગટ થાય છે તે કાયમ રહેશે અને હંમેશાં ઉપયોગી બની રહેશે.

ગુરુદેવના જે ઉદાર વિચારો છે એમાં આખું વિશ્વ સમાય છે. તેઓ વિશ્વથી ઓછી વાત કરતા જ નથી. ટુકડા થવા જ દેતા નથી. તેઓ આગળ આવનારા યુગના અરુણોદયવાળા કવિ બનશે, સૂર્યોદયવાળા કવિ બીજા બનશે, પણ વિશ્વસમાજ બનાવનારા યુગના અરુણોદયમાં એમની ગણતરી થશે.

ગુરુદેવનાં ગીતો સંગીતની સમજથી ગવાય છે જેમ મીરાંબાઈનાં ગવાય છે, એટલે એ ઊંચા વર્ગોમાં જાણીતા છે. એમાં ભાવ તો હોય જ છે તેથી ગાતાં ગાતાં કેટલોક ભાવ સ્પર્શી પણ જાય છે. ગાવા-સાંભળવાવાળા તો સંગીતની રીતે ગાય-સાંભળે છે. સંગીતની રીતે તે સારો રાગ હોય છે એમાં તન્મય થઈ જાય છે. તે રાગાસક્તિ છે. એનો પણ ઉપયોગ છે. ખરાબ ગીતો સાંભળવાથી ખરાબ અસર થાય છે, એમાં ભલે સંગીત હોય. સારાં ગીતો સાંભળવાથી સારી અસર થાય છે. ભલે તેઓ સંગીતને ધ્યાનમાં રાખીને સાંભળે તો પણ તેનો ઉપયોગ છે, પરંતુ હંમેશાં જોવા મળ્યું છે કે 'હિંદુસ્તાની સંગીત' કહે છે તે વધારે તો ગવૈયાઓએ ગાયેલું છે, પણ સંતોનાં ભજનો તો ભક્તિપ્રધાન જ હોય છે. સંતો સંગીતનું કંઈક જ્ઞાન તો રાખતા જ હશે, પણ તેને વિશેષ ધ્યાનમાં રાખતા નહીં હોય. સંગીત માટે જે લખે અને સંગીતની રીતે જે વિચારે એવી દૃષ્ટિ રાખવાવાળા આ બંનેથી અલગ હોય છે. ગુરુદેવમાં આ બંનેનો યોગ થયો છે.

આ રીતનું ઉદાહરણ કર્ણાટક સંગીતમાં જોવા મળે છે. ત્યાગરાજ, પુરંદરદાસ વગેરે સંગીતની વૃત્તિથી ભજન ગાવાવાળા હતા. એમનાં બધાં



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભજન ભક્તિપ્રધાન જ હતાં. તો ત્યાં એક સ્વતંત્ર સંગીત પદ્ધતિની સ્થાપના થઈ, જેને 'કર્ણાટકી સંગીત' કહીએ છીએ. આ બાજુ રવીન્દ્રસંગીત ચાલ્યું. ભક્તિની સાથે સંગીતનો મેળ કરી એક નવું સંગીત બનાવી દીધું. તેમાં એક ભય રહેલો છે. સંગીતને કારણે એમાં જે ભાવદૃષ્ટિ છે તેના તરફ ધીમે ધીમે દૃષ્ટિ ઓછી થતી જાય છે, એવું થવું જોઈએ નહીં. ગુરુદેવનાં ગીતોમાં જે દૃષ્ટિ તરફ ઈશારો છે એનું પણ અધ્યયન થવું જોઈએ.

માનવામાં આવે છે કે ગાંધીજીએ વ્રતો પર ભાર આપ્યો અને રવીન્દ્રનાથે એ આપ્યો નથી. સાચું છે. ગાંધીજીના આશ્રમો વ્રતોના આધાર પર ચાલ્યા, પણ એક મજેદાર વાત છે. રવીન્દ્રનાથે બાળપણમાં નિયમ બનાવ્યો હતો કે દિવસે ઊંઘવાનું નહીં. સાહિત્યના ક્ષેત્રમાં એમણે કેટલું મોટું પરાક્રમ કર્યું ! કેટલું બધું લખ્યું ! આવી વ્યક્તિને આરામ તો જોઈએ, પરંતુ દિવસે આરામ કરતા નહોતા. એમના આશ્રમમાં ગાંધીજી ગયા. તેઓ ઉંમરમાં મોટા હતા. ગાંધીજીએ એમને સૂચવ્યું, 'દિવસમાં અડધો કલાક આરામ લો તો સારું રહેશે.' રવીન્દ્રનાથે કહ્યું, 'પણ મેં નિયમ કર્યો છે કે દિવસે ઊંઘવાનું નહીં. દિલ માનતું નથી કે નિયમ તોડું.' ગાંધીજીએ કહ્યું, 'ઠીક છે, નહીં તોડો.'

હું (વિનોબા) જ્યારે શાંતિનિકેતન ગયો, તેમના સ્મરણમાત્રથી આંખોમાંથી અશ્રુઓની ધારા વહેવા લાગી. કવિવરે ભારતને કેવી કેવી રીતે બચાવ્યું એનું સ્મરણ થઈ આવ્યું. જ્યારે પણ આપણું આઝાદીનું આંદોલન ઉછાંછળાપણા તરફ જતું ત્યારે શ્રી અરવિંદ સાથે વિવાદ કરવો પડ્યો હોય કે બાપુ સાથે વિવાદ કરવો પડ્યો હોય. એમણે પૂરી શાનથી કર્યો અને ભારતને સંકુચિત દેશાભિમાનથી મુક્ત રાખવાની કોશિશ કરી. આટલા મહાન તેઓ હતા.

રવીન્દ્રનાથનું ચિત્ત વર્તમાન પરિસ્થિતિઓ, આંદોલનો, હલચલો વગેરેથી ઉપર ઊઠેલું હતું. વિવેકાનંદ વગેરે ભારતીય સાહિત્ય, સંસ્કૃત સાહિત્યમાં જેટલા પ્રવિષ્ટ હતા, રવીન્દ્રનાથ ભારતની પૂરી સભ્યતામાં એમનાથી વધારે પ્રવિષ્ટ હતા. કવિવરની તુલના હું કાલિદાસની સાથે કરું છું. પ્રાચીનકાળમાં કાલિદાસ થયા, એમના પછી એ સ્તરનું વ્યક્તિત્વ, સર્વતોમુખી પ્રતિભા એમની હતી. છતાં પણ ભારતની એ વિશેષતા છે કે विश्व-मानुषની સાથે दुर्लभं भारते जन्म ની ભાવના પણ એમનામાં જોવા મળે છે. अयि भुवनमनोमोहिनी (ભારતનું ગીત) सोनार बांगला (બંગાળનું ગીત) વગેરેથી સ્પષ્ટ થાય છે કે બિલકુલ નીચેથી લઈને છેક ઉપરના સ્તર સુધીની એમની પહોંચ છે. તેઓ બધાને સમજી શકતા હતા. આમ હોવા છતાં એમણે એમનું મન અલિપ્ત રાખ્યું, ત્યાં સુધી કે ગાંધીજી માટે ખૂબ આદર હોવા છતાં પણ જ્યારે એમણે જોયું કે વિદેશી કાપડની હોળી થઈ રહી છે ત્યારે એમણે કહ્યું કે, 'આ બરાબર નથી.' ગાંધીજીએ 'આપણા આળસની મૂર્તિ' વગેરે કહીને એને પ્રતીકાત્મક રૂપ આપીને બચાવ કરી લીધો કે, 'આપણે કપડાને નહીં, આપણી આળસને સળગાવી રહ્યા છીએ.' વગેરે. પરંતુ રવીન્દ્રનાથ એનો સ્વીકાર કરી શક્યા નહીં. આ રીતે રવીન્દ્રનાથ અલિપ્ત રહ્યા. આ એમની બહુ મોટી વિશેષતા માનવામાં આવશે.

અંગ્રેજીમાં 'Saint' અને 'Sage' (સંત અને ઋષિ) એવો થોડો ફર્ક છે. એ દૃષ્ટિએ જોઈએ તો રવીન્દ્રનાથ Saintની કોટિમાં નહીં, પણ Sageની ઋષિની કોટિમાં આવે છે.

ચૈતન્ય મહાપ્રભુ, રામકૃષ્ણ પરમહંસ અને રવીન્દ્રનાથની જે અસર આજે બંગાળ પર છે તેવી બંગાળના કોઈ પણ રાજાની નથી. રવીન્દ્રનાથનાં ગીતો લોકો ગાય છે એમાં સાહિત્યિક મૂલ્ય છે. એથી હિંદુ-મુસલમાન બધાં જ એમનાં ગીતો ગાય છે.

અનુવાદક : ભદ્રા સવાઈ **– વિનોબા**

('સત્ય-સૌંદર્ય સચરાચરમાં' પુસ્તકમાંથી સાભાર)

## રાજનીતિથી લોકનીતિ.... (પાન ૧૩નું ચાલુ)

આવે છે તેમાંથી મુક્તિ મળી શકે. વિશ્વના બધા નાગરિકોના મનમાં એ અહેસાસ હોવો જોઈએ કે આપણે આ ધરતીનાં સંતાન છીએ, વસુંધરાનાં બાળકો છીએ. આપણા મનમાં આખી દુનિયા માટે નિસ્બત, તેની ચિંતા હોવાં ઘટે. લોકનીતિ અને સ્વરાજ્યની પરિકલ્પનાઓને જો ખરેખર ધરતી પર ઉતારી શકીએ તો એક નવી દુનિયાનું નિર્માણ કરી શકીએ.

રાષ્ટ્ર-શાસન દ્વારા જે હિંસા થતી હોય છે – માત્ર દેખીતી નહીં પરંતુ, શોષણ, ગરીબી, અસમાનતામાંથી ઊભી થનારી હિંસા – એ બધી હિંસા નાબૂદ કરીને એક સ્વસ્થ, સ્વતંત્ર અને સમૃદ્ધ જીવનનો પાયો નાંખી શકાય.

આ બધી વાતો સાંભળવા કે વાંચવામાં સૈદ્ધાંતિક લાગે, કોઈને કાલ્પનિક કે આદર્શવાદી પણ લાગી શકે. પરંતુ મહારાષ્ટ્રના ગઢચિરોલી જિલ્લાના મેંઢા (લેખા) ગામે ગાંધીજી અને વિનોબાજીની ગ્રામસ્વરાજ્યની કલ્પના જીવંત કરી બતાવી. ગામનાં પ્રાકૃતિક સંસાધનો પર ગ્રામસભાનો અધિકાર હોવો જોઈએ અને એનાથી મળતી આવકનો ઉપયોગ સ્થાનિક સ્તર પર તૈયાર થયેલી યોજનાના અમલ માટે થવો જોઈએ, એ મેંઢા ગામના લોકોની મુખ્ય માંગ હતી. એ માટે ત્યાંના જંગલમાં થતા વાંસ નિમિત્ત બન્યા. ગ્રામસભા એ જ સર્વોચ્ચ સત્તા ધરાવતી સંસ્થા છે એ વાતને મેંઢાએ ધરતી પર ઉતારી બતાવી. સક્રિય, જાગૃત, અભ્યાસુ ગ્રામસભા ઘડી, લોકોને પણ તૈયાર કર્યા – લોકો એટલે ભાઈઓ અને બહેનો- ફક્ત ભાઈઓ નહીં.

મેંઢા-લોખા ગામે જે નારો આપ્યો તેમાં મેં થોડો ઉમેરો કર્યો છે. નવો નારો આ પ્રમાણે છે :

*કેંદ્ર અને રાજ્યમાં અમારી સરકાર*
*અમારી સરકાર પર અમારો અધિકાર.*

*અમારા ગામમાં અમે જ સરકાર*
*સ્વરાજ્યથી કરીશું વિશ્વરાજ્ય સાકાર !*

('મેંઢા ગામની વાત' પુસ્તકના વિમોચન પ્રસંગે પ્રાર્થનાસંઘ, સુરતમાં આપેલું પ્રવચન) **– ડૉ. મિલિંદ બોકીલ**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અમારો જ નહીં, અનેકોનો



(નાનુભાઈ મજમુદાર, જાણીતા ને સૌના ચહીતા સર્વોદય કાર્યકર. ૨૦મી ઑગસ્ટે તેમની ૪૬મી પુણ્યતિથિએ તેમનું પુણ્ય સ્મરણ. **- સં.**)

**અ**મદાવાદના એચ.કે. હોલની શનિવારની એ સાંજ મને લાંબા સમય સુધી યાદ રહેશે. આમ તો કોઈના મૃત્યુ નિમિત્તે થતી આવી સભાઓ રુચિકર નથી લાગતી. મોટે ભાગે તેમાં પ્રમાણભાન વિનાની પ્રશસ્તિઓ વાતાવરણને અવાસ્તવિક બનાવી મૂકે છે. વળી, વિયોગની દર્દનાક અનુભૂતિ શબ્દોમાં વ્યક્ત કરવી ભારે મુશ્કેલ છે. એક અત્યંત આંતરિક સંવેદનને શબ્દોમાં બાંધવા જતાં તે ઠીંગરાઈ જાય છે.

પરંતુ તે દિવસ સાંજે કાંઈક જુદો અનુભવ થયો હતો. હતી તો એ સદ્‌ગત નાનુભાઈને શ્રદ્ધાંજલિ અર્પવા માટેની જાહેરસભા. પરંતુ તેણે એક પારિવારિક સહઅનુભૂતિ અને સામાજિક કદરદાનીના એક સહજ પ્રસંગનું સ્વરૂપ લઈ લીધું. મોટાંઓની ક્ષુદ્રતા જોઈ-જોઈ ''સિનિક'' (સંશયાત્મા) બનતા જતા સમાજે એક નાના અદના સમાજ-સેવકની માણસાઈની મોટાઈ સંભારી-સંભારીને કાંઈક શાતા અનુભવી. તેમાં કશી ઔપચારિકતા કે અતિશયોક્તિ નહોતી. મનને નિર્મળ કરનારા સ્નાનનો એ અનુભવ હતો.

નાનુ અમારા બધા જેવો જ ગુણદોષથી ભરેલો સાવ સામાન્ય માણસ હતો. કોઈ નેતાગીરી એના લોહીમાં જ નહોતી. સદાય એ તત્પર સેવક હતો. કોઈ પણ પદ કે અધિકાર વગેરેથી એ હઠપૂર્વક આઘો જ રહ્યો. અને છતાં એની પ્રેમની આણ ચાલતી. તે સાંજે એના વિષે જે બધું બોલાતું હતું તે હું પાછળ બેસી સાંભળતો રહ્યો. સાવ જુદા જુદા ક્ષેત્રના અનેક લોકોએ નાનુ સાથેના પોતાના સંબંધને સંભાર્યો. નાનુની સહજતા, નિખાલસતા, સહૃદયતા, સેવા વગેરેને સંભારી. તેમાંના ઘણાને હું ઓળખતોયે નહોતો. ''અમારો'' નાનુ કેવો ''અનેકોનો'' બનીને રહ્યો હતો, તેનું યથાર્થ ભાન તે સાંજે થયું. છલકાતી આંખોને હું વહેતી ન રોકી શક્યો.

આ બાબતમાં નાનુ અમને બધાને મહાત કરી ગયો. સમાજ સાથેની સમરસતા સામાજિક કામોને માટે અનિવાર્ય છે. તેના વિના એક ''કોમ્યુનિકેશન ગેપ'' - પરસ્પરના સંપર્કમાં ખાઈ રહી જાય છે. સમરસતા કેળવવા અમે સહુ મથીએ તો છીએ પણ નિરુપાધિક બન્યા વિના તે સધાતી નથી. આપણી વિશિષ્ટતાને છોડ્યા વિના માનવ-સંપર્કમાં તેને બિલકુલ વચ્ચે ન આવવા દેવી, એ બધાંને માટે સહજસાધ્ય નથી, નાનુને હતું.

exclusiveness-અલગતાની વૃત્તિ સમાજસેવક માટે એક અભિશાપ છે. સર્વસમાવેશકતા વિના એનાથી ડગલું આગળ મંડાય નહીં. આવી સર્વસમાવેશકતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ અમારામાં જયપ્રકાશજી પૂર્ણ-સ્વરૂપે પૂરું પાડી ગયા. જે.પી. સાથે નાનુની તુલના કરવાનો કોઈ સવાલ જ નથી. પેલા લોકનાયક હતા, આ તો એક અદનો સૈનિક. તેમ છતાં નાનુના જીવનમાં પણ આ જ સર્વસમાવેશકતાનું ઉમદા તત્ત્વ જોવા મળે છે. તેથી જ આટલાં જુદાં જુદાં ક્ષેત્રોના લોકોને એ પોતીકો લાગ્યો. પોતાની ઢબે અને પોતાના બૂતા અનુસાર નાનુ એ બધાંનાં હૃદયને સ્પર્શી શક્યો હતો.

વિનોબાએ લૂઈ પાશ્ચરનું એક વાક્ય પોતાના ઉપનિષદના ગ્રંથમાં લખી રાખ્યું છે, અને તેને તેઓ વારંવાર યાદ કરતા હોય છે : 'તમારો ધર્મ કયો છે, તે મારે નથી જાણવું. તમે કયા વિચારમાં માનો છો, તે પણ મારે નથી જાણવું. મારે માત્ર એટલું જ જાણવું છે કે તમને દુઃખ શું છે, અને તે દૂર કરવામાં હું શી મદદ કરી શકું.' આને અમે ઘણી વાર છાપ્યું છે, ભાષણોમાં યાદ કર્યું છે પરંતુ અમારામાંથી એને જીવી બતાવ્યું નાનુએ. આ બાબતમાં જેમ રવિશંકર મહારાજ એવરેસ્ટ છે, તેમ નાનુ ગિરનાર તો જરૂર હતો. ખપમાં આવવું અને બીજા માટે ઘસાઈ છૂટવું, એ એના માટે શ્વાસોચ્છ્‌વાસ જેટલું સ્વાભાવિક હતું. જાહેર જીવનમાં આજે આની બહુ જરૂર છે. આના વિના સમાજમાં તમારા માટે credibility - વિશ્વાસપાત્રતા ઊભી થતી નથી.

વિનોબાજી અમને કહેતા રહ્યા છે કે સર્વોદય સેવક તો ઉંદર જેવો હોય, દરેક ઘરમાં એનો સહજ પ્રવેશ હોય. નાનુ આ કરી ગયો. અમે અમારી જ્ઞાન-ગુમાનની ગાંસડીઓ શિરેથી ઉતારવા લાખ પ્રયત્ન કરીએ છીએ, પણ નાનુ જેવા હળવાફૂલ થઈ શકતા નથી. સુરસા રાક્ષસી સામે ''લઘુરૂપ ભયે હનુમાના.'' આજની અટપટી ને વિકરાળ પરિસ્થિતિનો સામનો કરવા આ જ તરણોપાય લાગે છે.

બીજી એક બાબતમાં પણ નાનુ એક બહુ ઊંચું શિખર સર કરી ગયો. અમે બધાં ક્રાંતિનું નામ લઈને નીકળેલાં. પોતાના કુટુંબ અને સગાંવહાલાં સાથેના સંબંધ ગૌણ લેખીએ. કુટુંબ પ્રત્યે કેવો વૈરાગ્ય કેળવી શક્યા, એ વાતનું અભિમાન લઈએ. પણ નાનુ જુદી માટીનો. એની સર્વ-સમાવેશકતામાં પોતાનું કુટુંબ અને સગાંવહાલાં પણ ખરાં જ. જે ધર્મકાર્ય છે, તેમાં એ બધાં પણ સાથે કેમ ન હોય ? સહુ પોતપોતાના ગજા મુજબ સાથે ચાલશે. એની ક્રાંતિનિષ્ઠા પહેરેલી નહીં, પચેલી હતી. એટલે જ તેનો ઓછોવત્તો રંગ એ પોતાનાં કુટુંબીજનોને લગાડી શક્યો. પરિણામે એના કુટુંબજીવન અને સમાજજીવન વચ્ચે વિચ્છિન્નતા નહોતી. ભલભલા સમાજ-સેવક માટે આ બાબત અભિમન્યુના સાતમા કોઠા જેવી પુરવાર થાય છે. નાનુ માટે આ કોઈ કોયડો જ નહોતો. એને માટે આ સ્વભાવસિદ્ધ હતું. બંગ-પરિવાર કે ગોપબાપુ-પરિવારની જેમ નાનુના કુટુંબ આખાએ આંદોલનમાં નથી ઝંપલાવ્યું, છતાં એ અમારાં બધાં માટે પોતીકું બની શક્યું છે. જ્યાં સુધી સર્વોદયી ભાવનાનો સવાલ છે, નાનુનાં માતાપિતા, ભાભી વગેરે ખરે જ વંદનીય છે.

આવો નાનુ અમારાં બધાં કરતાં પહેલો ચાલ્યો ગયો. ભૂદાન-ગ્રામદાન આંદોલન નિમિત્તે અમે બધાં જે કાર્યકરો ભેળાં થઈ ગયાં, તે બીજું તો કેટલું કરી શક્યાં છીએ, ખબર નહીં, પણ ગુજરાતમાં અમારો પરિવાર ઊભો કરી શક્યાં છીએ. એ વિચારને આધારે અને સામાજિક કામને આધારે ઊભો થયેલો પરિવાર છે. પરંતુ એ ઠીક ઠીક પ્રેમથી રસાયેલો

(જુઓ પાન નં. ૦૩)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# ખાણની ધૂળમાં ગૂંગળાતી જિંદગીઓ

**વાંકાનેર-ચોટીલા વિસ્તારની ખાણોમાં કામ કરનાર ચિત્રકૂટના પરપ્રાંતીય મજૂરોની મેદાની હકીકત**

મગન : ઉંમર ૨૯ વર્ષ, રામકરન : ઉંમર ૨૭ વર્ષ અને ગુલાબ: ઉંમર ૨૯ વર્ષ – ત્રણેય ઉત્તર પ્રદેશના ચિત્રકૂટ જિલ્લાના રહેવાસી છે. રોજગારની શોધમાં તેઓ છેલ્લાં ૮-૧૦ વર્ષથી વાંકાનેર, મોરબી અને ચોટીલા નજીક આવેલી અલગ અલગ ખાણોમાં કામ કરતા હતા. આજે આ ત્રણેય યુવાનો સીલીકોસીસ જેવી ગંભીર વ્યવસાયજન્ય બીમારીનો ભોગ બન્યા છે. શરૂઆતમાં તેઓ પોતાની બીમારીનું નામ પણ નહોતા જાણતા. જ્યારે તેમને સમજાવવામાં આવ્યું કે સીલીકોસીસ પથ્થર અને સિલિકા ધૂળમાં લાંબા સમય સુધી કામ કરવાથી થાય છે. ત્યારે તેમણે પોતાના ગામ અને આસપાસના વિસ્તારોની વાત કરી. તેમના કહેવા મુજબ, ઘણા લોકો પહેલાં 'ટીબી'ના દર્દી ગણાતા, પછી ઓક્સિજન પર જતા અને થોડા મહિનામાં મૃત્યુ પામતા. આવી સ્થિતિમાં અનેક કેસોમાં સાચું નિદાન સીલીકોસીસ તરીકે થયું જ ન હોય તેવી શક્યતા દેખાય છે.

રામ કરનના જણાવ્યા મુજબ ઉત્તર પ્રદેશ અને ચિત્રકૂટ વિસ્તારના મઊ, રાજાપુર, ચાંદીગાંવ, ધૂમાઈ, અલઈ અને મછલી જેવા ગામ-વિસ્તારોમાંથી હજારો લોકો વાંકાનેર અને ચોટીલા વિસ્તારની ખાણોમાં કામ કરવા આવે છે. રામકરન અને મગન કહે છે કે, ''અમને જે બીમારી થઈ છે તેવી જ બીમારીથી મઊમાં અંદાજે ૫૦ લોકોનાં મૃત્યુ થયાં હશે અને અલઈમાં પણ ૫૦ થી વધુ લોકો મરી ગયા હશે. તેમાં ઘણા લોકો ૪૦ વર્ષથી ઓછી ઉંમરના હતા, અમુક તો ૨૦-૨૨ વર્ષના યુવાનો પણ હતા.'' ખાણોમાં મજૂરોને ઘણી વાર 'બેલા' મુજબ મજૂરી મળે છે. એક બેલાનો ભાવ આશરે રૂપિયા ૫ મળે છે. દિવસમાં ૧૦૦૦ જેટલા બેલા કાઢવામાં આવે તો કુલ રકમ આશરે ૮ લોકો વચ્ચે વહેંચાય છે અને પ્રતિ મજૂર આશરે રૂપિયા ૬૦૦ થી ૭૦૦ મળે છે. વધુ કમાણી માટે મજૂરો વધુ સમય ધૂળમાં કામ કરે છે. અને એ જ ધૂળ ધીમે ધીમે તેમનાં ફેફસાંને નુકસાન પહોંચાડે છે. મજૂરોના જણાવ્યા મુજબ, જ્યારે કોઈ કામદાર બીમાર પડે છે ત્યારે ઘણી વાર તેને ભાડું કે થોડા પૈસા આપી પોતાના ગામ મોકલી દેવામાં આવે છે. એટલે મજૂર ગુજરાતની ખાણમાં કામ કરીને બીમાર પડે છે પરંતુ તેની બીમારી અને મૃત્યુ ગામમાં 'ટીબી' કે 'શ્વાસની તકલીફ' તરીકે રહી જાય છે. આ રીતે ખાણ, ધૂળ, બીમારી અને મૃત્યુ વચ્ચેનો સંબંધ ઘણી વખત કાગળ પર દેખાતો નથી. ગામમાં રોજગાર અંગે પૂછતાં મજૂરોએ જણાવ્યું કે ખેતીમાં પૂરતી આવક નથી. મનરેગામાં કામ કર્યું હોવા છતાં પૈસા મળ્યા નથી. તેમના શબ્દોમાં ''અમે ધક્કા ખાઈને થાકી જઈએ છીએ. પણ અમારું કોઈ સાંભળતું નથી.'' હૉસ્પિટલમાં પણ તેમની વાત બરાબર સાંભળવામાં આવતી નથી અને ઘણા લોકોની શ્વાસની બીમારીને સીલીકોસીસની જગ્યાએ ટીબી ગણવામાં આવે છે. આ પરપ્રાંતીય મજૂરોની જીવંત હકીકત છે – જેમાં ગરીબી તેમને ગામ છોડવા મજબૂર કરે છે, જોખમી ખાણકામ તેમને બીમાર કરે છે અને તંત્રની નિષ્ફળતા તેમને ન્યાયથી વંચિત રાખે છે. મગન, કરન અને ગુલાબ માત્ર ત્રણ નામ નથી. તેઓ વાંકાનેર, મોરબી અને ચોટીલા વિસ્તારની ખાણોમાં છુપાયેલા સીલીકોસીસ સંકટના જીવતા પુરાવા છે. આ હકીકત બતાવે છે કે પરપ્રાંતીય મજૂરોની બીમારી ઘણી વાર વ્યવસાયજન્ય ન હોવાનું દેખાડાય છે. સાચા નિદાન સુધી પહોંચતી નથી અને અંતે તેમની પીડા ગામોની અંદર શાંતિથી દટાઈ જાય છે.

(મોરબી, મો.: ૯૩૨૭૩૮૮૯૩૭) **– ચિરાગ ચાવડા**

**મેંઢા ગામની વાત....** (પાન ૧૭નું ચાલુ)

૧૨મી જુલાઈના રોજ સુરતના પ્રાર્થનાસંઘ મુકામે બે પુસ્તકોના લોકાર્પણનો કાર્યક્રમ યોજાઈ ગયો. આ પુસ્તકો હતાં : કટોકટી અને તેમાં ભૂમિપુત્ર – યજ્ઞ પ્રકાશનની ભૂમિકા. જેનું સંપાદન શ્રી રજનીભાઈ દવેએ કર્યું છે. અને બીજું પુસ્તક હતું, મેંઢા ગામની વાત.

આ કાર્યક્રમમાં પણ બંને પુસ્તકના લેખક, સંપાદક, અનુવાદકની હાજરી હતી. તે ઉપરાંત સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝના ડૉ. કિરણ દેસાઈ, ડૉ. સત્યકામ જોષી તેમજ ડંકેશ ઓઝા જેઓ જાણીતા ચિંતક, વિચારક અને લેખક છે તેમણે પણ પુસ્તકો અંગે વક્તવ્ય આપ્યાં હતાં. આ અંકમાં તેમજ આગળના અંકોમાં સ્વતંત્ર રીતે તેમનાં વક્તવ્યો લેખ રૂપે મૂકીશું.

રજનીભાઈ દવેએ કટોકટી અંગેના પુસ્તકનો ટૂંકો પરિચય આપતાં કહ્યું કે એક મિત્રએ કટોકટીનાં ૫૦ વર્ષ થવા ટાણે માંગણી કરી કે ભૂમિપુત્રની ભૂમિકા અંગે લખી આપો – તેમાંથી આ પુસ્તક કરવાની પ્રેરણા મળી. ડંકેશભાઈ ઓઝાએ કહ્યું કે કટોકટી વખતે No Sirનો જે બુલંદ અવાજ ઊઠ્યો તે આજે જોવા મળતો નથી. આજે એ સંવેદનશીલતાનો પણ અભાવ જોવા મળે છે. લોકોમાં પણ એક જુવાળ હતો. રાત્રે અઢી વાગ્યે જાહેરસભાઓ થતી અને લોકોનાં ટોળાં ઊમટતાં. કલાકો સભાઓ ચાલતી, પોલીસ ઍક્શનની શક્યતાઓ હતી છતાં બધું ન ગણકારતાં મેદની એકત્ર થતી. આજના માહોલમાં નાગરિકો માટેની સ્પેસ (જગ્યા) પણ નાની થતી જાય છે તો બીજી તરફ નાગરિક સમાજ પણ ટૂંકો થતો જાય છે, જે કોઈ પણ લોકશાહી માટે ચિંતાનો વિષય ગણાય.

સંપૂર્ણ કાર્યક્રમ ડૉ. બી.એ.પરીખ સાહેબના અધ્યક્ષસ્થાને સંપન્ન થયો. તેમણે અધ્યક્ષીય સ્થાનેથી કિશોરભાઈનો વિશેષ આભાર માનતાં કહ્યું કે મેંઢા લેખા ગામના પ્રયોગની વાત ઘેર ઘેર પહોંચવી જોઈએ. પુસ્તકનો બહોળો પ્રચાર થવો જોઈએ. તેવી જ રીતે કટોકટી પુસ્તકનું પણ બહુ મહત્ત્વનું અને મોટું કામ રજનીભાઈ તેમજ યજ્ઞ પ્રકાશન દ્વારા થયું છે.

**– સ્વાતિ**

*ઓ દોસ્તો ! દરગુજર દેજો દીવાના બાંધવોને;*
*સબુરી ક્યાંય દીઠી છે કલેજે આશકોને ?*
*દિલે શું શું જલે – દેખાડીએ દિલઆહ કોને ?*
*અમારી બેવફાઈયે કદી સાંભરશોને ?*
*અગર બહેતર, ભૂલી જજો અમારી યાદ ફાની !*
*બુરી યાદે દુભવજો ના સુખી તમ જીન્દગાની;*
*કદી સ્વાધીનતા આવે – વિનંતી, ભાઈ છાની:*
*અમોનેયે સ્મરી લેજો જરી, પણ એક નાની !*

**– ઝવેરચંદ મેઘાણી**

(ગાંધીજીએ જેમને રાષ્ટ્રીય શાયરનું બિરુદ આપેલું તેવા ઝવેરચંદ મેઘાણીનો ૨૮મી ઑગસ્ટે જન્મદિવસ છે, તે નિમિત્તે તેમની રચેલી એક કવિતા.)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# રાજનીતિથી લોકનીતિ તરફ

**વિ**નોબાજી વીસમી સદીના એક મહાન રાજનીતિક વિચારક અને સક્રિય કાર્યકર્તા હતા. તેમણે જે રાજનૈતિક વિચારો આપણી સામે મૂક્યા તે ખૂબ જ મહત્ત્વના છે. કારણ કે તેઓ માનતા હતા કે મનુષ્ય પાસે જે કંઈ છે તે તેની વિચાર-સંપત્તિ છે; અને વિચારોને કારણે જ દુનિયા બદલાય છે. વિનોબાએ આપણને શબ્દ આપ્યો 'લોકનીતિ'. વિનોબાનો મુખ્ય રાજનૈતિક વિચાર એટલે લોકનીતિ. આ અંગેના તેમના સચોટ વિચારો નાનકડી પુસ્તિકા 'લોકનીતિ'માં સમાયેલા છે.

આવો આપણે પહેલાં એ સમજી લઈએ કે વિનોબાજીની લોકનીતિ અંગેની અવધારણા શી છે અને પછી આપણે જોઈશું કે તેમાં બીજાં કયાં ઉમેરણ કરી શકાય તેમ છે. આ વાત કરતી વખતે આપણે ધ્યાનમાં રાખવાનું છે કે આપણી સામે બે જુદાં ઘટક છે – એક છે આમ જનતા એટલે કે 'લોક' અને બીજું ઘટક છે 'પરિવર્તન ઇચ્છનારા કાર્યકર્તા.' આ બંને વચ્ચેનો ભેદ સમજી લેવાની જરૂર છે કારણ કે બંને ઘટકોના હેતુ તેમજ કાર્યપ્રણાલી જુદાં જુદાં છે.

પહેલી નજરે જોઈએ તો આપણા ધ્યાનમાં આવશે કે 'લોકનીતિ' અને 'રાજનીતિ' એ બંને શબ્દો એકબીજાથી વિપરીત છે. તેમ છતાં, આપણે જોઈશું કે આ બંને બાબતોનું ધ્યાન એક જ કેંદ્ર અથવા બાબતની આજુ-બાજુ હોય છે, અને તે છે સત્તા. રાજનીતિ અથવા રાજકારણ સત્તા મેળવવા માટે કરવામાં આવે છે. શાસન વ્યવસ્થા પછી ભલે કોઈ પણ હોય – રાજાશાહી, સામંતશાહી, સરમુખત્યારશાહી અથવા લોકશાહી, રાજકારણનો મુખ્ય હેતુ સત્તા મેળવવાનો અને પછી તેને મજબૂતપણે લાંબા સમય સુધી જાળવી રાખવાનો હોય છે.

રાજનીતિ (રાજકારણ)ના ત્રણ પ્રકાર છે : પક્ષીય રાજકારણ, સત્તાનું રાજકારણ અને સ્થાનિક રાજકારણ. આ બધાં જ ધીમે ધીમે સમાપ્ત થવાં જોઈએ. ધાર્મિક સંપ્રદાય અને રાજનીતિ, બંને બાબતો હિતકારી નથી. અને તેમનું એક-મેક સાથે જોડાવું (ગઠબંધન) તો તેથી પણ વધુ જોખમી છે, જે આજે આપણે આપણા દેશ-સમાજમાં જોઈ રહ્યા છીએ. અને તેનાથી ઊંધું, વિનોબાજી જે લોકનીતિની વાત કરે છે, તેમાં તેમનો ભાર સત્તાના વિસર્જન પર – સત્તાના વિલય પર છે. આમ આ બંને અવધારણાઓ એક-બીજાથી બિલકુલ ઊંધી દિશામાં ઊભી છે. એક વાર જો આ પાયાનો ભેદ સમજાઈ જાય તો લોકનીતિને સમજવી મુશ્કેલ નથી.

સત્તાનું વિસર્જન એ અંતિમ પડાવ છે. પરંતુ, આ વિનોબાજીના રાજનૈતિક દર્શનનું અભિન્ન અંગ છે. કારણ કે સત્તા (પછી તે ગમે તે પ્રકારની હોય અને કોઈ પણ જગ્યાએ હોય) માનવજીવનમાં હિંસા, અશાંતિ તેમજ ભેદભાવનું મૂળ છે. સત્તાની સાથે સાથે જ અધિકાર તેમજ વર્ચસ્વની ભાવનાઓ જોડાઈ જતી હોય છે. વિનોબાજીની એ આકાંક્ષા હતી કે સત્તાના સ્થાને સમતા અથવા તો સામ્યયોગની સ્થાપના થવી જોઈએ. આ માન્યતાને લીધે જ વિનોબાજીને 'રાજ્ય' (સ્ટેટ)ની અવધારણા પણ અસ્થાયી અથવા એક માધ્યમ માત્ર લાગે છે. રાજ્ય ફક્ત થોડા સીમિત હેતુઓ માટે જ હોવું જોઈએ. રાજ્યનો અર્થ છે બીજાની (તમારા પર) સત્તા, જે નામ માત્રની જ હોવી જોઈએ. તેની જગ્યાએ 'પ્રાજ્ય' અથવા 'સ્વરાજ્ય' હોવું જોઈએ. રાજ્યને બદલે સ્વરાજ્ય. સ્વરાજ્યનો અર્થ છે દરેકની પાસે સત્તા હોય; પરંતુ તે બીજા પર નહીં, બલકે પોતાના પર. દરેક વ્યક્તિ શાસનકર્તા હોય અને દરેક જણ શાસિત પણ હોય.

લોકનીતિનો અર્થ છે – ધીમે ધીમે કરીને સત્તા લોકોના હાથમાં આવે. સરકારની ભૂમિકા ધીમે ધીમે ઓછી થતી જાય અને એક દિવસ તે સુકાઈને ખરી પડે. તેની જગ્યાએ લોકોની વ્યવસ્થાનો વિકાસ થાય. નેતૃત્વની લગામ લોકોના હાથમાં હોવી જોઈએ.

સત્તા અને શક્તિ બે જુદી વસ્તુઓ છે. 'પાવર પોલિટીક્સ' (સત્તાનું રાજકારણ) એ જુદી વસ્તુ છે અને 'સ્ટ્રેંથ પોલીટીક્સ' (શક્તિનું રાજકારણ) જુદી બાબત છે. જ્યારે દેશ ગુલામ હોય અને સ્વતંત્રતા મેળવવાનો પ્રશ્ન હોય ત્યારે રાજકારણમાં શક્તિનો વાસ હોય છે. આવા સમયે રાજનીતિમાં ભાગ લેવો એ યોગ્ય બાબત છે, એવું લોકમાન્ય તિલકે પણ કર્યું હતું. તેઓ કહેતા કે સ્વતંત્રતા મળતાં જ હું ગણિત ભણાવવા ચાલ્યો જઈશ. દેશ સ્વતંત્ર થઈ જાય પછી રાજનીતિમાં પડવું જોઈએ નહીં.

આજનું રાજકારણ ભલે લોકકારણ (લોકનીતિ) ન હોય પરંતુ હજી પણ ટેકનિકલી તો તે લોકમાન્ય (જનતા દ્વારા સ્વીકૃત) છે. અલબત્ત આજે આ બાબતે ઘણા પ્રશ્નચિહ્નો ઊભા કરાય છે. પરંતુ જ્યારે લોકો બદલાશે ત્યારે જ લોકનીતિ અને રાજનીતિ પણ બદલાશે. જે બિનપક્ષીય-બિનરાજકીય સમાજ છે, તેણે રાજનીતિ તેમજ રાજકારણીય નેતાઓની ઉપેક્ષા કરવી જોઈએ. રાજકીય પક્ષો માને છે કે તેઓ સત્તાના માધ્યમથી સમાજને બદલી નાંખશે. પરંતુ હકીકતમાં એવું બનતું નથી. વિચારોનું પરિવર્તન અથવા હૃદય પરિવર્તન સત્તાના માધ્યમથી થતું નથી. તેથી જ પરિવર્તન ઇચ્છનારા કાર્યકર્તાઓએ ચૂંટણીના રાજકારણની ઉપેક્ષા કરવી જોઈએ. આનો અર્થ એ છે કે તેમણે પોતે આમાં પડવું જોઈએ નહીં. વિચારોના આધાર પર લોકોની માનસિકતામાં બદલાવ લાવવાનો પ્રયત્ન કરવો જોઈએ. ઘણા પરિવર્તનકારી લોકો મનથી સત્તાની આકાંક્ષા રાખનારા હોય છે. ભલે તેઓ ચૂંટણીમાં ઊભા ન રહે, પરંતુ તેઓ એવું માને છે કે સમાજ-પરિવર્તન સત્તાના માધ્યમથી જ થઈ શકે છે. આપણે યાદ રાખવું જોઈએ કે સત્તાના માધ્યમથી માત્ર કેટલાક કાર્યક્રમો લાગુ પાડી શકાય. ધરમૂળથી પરિવર્તન સત્તા વડે લાવી શકાય નહીં.







YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શું સજ્જનોના રાજકારણમાં પ્રવેશ કરવાથી રાજકારણને શુદ્ધ કરવામાં મદદ થશે ? ના. વિનોબાજી આને માટે નદીઓનું ઉદાહરણ આપે છે. વિનોબાજીની દૃષ્ટિએ લોકનીતિ કોઈ 'પ્રેક્ટીકલ પ્રોગ્રામ' નથી પરંતુ એક સમાજરચના છે. અલબત્ત, આજના સમયમાં અને પરિસ્થિતિમાં આપણે લોકનીતિની અવધારણાઓ જેમની તેમ અપનાવી શકીએ નહીં. વર્તમાન માહોલનો સામનો કરતાં કરતાં આપણે તેમાં જરૂરી ફેરફારો અથવા સુધારા કરવા પડશે.

પહેલી વાત એ છે કે પ્રાતિનિધિક લોકશાહી – જે વ્યવસ્થા હાલમાં આપણે ત્યાં લાગુ પડાયેલ છે – તેનો કોઈ વિકલ્પ નથી. એ વાત સાચી કે વિનોબાજીના આદર્શ રાજ્યમાં ચૂંટણીને સ્થાન નથી, પરંતુ દેશનું શાસન ચલાવવા માટે પ્રતિનિધિઓને ચૂંટવા તો આજે જરૂરી જ છે. રાજકીય પક્ષો એક વાસ્તવિકતા છે. કયા પક્ષને ચૂંટીને લાવવો છે તેનો નિર્ણય આમ જનતાએ કરવાનો છે. લોકો પાસે તેની સ્વતંત્રતા હોવી જોઈએ. ચૂંટણીનો અર્થ છે લોકો સામે વિકલ્પ હોવા. વિકલ્પોનું રાજકારણ. લોકોની સામે જે વિકલ્પો ઉપલબ્ધ હોય તે પ્રમાણે તેઓ મતદાન કરે છે. જો કોઈને 'નોટા'(NOTA)નો વિકલ્પ પસંદ કરવો હોય તો, તેની પણ સ્વતંત્રતા હોવી જોઈએ. જો આપણે એવું માનતા હોઈએ કે જનતા સમજણ ધરાવે છે, તો નિર્ણય લોકો પર જ છોડી દેવો જોઈએ. ચૂંટણી આવે ત્યાં સુધી લોકોને જાગૃત કરવાનું કામ કરવું જોઈએ. જેથી લોકો પોતાના વિવેકના બળે નિર્ણય લે. પરંતુ ચૂંટણી જાહેર થઈ ગયા પછી આપણે શાંત રહેવું જોઈએ. લોકોને વિચાર સમજાવવામાં જ આપણને સંતોષ મળવો જોઈએ. એના પછીનું – કોને મત આપવો તેનો નિર્ણય કરવાનું કામ સંપૂર્ણપણે લોકોનું જ હોય.

પરંતુ, માત્ર પ્રાતિનિધિક લોકશાહી પૂરતી નથી. માત્ર મતદાન કરવાથી જવાબદારી પૂરી થતી નથી. આની સાથે પ્રત્યક્ષ સહભાગી લોકશાહીનું જોડાણ હોવું જોઈએ. હાલમાં આ ગ્રામસ્તરે જ શક્ય બને છે. આદિવાસી વિસ્તારોમાં આના ઉત્સાહજનક પ્રયોગ થયા છે. આવા પ્રયોગો અન્ય ગ્રામીણ વિસ્તારોમાં પણ થવા જોઈએ. તેને માટે ગ્રામપંચાયતના અધિનિયમોમાં જરૂરી ફેરફાર કરવા જોઈએ. એક વાત આપણે સૌએ સમજી લેવાની જરૂર છે તે એ કે ગ્રામસભા એક સંસ્થાગત તાકાત છે, ગ્રામીણોની એક બેઠક માત્ર નથી.

શહેરી ક્ષેત્રોમાં વર્તમાન પરિસ્થિતિમાં આ શક્ય નથી કારણ કે ૭૪મો બંધારણીય સુધારો સ્પષ્ટ નથી. શહેરી ક્ષેત્રોમાં આને લાગુ પાડવા માટે નગરપાલિકા અધિનિયમમાં સુધારો કરવો જરૂરી છે. શહેરની જુદી જુદી બાબતો પર નાગરિકોનું નિયંત્રણ હોવું જોઈએ. દા.ત. લાઉડસ્પીકર એક મોટો પ્રશ્ન બની ગયો છે. શહેરોમાં અને હવે તો ગ્રામ્યવિસ્તારોમાં પણ વારે તહેવારે આખો દિવસ અને રાત્રે મોડે સુધી ચાલુ રાખીને આખા વિસ્તારની શાંતિ જોખમમાં મુકાય છે. આવી બાબતોનાં સંચાલન નાગરિકોના હાથમાં સોંપાવાં જોઈએ.

ત્રીજી વાત છે, જુદી જુદી પદ્ધતિઓ દ્વારા પ્રતિનિધિઓ તેમજ સરકારી સંસ્થાઓ પર નાગરિકોનો કાબૂ સાબિત થવો જોઈએ. સંસદીય લોકશાહીનું સ્વરૂપ ભલે નવું હોય, પરંતુ જૂની સામાજિક–માન્યતાઓના ઘણા આયામો તેમાં હળી–ભળી ગયેલા છે. ખાસ કરીને 'સામંતિક માનસિકતા.' જનતા એ માનસિકતા આજે પણ ધરાવે છે કે લોકપ્રતિનિધિ અમારાં મા–બાપ અથવા રાજા છે. તેને બદલે લોકોમાં એ સમજણ વિકસિત થવી જરૂરી છે કે તેઓ અમારા સેવક છે અને અમે તેમને માત્ર પાંચ વર્ષ માટે નિમણૂક આપી છે. લોકોએ પ્રતિનિધિઓ (ધારાસભ્ય, સંસદ સભ્ય વગેરે)ના દરવાજા પર જવાની નોબત આવવી જોઈએ નહીં. પરંતુ, થાય છે એવું કે લોકો પોતાના વ્યક્તિગત લાભ માટે પ્રતિનિધિઓનાં બારણાં ખખડાવતા હોય છે. તેમને એવો વિશ્વાસ નથી હોતો કે શાસકીય વ્યવસ્થાતંત્રમાં તેમનાં કામો થશે, તેમને ન્યાય મળશે. સત્તાની સામે લાચારી બતાવવાની આ માનસિકતા સંપૂર્ણપણે બદલવી પડશે.

સુચારુ લોકશાહી માટે નિયમો બનાવવા જરૂરી છે. લોકપ્રતિનિધિઓ તેમજ નેતાઓનું ખરેખર કામ શું છે ? તેઓ આ કામ કરે છે કે નહીં? ધારાસભ્યો તેમ જ સાંસદો કોના પ્રત્યે જવાબદાર છે ? તેઓ પોતાનાં નક્કી કરેલાં કામો માટે કેટલો સમય આપે છે ? જ્યારે વિધાનસભા કે સંસદનું સત્ર ચાલુ હોય તેમાં ખરેખર શી ચર્ચાઓ કે કામ થાય છે ? જન–પ્રતિનિધિઓ પર અંકુશ રાખવા માટેની પ્રક્રિયાઓને કેવી રીતે વિકસિત કરી શકાય ? આ પ્રશ્નો પર વિચાર થવો જોઈએ. મુખ્ય વાત એ છે કે આજે આપણે જોઈએ છીએ કે સામાજિક જીવનના લગભગ દરેક ક્ષેત્રમાં ચૂંટાયેલ પ્રતિનિધિઓ હસ્તક્ષેપ કરે છે. આ બાબત યોગ્ય નથી, તેમને આવું કરવા દેવું જોઈએ નહીં. આ ઉપરાંત સાર્વજનિક જીવનમાં તેમની અતિપ્રતિષ્ઠા બંધ થવી જોઈએ. સામાજિક–સાંસ્કૃતિક ક્ષેત્રે નેતાઓની ઉપેક્ષા કરવી જોઈએ. બીજા શબ્દોમાં કહીએ તો આ ક્ષેત્રોમાં નેતાઓનો પ્રવેશ નેતા તરીકે નહીં પણ એક આમ નાગરિક તરીકે થવો જોઈએ. શિક્ષા (દંડ) અને ઉપેક્ષા એ બે પદ્ધતિથી જ પ્રતિનિધિઓને નિયંત્રણમાં રાખી શકાય.

જેવી રીતે આપણે 'સ્વતંત્રતા'ને જરૂરી માનીએ છીએ અને તેનું સમર્થન કરીએ છીએ તેટલું જ મહત્ત્વ આપણે મન 'સ્વરાજ્ય'નું પણ હોવું જોઈએ. સ્વરાજ્યનો અર્થ છે, પોતાના પર રાજ્ય કરવું. પોતાની જાતને શિસ્ત તેમજ નિયમોમાં રાખવી એને જ સ્વરાજ્ય કહેવાય છે. આપણા સમાજને અશિસ્ત (અનુશાસનહીનતા) તેમજ બેફામ વ્યવહાર કરવાનો રોગ લાગુ પડી ગયો છે, અને તે માત્ર 'સ્વરાજ્ય'ની ભાવનાથી જ દૂર થઈ શકશે. લોકનીતિની આ ભાવના સમાજને ઉન્નત બનાવનારી છે. રાજનીતિ સમાજને તોડે છે. છિન્ન–ભિન્ન કરે છે (તેના જોઈએ તેટલા દાખલા આપણા દેશ–સમાજમાં હાજરાહજૂર છે), પરંતુ લોકનીતિ સમાજને જોડે છે અને તેને વધુ ને વધુ ઉન્નત બનાવી શકે છે.

સ્વરાજ્ય અથવા લોનીતિની આ અવધારણા–સમજણ માત્ર આપણા દેશના લોકો સુધી જ સીમિત નથી. દુનિયાના બધા સમૂહોને આનો લાભ થઈ શકે તેમ છે. જો દરેક સમૂહ પોતાનું સ્વરાજ્ય સ્થાપિત કરે તો એક દિવસ 'વિશ્વરાજ્ય'ની સ્થાપના થઈ શકે. આમ થાય તો રાષ્ટ્ર–રાજ્ય દ્વારા સરમુખત્યારશાહી, દમન તેમજ જનતાની હેરાનગતિ કરવામાં

(જુઓ પાન નં. ૦૯)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# અમારા ગામમાં અમે સરકાર.... વાત મેંઢા ગામની

**મિ**લિંદ બોકીલ લિખિત મરાઠી પુસ્તક 'ગોષ્ટ મેંઢા ગાવાચી' ૨૦૧૨માં પ્રકાશિત થયું. ત્યાં સુધીમાં મેંઢા ગામે સફળ રીતે આદરેલા ગ્રામસ્વરાજના પ્રયોગને દેશભરમાં ઠીકઠીક પ્રસિદ્ધિ મળી ચૂકી હતી. મિલિંદ બોકીલે ખૂબ જ સરળતા-સહજતા અને તલસ્પર્શી વિગતો સાથે પુસ્તકને મરાઠી સમાજ આગળ પ્રસ્તુત કર્યું.

બે-ત્રણ વર્ષ બાદ જાણીતા વિનોબા વિચાર ચિંતક પરાગ ચોલકરે તેને હિંદીમાં અનુવાદિત કરીને 'કહાની મેંઢા ગાંવકી' પુસ્તકાકારે સમગ્ર દેશ સમક્ષ પ્રસ્તુત કર્યું. નેશનલ બુક ટ્રસ્ટે પુસ્તકને પ્રકાશિત કર્યું. બાર વર્ષથી વધુ સમય બાદ 'મેંઢા ગામની વાત' નામે પુસ્તક ગુજરાતીમાં અનુવાદિત કરીને શ્રી કિશોરભાઈ દેસાઈએ ગુજરાતની પ્રજા સમક્ષ પ્રસ્તુત કરીને ખૂબ જ મોટું સ્તુત્ય કાર્ય કર્યું છે. યજ્ઞ પ્રકાશને ખૂબ જ માવજત અને અસરકારક પ્રિન્ટિંગ કરીને સુંદર કામ કર્યું છે. પુસ્તકને ગુજરાતમાં પોંખવું જરૂરી છે. એટલે પુસ્તક વિશે કેટલીક વાતો કરવી છે.

૨૦૦ પાનાંનું આ પુસ્તક મેંઢા ગામમાં થયેલ ગ્રામસ્વરાજના પ્રયોગનું ઝીણવટ ભરેલું દસ્તાવેજીકરણ છે. લેખક મિલિંદ બોકીલ પોતે સમાજશાસ્ત્રમાં પીએચ.ડી. થયા છે અને સંશોધનાત્મક અહેવાલો લખવાની સારી સૂઝ ધરાવે છે. આમ છતાં, તેમણે પુસ્તક સમાજશાસ્ત્ર કે માનવશાસ્ત્રની દૃષ્ટિએ ન લખતાં સામાન્ય માણસને સમજમાં આવે તે રીતે ખૂબ જ રોચક અને ધારાવાહિક શૈલીમાં લખ્યું છે. વળી, શ્રી કિશોરભાઈ દેસાઈએ તેનો ઉત્તમ અનુવાદ કર્યો છે. એટલે ગુજરાતી પુસ્તક વાંચતાં એવું ક્યાંક લાગતું નથી કે અનુવાદિત પુસ્તક વાંચી રહ્યાં છીએ. લેખક-અનુવાદક અને પ્રકાશક ત્રણેય અભિનંદનને પાત્ર છે.

પુસ્તક વાંચતાં નજર સમક્ષ બે પુસ્તકોની ઝાંખી અવાર-નવાર થયા કરે છે. તે પુસ્તકો છે મહાત્મા ગાંધીજીનું 'હિંદ સ્વરાજ' અને પ્લેટોનું 'ધી રીપબ્લિક'. 'હિંદ સ્વરાજ'માં ગાંધીજીએ જે સ્વ ઉપરના રાજ વાળા ગામડાની કલ્પના કરેલી કે સ્વપ્ન સેવેલું તે મેંઢા ગામ દ્વારા થયેલ ગ્રામસ્વરાજના પ્રયોગમાં સાકાર થતું દેખાય છે. પ્લેટોનાં 'ધી રીપબ્લિક'માં પ્લેટોએ એવી વાત કરેલી કે ફિલોસોફરે રાજા બનવું જોઈએ અને ન્યાય એ એક્તા અને સમાજ સમતુલન માટે મહત્ત્વનું પરિબળ છે. મેંઢા ગામની વાત વાંચતાં એવું જરૂર લાગ્યું કે, સમગ્ર ગામનો દરેક સભ્ય ફિલોસોફર બન્યો છે અને દરેક જણ ગામનો રાજા છે. વળી, ન્યાય અને એકતા સર્વત્ર દશ્યમાન થાય છે. આમ, 'મેંઢા ગામની વાત' પુસ્તકમાં ઉપર્યુક્ત વર્ણવેલ બંને વિભાવનાઓ ફળીભૂત થઈ તેનું આલેખન પુસ્તક્ના પાને પાને છે.

મેંઢા ગામને જોડવાનું કામ મેંઢાના સામુદાયિક જંગલે કર્યું. સમગ્ર ભારતમાં જે રીતે બ્રિટિશ શાસન સમયે અને ત્યારબાદ આઝાદ ભારતની સરકાર દ્વારા જે રીતે જંગલની માલિકી પોતાની કરીને જંગલમાં રહેતા મૂળ જંગલવાસી આદિવાસીઓને પોતાના પરંપરાગત હક્કોથી વ્યવસ્થિત ઢબે વંચિત કરવામાં આવ્યાં તેવી જ આબેહૂબ પરિસ્થિતિ મેંઢાના આજુબાજુના ૧૮૦૦ હેક્ટર જંગલમાં ઊગેલ વાંસ-વન અંગે પણ હતી. આ જંગલની જમીન ગામની સામુદાયિક માલિકીની બને તે માટે ગામ લોકોએ લાંબો સંઘર્ષ કર્યો. અહિંસક આંદોલન કરીને અનેક મુશ્કેલીઓનો સામનો કરીને મેંઢા ગામના લોકોએ કાયદેસર રીતે ગામનું જંગલ ગામની માલિકીનું બનાવ્યું તે પ્રક્રિયા કાબીલેતારીફ છે. આ સંઘર્ષે મેંઢાના લોકોને શીખવ્યું કે કઈ રીતે શોષણકર્તાઓનો અહિંસક અને બંધારણની મર્યાદામાં રહીને એકજૂટ થઈને સામનો કરી શકાય અને અંતે સમસ્યાનું લોકહિતમાં નિરાકરણ કરી શકાય.

આ સમગ્ર પ્રક્રિયાએ રાજકીય સંઘર્ષ માટેની સજ્જતા અને રાજકીય ઇચ્છાશક્તિને મજબૂત બનાવી, એ મેંઢા ગામની અનોખી સિદ્ધિ કહી શકાય. ગામે ભેગા થઈને સર્વસંમતિથી વાંસવન પર સામૂહિક હક્કો કઈ રીતે મેળવ્યા તેનું રોચક દસ્તાવેજીકરણ પુસ્તકમાં થયું છે. વળી, સામુદાયિક વનના માલિક બન્યા બાદ સામુદાયિક મિલકતનું સંચાલન અને નિયમન કરવું ખાસ્સું એવું પડકારજનક હતું. ફક્ત સામુદાયિક જંગલની માલિકી લોકોના વ્યક્તિગત કે સામૂહિક હિત માટે ન હોવી જોઈએ. પરંતુ, આ મિલકતનું જતન-સંવર્ધન કરવું પણ એટલું જ જરૂરી લાગ્યું. આ માટે ગામની ગ્રામસભાએ ખૂબ જ ચર્ચા અને વિચાર-વિમર્શ કરીને નિયમો બનાવ્યા. આ નિયમો બનાવતી વખતે બહુમતીના અવાજને સમકક્ષ લઘુમતીના અવાજને પણ એટલું જ પ્રાધાન્ય આપવામાં આવ્યું. દરેક વ્યક્તિને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવામાં આવી. ચર્ચા અને વિચાર-વિમર્શ કરીને અંતે સમગ્ર ગામ લોકોની સર્વસંમતિથી નિયમો બનાવવામાં આવ્યા. તેમાં ગામની કોઈ વ્યક્તિ ગેરકાયદેસર વાંસ કાપે તો તેને દંડ જમા કરાવવો ફરજિયાત છે. વળી, એવું પણ સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું કે, વાંસવન આપણી જીવાદોરી છે માટે નૈસર્ગિક સંપત્તિને આપણી ગણીને તેનું પર્યાવરણીય રીતે જતન-સંવર્ધન કરવાના પણ નિયમો બનાવવામાં આવ્યા.

પ્રશ્ન એ ઊભો થાય કે શું સમગ્ર ગામની સર્વસંમતિ શક્ય બની શકે ? મેંઢા ગામમાં આ શક્ય બન્યું તેનું મહત્ત્વનું કારણ નિર્ણયની પ્રક્રિયામાં અધ્યયન અને ચર્ચાનું મહત્ત્વ. ગ્રામસભામાં કોઈ પણ બાબત પર નિર્ણય લેતાં પહેલાં આ અંગે લોકોના જે પ્રશ્નો હોય તે પ્રશ્નો પર ઊંડાણથી ચર્ચા થાય. લોકો પોતાનું મંતવ્ય હિંમતથી રજૂ કરે અને આ મંતવ્ય પર ગહન ચર્ચા-વિચારણા થાય. મંતવ્યના દરેક પાસા પર વિગતવાર વિચારણા થાય, તેના ગુણ-દોષની સમીક્ષા થાય અને ત્યારબાદ તેને અંતિમ નિર્ણય માટે ગ્રામસભામાં મૂકવામાં આવે. એટલે ગ્રામસભામાં કોઈ પણ બાબતને રજૂ કરતાં પૂર્વે આ અંગે ઊંડાણથી ચર્ચા-વિચારણા કરવી તે મેંઢાની સર્વસંમતિની પ્રક્રિયાનું સૌથી મહત્ત્વનું અંગ રહ્યું છે.

ઉદાહરણ સ્વરૂપે ગામમાં મોટાભાગના લોકોનું માનવું હતું કે, દારૂબંધી વ્યક્તિ અને ગામના હિતમાં જરૂરી છે. પરંતુ, દારૂનું વેચાણ કરનાર આની વિરુદ્ધમાં હતા કેમ કે દારૂબંધી થાય તો તેમની આવક અટકી પડે. એટલે ગામલોકો વચ્ચે પ્રથમ તો ચર્ચા ચાલી. દરેકને પૂછવામાં આવ્યું કે દારૂ પીવાથી નુકસાન થાય છે ? તો બધાએ હા કહી. વેચનારા પણ સંમત થયા કે દારૂ પીવાથી લોકો શારીરિક-આર્થિક અને સામાજિક રીતે પાયમાલ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

થાય છે. તો પછી દારૂ કેમ વેચવામાં આવે છે ? એક વર્ષની લાંબી ચર્ચાના અંતે સર્વસંમતિથી નિર્ણય લેવાયો કે ગામમાં દારૂ સંપૂર્ણપણે બંધ કરવો. વેચનારાની રોજગારી ગઈ તો ગામે તેની વૈકલ્પિક વ્યવસ્થા કરી. આમ, ખૂબ જ મુશ્કેલ લાગતો પ્રશ્ન સર્વસંમતિથી હલ થઈ શક્યો.

આમ, સર્વસંમતિ મેંઢા ગામની ગ્રામસભાનું કેન્દ્રબિંદુ છે. જેના કારણે ગામ લોકોની વચ્ચે કડવાશ રહેતી નથી. બધાની સંમતિ હોવાથી માંહો-માંહે એકબીજા પ્રત્યે આદર રહે છે, જેના થકી અહિંસક વાતાવરણ તૈયાર થાય છે. મેંઢા ગામનું આ પાસું ગાંધી-વિનોબાના ચિંતનને આગળ લઈ જતું દેખાય છે.

ગામના રહેવાસી અને ગૌંડ સમાજના (સમગ્ર ગામના બધા જ રહીશો ગૌંડ આદિવાસીઓ છે.) અગ્રણી એવા દેવાજી તોફા આ સર્વસંમતિની બાબતમાં ખૂબ જ ચિંતનશીલ અદાથી કહે છે કે, અમારા ગામમાં પ્રાથમિક કે માધ્યમિક શિક્ષણ સુધી ખૂબ જ ઓછા લોકો ભણ્યાં છે. હું પોતે ચાર ચોપડી ભણેલો છું. પરંતુ, દુનિયાદારીને જોતાં એવું સમજાયું કે વિજ્ઞાન અને અધ્યાત્મનું જોડાણ કરવું જરૂરી છે. વૈજ્ઞાનિક અભિગમ વિના સર્વસંમતિ શક્ય નથી. લોકોએ સર્વપ્રથમ પોતાની આવી પરિસ્થિતિ કેમ બની છે તેના પર ચિંતન કરવું આવશ્યક છે. પરિસ્થિતિ અંગે પોતાની જાતને પ્રશ્નો પૂછવા જરૂરી છે. આ પ્રશ્નોના જવાબો જ્યારે મળતા થાય એટલે સમસ્યાનો ઉકેલ મળતો હોય છે. બીજા શબ્દોમાં કહું તો, શાસનમાં શોષણ નિહિત હોય છે. તેને જાણવું, તેના પર પ્રશ્નો કરવા, તેના જવાબો શોધવા અને પછી ઉકેલની દિશા તરફ જવું એટલે આપોઆપ સર્વસંમતિ સધાય છે. મેંઢા ગામમાં અમે આ જ કર્યું છે.

ગોંડ આદિવાસીઓના જીવનમાં પરંપરાગત રીતે ગોટુલનું અદકેરું મહત્ત્વ રહ્યું છે. ગોટુલ એક એવી જગ્યા છે, જે ગામની બહાર સાગના લાકડાંમાંથી ગામલોકોએ જાતે ભેગાં થઈને બનાવેલું સ્થાન હોય છે. જેમાં ગામના અપરિણીત કિશોર-કિશોરીઓ સાત વર્ષની ઉંમર બાદ સાથે રહે છે. એકબીજાનો પરિચય કેળવે છે અને કઈ રીતે આગળનું જીવન નિતિમત્તા સાથે જીવવું તેના પાઠો શીખે છે. જાણીતા નૃવંશશાસ્ત્રી અને આદિવાસીઓ ઉપર આધારભૂત ગ્રંથો લખનાર વેરિયર એલ્વિને લખેલ 'મોરીયા અને તેઓનું ગોટુલ' નામનું ૭૦૦ પાનાંનું પુસ્તક આ અંગે ઊંડાણપૂર્વકની સમજ આપે છે.

ગોટુલની પરંપરા હવે મધ્ય ભારતના આદિવાસી વિસ્તારોમાં આધુનિકતાના પરિણામે અસ્તિત્વમાં નથી. આમ છતાં, મેંઢા ગામના લોકોને તેમની આ પરંપરાગત અનોખી જીવનપદ્ધતિની જાણ થઈ એટલે તેને ફરી પાછી જીવંત કરવાનું નક્કી કર્યું. આ માટે જંગલમાંથી સાગનાં લાકડાં લાવવામાં આવ્યાં અને ગોટુલનું બાંધકામ કર્યું. ગામલોકોને ખબર હતી કે, જંગલમાંથી લાકડાં લાવ્યાં છે તે માટે જંગલખાતાવાળાઓ તેઓને તેમ કરતાં અટકાવશે. પરંતુ, ગ્રામસભાએ નક્કી કર્યું કે, જંગલ આપણી સામૂહિક માલિકીનું છે અને ગોટુલ એ આદિવાસી સંસ્કૃતિનો એક ભાગ છે, જેનું રક્ષણ કરવું એવું સરકાર પણ માને છે. માટે આપણે ગોટુલ બાંધવું જોઈએ. ગોટુલ બાંધવામાં આવ્યું અને ગામલોકોની અપેક્ષા મુજબ જંગલખાતાવાળાઓ દ્વારા જંગલમાંથી ગેરકાયદેસર લાકડાં લાવ્યાં છો એમ કહીને ગોટુલના બાંધકામને તોડી પાડવામાં આવ્યું.

ગામલોકોએ જંગલખાતાવાળાને સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે આદિવાસી સંસ્કૃતિના રક્ષણ માટે અમે અમારી માલિકીના જંગલમાંથી લાકડાં લાવ્યાં છીએ એટલે તમે જેટલી વાર ગોટુલને તોડશો તેટલી વાર અમે નવું બનાવીશું. બેથી ત્રણ વાર ગોટુલ તોડી પાડવામાં આવ્યું. આના જવાબરૂપે મેંઢા ગામે તેની આજુ-બાજુનાં બીજાં ૩૨ ગામોને આવાં ગોટુલ બનાવવા તૈયાર કર્યાં અને ગોટુલ બન્યાં. ઠેર ઠેર ગોટુલ બન્યાંની માહિતી મળતાં જંગલ ખાતું ચોંકી ઊઠ્યું. જંગલ ખાતાવાળાઓએ બધાં ગામોની મિટિંગ બોલાવી જેમાં કલેક્ટર જાતે હાજર રહ્યા. મેંઢા ગામના લોકોએ સરકારના પરિપત્ર બતાવ્યા કે આદિવાસી સંસ્કૃતિનું રક્ષણ-સંવર્ધન કરવું સરકારની ફરજ છે. અંતે કલેક્ટરે માન્યતા આપી અને સમગ્ર ગઢચિરોલી પંથકમાં આવાં ગોટુલ બનાવવા માટે અધિકૃત પરિપત્ર બહાર પડાયો. આ ઘટના બાદ મેંઢા ગામે નક્કી કર્યું કે -

''દિલ્હી-મુંબઈમાં અમારી સરકાર અને
અમારા ગામમાં અમે જ સરકાર.

આ ફક્ત સૂત્ર નથી પરંતુ, વાસ્તવિકતાપૂર્ણ અમલમાં મુકાયેલી વાત હતી. જેનો અમલ મેંઢા ગામે ખૂબ જ ખંત અને પ્રમાણિકપણે કર્યો. સામુદાયિક માલિકી ધરાવતું દેશનું પ્રથમ ગામ મેંઢા બન્યું જે ગ્રામ-સ્વરાજની રચના માટેનું આવકારદાયક પગલું છે. આ ઘટનાની સાથે સાથે મેંઢા ગામની સ્ત્રીઓ પણ દરેક સંઘર્ષમાં સાથ આપતી જોવા મળી. દેવાજી તોફા સ્ત્રીઓની ભાગીદારી વિશે ખૂબ જ સંવેદનશીલ શૈલીમાં કહે છે :

''અમને અનેક સંઘર્ષો બાદ સમજાયું કે સ્ત્રીઓ પાસે ઝીણામાં ઝીણું જોવાની સૂઝ હોય છે. સ્ત્રીઓની સમજ પુરુષોની સમજથી ઘણી વિશાળ અને સમસ્યાના હાર્દ સુધી પહોંચતી હોય છે. એટલે અમે નક્કી કર્યું કે સ્ત્રીઓની ભાગીદારી દરેક કામમાં હોવી અનિવાર્ય છે.''

મેંઢા ગામની આ અનોખી સમજણે ગામના વ્યવસ્થા-સંચાલનમાં સ્ત્રીઓની ભાગીદારીને મોખરાનું સ્થાન આપ્યું, જેનો ફાયદો ગામને થયો. આ એક મોટું ક્રાંતિકારી પગલું હતું. આમ, મેંઢા ગામે સમગ્ર વિશ્વને સંદેશો આપ્યો કે ગામની નૈસર્ગિક સંપત્તિની ખરી માલિકી ગામની છે. અને તેનું સંચાલન તે ગામની જવાબદારી છે. સામુદાયિક સંપત્તિની માલિકીમાં સ્ત્રીઓ પણ બરોબરીની હક્કદાર છે, એવો પણ ક્રાંતિકારી સંદેશ મેંઢા ગામે વિશ્વને આપ્યો.

સામાન્ય રીતે ગામડાંઓમાં નાની બાબતો જેવી કે જમીન-આવકના પ્રમાણપત્ર કે ૭/૧૨ના જમીનના ઉતારા માટે સરકારી કર્મચારીને નાની-મોટી લાંચ આપવામાં આવે છે. મેંઢા ગામને લાગ્યું કે ગામની માલિકી આપણી છે. જમીન આપણી છે. જંગલ અમારું છે તો તેના પ્રમાણપત્ર માટે લાંચ કેમ આપવી. ગ્રામસભાએ લાંચ ન આપવાનો નિર્ણય લીધો અને નક્કી કર્યું કે જે અધિકારી લાંચ માંગે તેની પાસે રસીદ માંગવી, જો રસીદ ન આપે તો લાંચ ન આપવી. તેવી જ રીતે બીજા ગામના લોકો મેંઢાના જંગલમાં વાંસ લેવા આવે અને ખાનગીમાં ગામની કોઈ વ્યક્તિ લાંચ લઈને વાંસ આપે તો તે વ્યક્તિને દંડ કરવો. આવા નિયમોને



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કારણે લાંચ આપવાની પ્રથા સદંતર બંધ થઈ. સરકારી કર્મચારી મેંઢા ગામના વ્યવહારથી એટલા પરિચિત થઈ ગયેલા કે મેંઢાગામની વ્યક્તિ પાસે લાંચ જ માંગવાનું બંધ થઈ ગયું. લાંચ ન આપીને સામાજિક નૈતિકતા પ્રસ્થાપિત કરવાનું સૌથી મોટું કામ મેંઢાએ કર્યું, જે ગાંધીજીના સાધન-શુદ્ધિના વિચારને અનુમોદન આપતી ઘટના છે.

મેંઢા ગામ વિનોબાજીએ જે વિચાર રજૂ કર્યો, તે મુજબ ગ્રામદાની ગામ તરીકે જાહેર થયું છે. હાલમાં પણ સમગ્ર ગામની જમીન ગામની માલિકીની છે. અને ગ્રામદાનના નિયમો મુજબ ગામનો વહીવટ ચાલી રહ્યો છે. મેંઢા ગામના ગ્રામસ્વરાજના પ્રયોગો અનુકરણીય તો છે જ પણ સાથે સાથે આપણા જૂના પુરાણા ખ્યાલો, માન્યતાઓ, વલણો, મૂલ્યો અને માપદંડોને નવેસરથી જોવા માટે મજબૂર કરે છે. વિકાસ અને પ્રગતિના ખ્યાલોને પણ નવેસરથી સમજવા માટે પ્રેરે છે. મેંઢા ગામની વાત એ બાબતે નુકતેચીની કરે છે કે :

(૧) અમારા ગામમાં અમે જ સરકાર એ સૂત્ર અને તેનો અમલ ખરા અર્થમાં લોકભાગીદારી વાળી લોકશાહીને જીવંત બનાવે છે.

(૨) બહુમતીથી થતા નિર્ણયો ખામીયુક્ત અને અન્યાય ભર્યા છે. લઘુમતીના ખ્યાલો-વિચારોને પણ પૂરતું પ્રતિનિધિત્વ મળે તે સ્વ ઉપરના રાજ માટે જરૂરી છે. આના કારણે સર્વસંમતિ તરફ સરળતાથી વધી શકાય તેવો મેંઢા ગામની વાતનો મુખ્ય સૂર છે.

(૩) શાસનમાં શોષણ છે. શોષિત જાતે આ શોષણને ઓળખીને તે શા માટે થાય છે તેના પર ચિંતન કરે અને ત્યારબાદ તેના ઉકેલ માટે કટિબદ્ધ થાય તે વાત મેંઢા ગામનો કેન્દ્રવર્તી વિચાર છે. આ પ્રક્રિયાને કારણે લોકશાહી મજબૂત બને છે અને સર્વસંમતિ સાધવાનું સરળ બને છે. અહિંસા તેનું અભિન્ન અંગ બની જાય છે.

(૪) લોકોના સદ્‌ગુણોને પ્રોત્સાહન આપીને ચર્ચા-વિચારણામાં ભાગીદાર બનાવવાનો અનોખો પ્રસંગ મેંઢા ગામે કર્યો જેના કારણે સમાનતા-સહભાગીદારી-સહકારિતા અને સામેલગીરી વાળી મનોવૃત્તિ લોકોમાં આપોઆપ જન્મે છે, જે સરવાળે સર્વોદયના વિચારને ચરિતાર્થ કરે છે.

સમાપન કરતાં પહેલાં એક ખાસ વાતનો ઉલ્લેખ કરવો જરૂરી છે. મેંઢા ગામના લોકો ખરા અર્થમાં ગ્રામસ્વરાજને સિદ્ધ કરી શક્યા તેમાં જે બે કર્મશીલોની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી તેની વાત વિના મેંઢાનો પ્રયોગ અધૂરો રહી જતો લાગે છે. સર્વ પ્રથમ તો મોહન હીરાબાઈ હીરાલાલ, જેઓ છાત્ર યુવા સંઘર્ષ વાહિનીમાં જોડાયા બાદ ગઢચિરોલી જિલ્લામાં ગાંધીજી-વિનોબાજી-જયપ્રકાશજીએ કલ્પેલા ગ્રામસ્વરાજને હાંસલ કરી શકાય તેવા ગામની શોધમાં હતા. આ દરમિયાન સામાજિક કર્મશીલોની એક શિબિરમાં તેમનો ભેટો મેંઢા ગામના દેવાજી તોફા સાથે થયો. દેવાજી સાથે વાતો કરતાં મોહનભાઈને લાગ્યું કે જે ગામનું સ્વપ્ન એમણે જોયેલું તે મેંઢા છે. અને પછી જીવનનાં મહત્ત્વનાં વર્ષો તેમણે મેંઢા ગામને સમર્પિત કરી દીધાં. ત્યારબાદ જે બન્યું તે ઇતિહાસ છે. મોહનનું ગયા વર્ષે ૭૫ વર્ષની ઉંમરે અવસાન થયું પરંતુ તેમણે વાવેલો વડલો મેંઢા ગામના સ્વ ઉપરના રાજ પર શીળી છાયા આપતો રહે છે. દેવાજી

(જુઓ પાન નં. ૦૭)

# ભૂમિપુત્રની ડિજિટાઈઝ્ડ સર્ચેબલ આર્કાઈવ અને તેનું વિમોચન

ગુજરાતનાં શિરમોર ગણાતાં વિચારપત્રોમાંનું એક છે-ભૂમિપુત્ર, જેણે છેલ્લા લગભગ સાત દાયકાથી અવિરતપણે દર ૧૫ દિવસે આપણા બારણે ટકોરા મારીને વ્યક્તિગત જીવનવિકાસથી માંડી દેશ-દુનિયા પ્રત્યે, પર્યાવરણ પ્રત્યે, આવતી પેઢી પ્રત્યે આપણી નિસ્બતને જીવતી રાખી છે. ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૫૩થી શરૂ થયેલું આ સામયિક વચમાં ત્રણેક દાયકા દશવારિયાં તરીકે અને પછી પાક્ષિક તરીકે પ્રકાશિત થતું આવ્યું છે. આઝાદી પછીના ભૂદાન આંદોલન અને વિનોબા વંટોળથી માંડીને ગામડાંને ધ્યાનમાં રાખીને ગ્રામ-સ્વરાજ અને ગ્રામસેવા માટે લાગેલા સમુદાય, કટોકટીકાળના અનુભવ અને તેમાંથી ઊભી થયેલી લોકનીતિ-લોકરાજની ફિલસૂફી અને પ્રયોગો, અનામત આંદોલન, વૈશ્વિકીકરણ, કોમવાદનું રાજકારણ જેવા જાહેર જીવનના આ બધા તબક્કાઓમાંથી દેશ પસાર થયો તેનું એક આગવું પ્રતિબિંબ ભૂમિપુત્રના અંકોમાં પડે છે. તેની વચ્ચે-વચ્ચે માત્ર ભારતની જ નહીં પણ સમગ્ર વિશ્વની સામાજિક, રાજકીય, આર્થિક, પર્યાવરણીય પરિસ્થિતિના બદલાવને તે રજૂ કરતું આવ્યું છે. વિકાસની દોડમાં જળ-જંગલ-જમીન-દરિયા-ખનીજ સંપત્તિ અને તેના સંબંધિત અધિકારોની વાતો તેમજ સમાજના વંચિતોની વાતો તેમાં કંડારાયેલી છે. આ દરમિયાન દેશ-દુનિયામાં ગાંધી, સર્વોદય, ચિરંજીવ વિકાસ અને પર્યાવરણ વિશેના વિચારો અને કામોનો પરિચય તેમાં થાય છે. વળી, કળા અને સાહિત્યજગતનો પણ તે સતત સ્પર્શ કરાવતું આવ્યું છે. આવું બહુ-આયામી અને એક રીતે અજોડ છે, આપણું ભૂમિપુત્ર!

વ્યક્તિથી લઈને સમષ્ટિ, દેશ અને વિશ્વને વધુ સુંદર અને જીવવા લાયક બનાવી રાખવા માટેના સર્વોત્તમ વિચારો અને કાર્યનો સંગ્રહ તેના ૭૩ વર્ષના ૧૯૫૦થી વધુ અંકોના ૨૦૦૦૦થી વધુ લેખોનાં ૩૮૦૦૦થી વધુ પાનાંઓમાં સમાયેલો છે! ગુજરાતના પત્રકારત્વના ઘરેણા સમા આવા ભૂમિપુત્રના જૂના અંકો જર્જરિત થતા જાય છે. જમાનાની માંગ પ્રમાણે આ ભવ્ય વિચાર-વારસો ડિજિટાઇઝ્ડ કરી દઈને જગત-ચોકમાં સુલભ કરી દેવાથી આવતી પેઢીને ભરપૂર માર્ગદર્શન મળે તેવી આશા છે. આ ડિજિટલ સ્વરૂપ ઇતિહાસકારો, એકેડેમિશિયનો, કર્મશીલો, સંશોધકો, પત્રકારો અને લેખકોને પણ કામ લાગશે કારણ કે તેમાં વર્ષ, ખંડ, લેખકનાં નામ, વિભાગ, શ્રેણી વગેરેને આધારે શોધ કરીને કામના લેખો અલગ તારવી શકાશે. પ્રયત્ન એવો પણ છે કે, છેલ્લા એકાદ દાયકાના લેખોને પચાસેક વિષયો અને એંશી જેટલા ચાવીરૂપ શબ્દને આધારે પણ શોધી શકાય.

ભૂમિપુત્રના ડિજિટાઇઝ્ડ સ્વરૂપનું વિમોચન **તા. ૬ ઠ્ઠી સપ્ટેમ્બર ને રવિવારે જિતેન્દ્ર દેસાઈ મેમોરીયલ હૉલ, નવજીવન, અમદાવાદ ખાતે સાંજે ૪.૩૦** પછી દિલ્હી સ્થિત જાણીતા પત્રકાર, લેખક અને વિવેચક શ્રી. સોપાન જોશીના હસ્તે રાખેલ છે. ભૂમિપુત્રના વાચકો સમેત સૌને જાહેર આમંત્રણ.

– કપિલ શાહ



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# મેંઢા ગામની વાત - પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ

**૧૧** જુલાઈના રોજ ગાંધી વિદ્યાપીઠ વેડછી મુકામે વિદ્યાપીઠ, યજ્ઞ પ્રકાશન સમિતિ અને વેડછી પ્રદેશ સેવા સમિતિ, વાલોડના સંયુક્ત ઉપક્રમે 'મેંઢા ગામની વાત' પુસ્તકના લોકાર્પણ અને વિમોચનનો કાર્યક્રમ યોજાઈ ગયો. મૂળ મરાઠીમાં ડૉ. મિલિંદ બોકીલ લિખિત 'ગોષ્ઠ મેંઢા ગાવાચી'નું હિંદી ભાષાંતર પરાગ ચોળકરે કર્યું : 'કહાની મેંઢા ગાંવકી'. આ પુસ્તકને ગુજરાતી ભાષામાં ઉતાર્યું પ્રો. કિશોરભાઈ દેસાઈએ. આ કાર્યક્રમમાં ગાંધી વિદ્યાપીઠ વેડછીના વિદ્યાર્થીઓ, દક્ષિણ ગુજરાતનાં આદિવાસી ગામડાઓમાં કાર્ય કરતા અનેક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. 'રૂડો રૂપાળો મારો વેડછીનો વડલો'ના ગાન સાથે ગાંધીવિદ્યાપીઠના પ્રાંગણમાં ખૂબ જ યોગ્ય રીતે શોભતા આ કાર્યક્રમમાં પુસ્તકના મૂળ લેખક ડૉ. મિલિંદ બોકીલ તેમજ મેંઢા ગામના મુખ્ય કાર્યકર દેવાજી તોફા પોતાની ટુકડી સાથે ખાસ મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતી પુસ્તકનો અનુવાદ કરનાર અને આખાયે ઉપક્રમના પ્રેરણા-સ્રોત એવા કિશોરભાઈ દેસાઈએ કાર્યક્રમની ભૂમિકા બાંધતાં કહ્યું, ''દક્ષિણ ગુજરાતમાં ગ્રામસ્વરાજ માટે છેલ્લા એક વર્ષથી અમે બધા પ્રયત્નશીલ છીએ. આ કામ કરતા હતા તેવામાં મેંઢા ગામના કામ અંગેના પુસ્તકની જાણકારી મળી. અગાઉ પણ આ પ્રયોગ વિશે માહિતી મળી હતી. વર્તમાન સમયમાં શહેરીકરણ વધી રહ્યું છે અને ભારતનો પ્રાણ તેનાં ગામડાંમાં ભાંગતો જાય છે. આમાંથી દેશ અને દેશવાસીઓને બચાવવા હોય તો મેંઢા જેવા પ્રયોગો બીજે પણ થવા જોઈએ. આમ થાય તો ગાંધીજી અને વિનોબાજીએ કલ્પેલા ગ્રામસ્વરાજનું સપનું સાકાર કરી શકાય. બસ, આ જ વાત મનમાં પાકી થતાં પ્રસ્તુત પુસ્તકનો ગુજરાતી અનુવાદ કરવાનું નક્કી કરી લીધું. યજ્ઞ પ્રકાશન અને પારુલબેન દાંડીકરના સહકારથી આ અનુવાદ પુસ્તકરૂપે પ્રકાશિત થયો તે આનંદની વાત છે.''

પ્રસ્તુત પુસ્તકમાં મેંઢા ગામમાં જે રીતે ગ્રામસ્વરાજ પ્રસ્થાપિત કરવામાં આવ્યું તેના સચોટ અને તલસ્પર્શી દસ્તાવેજીકરણ છે. 'દિલ્હી મુંબઈમાં અમારી સરકાર અને અમારા ગામમાં અમે જ સરકાર'ના સૂત્રને મેંઢા ગામે ચરિતાર્થ કરી બતાવ્યું છે. વિકેન્દ્રિકરણને કારણે લોકશાહી મજબૂત બને છે તેમજ સૌને સમાન ન્યાય પ્રાપ્ત થાય છે, જે મેંઢામાં આપણને જોવા મળે છે. ભારતનાં અન્ય ગામો મેંઢાના પ્રયોગમાંથી પ્રેરણા લઈને ગ્રામ-સ્વરાજનો માર્ગ અપનાવે તે ખૂબ જરૂરી છે.

પુસ્તકના લેખક મિલિંદ બોકીલે પોતાના પુસ્તકનો ગુજરાતી અનુવાદ થયો તે બદલ આનંદ અને આભારની લાગણી વ્યક્ત કરતાં કહ્યું કે, ''પુસ્તક લખવાનો વિચાર છાત્ર યુવા સંઘર્ષ વાહિનીના દિવસો દરમિયાન થયેલા મિત્ર મોહન હીરાબાઈ હીરાલાલે જ્યારે મને મેંઢાના પ્રયોગની વાત કરી ત્યારે મને લાગ્યું કે આ વાત તો દેશના ઘરે ઘરે પહોંચવી જોઈએ. આજે જ્યારે દેશ વિકાસની એકદમ જુદી દિશામાં ચાલી રહ્યો છે અને સરકાર એક પછી એક પોતાની જવાબદારીમાંથી છટકી જવા માંગે છે તેવા સમયે મેંઢા ગામે જે કરી બતાવ્યું છે તે માત્ર પ્રશંસનીય જ નહીં પરંતુ પ્રેરણાદાયી અને દિશાસૂચક છે. મેંઢામાં જે લોકો બહુમતી સાથે સંમત નથી થતા તેની વાતને પણ ધ્યાનમાં લઈને નિર્ણય પ્રક્રિયા થાય છે. આમ સમગ્ર ગામની સંમતિ થાય ત્યાં સુધી સમજાવટ, પ્રશ્નો, અભ્યાસ, મૂલ્યાંકન વગેરે પ્રક્રિયામાં ગામ આખું ભળે છે. આને કારણે એક મજબૂત સમજણવાળી લોકશાહી અને અહિંસક સમાજની રચના મેંઢામાં સંભવ બની છે, જે સૌથી મહત્ત્વની ઘટના છે. આ જ પદ્ધતિથી શહેરોમાં પણ મહોલ્લા સમિતિ બનાવીને વિકેન્દ્રીકરણની પ્રક્રિયા વધુ ગતિશીલ બનાવી ન્યાય માટેની વ્યવસ્થા ગોઠવી શકાય.''



મેંઢા ગામના રહેવાસી-આગેવાન અને મોહનભાઈના સાથીદાર દેવાજી તોફાએ એમની પ્રભાવક શૈલીમાં મેંઢામાં કઈ રીતે સર્વસંમતિ સધાઈ છે તે પ્રક્રિયાની માંડીને વાત કરી. તેમણે એ વાત પર ભાર મૂક્યો કે શાસનમાં શોષણ રહેલું છે. તેથી શાસનને બરાબર સમજવું જરૂરી છે. એક વાર આપણા ધ્યાનમાં આવી જાય કે શાસન કેવી રીતે લોકોનું શોષણ કરે છે, પછી તેનો ઉકેલ મળી જ જાય છે. દેવાજીએ સમસ્યાના નિરાકરણમાં અધ્યયન કઈ રીતે મદદરૂપ નીવડે છે તેની પણ વિગતે વાત કરી. અધ્યયન-ચર્ચા-પ્રશ્નો પૂછવા- વિરોધ કરવો - વારંવાર પુછાયેલ પ્રશ્નો પર ફરી ફરીને ચર્ચા કરવી, હિંદીમાં જેને 'બાલ કી ખાલ ઉતારના' કહે છે તેમ કરવું. આ ઉપરાંત બધાને પોતાની રજૂઆત કરવાની તક મળે એ અનિવાર્ય છે. આ પ્રક્રિયાને કારણે ધીમે ધીમે લોકો એકબીજાની વાત સમજે છે અને પછી સર્વસંમતિ સધાય છે. તેથી વધુ ને વધુ અધ્યયન થાય - ચર્ચા થાય - પ્રશ્નો પુછાય તે લોકશાહીને જીવંત રાખવા તેમજ સ્વસ્થ રાખવા માટે જરૂરી છે.

અધ્યક્ષ સ્થાનેથી શ્રી અરમસિંહભાઈ ચૌધરીએ પુસ્તકના લેખક મિલિંદ બોકીલને ખાસ અભિનંદન આપ્યા તેમજ ગુજરાતી અનુવાદ કરવા માટે કિશોરભાઈ દેસાઈનો આભાર માની પુસ્તકનું લોકાર્પણ કર્યું. તેમણે જણાવ્યું કે આપણા પ્રદેશમાં પણ મેંઢા ગામ જેવા પ્રયોગો થવા જોઈએ. ગાંધીજી-વિનોબાજીને સાચી શ્રદ્ધાંજલિ તો ગ્રામસ્વરાજના સ્વપ્નને સાકાર કરીને જ આપી શકાય.

**– સત્યકામ જોષી**

■ **સુરતમાં પુસ્તક લોકાર્પણ કાર્યક્રમ**

ગાંધી વિદ્યાપીઠ પછી તારીખ

(જુઓ પાન નં. ૧૧)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પીવાના પાણીની ખેંચનો પોતીકો ઉકેલ - 'ભૂગર્ભ ટાંકો'

**જે**ને નથી કોઈ રંગ કે નથી ગંધ-સુગંધ. નથી કોઈ આરો-તૂરો, તીખો કે કડવો-ગળ્યો સ્વાદ કે નથી શરીરને જોઈતાં પોષક તત્ત્વો તેમાં, અને છતાં જીવ માત્રમાં જીવનરસ બની વ્યાપી રહેલું કુદરતનું અદ્‌ભુત સર્જન એટલે 'પાણી' !

પાણીની વરાળમાંથી વાદળ બંધાય, વાદળાંમાંથી પાણી અને કરા રૂપે વરસાદ વરસે - આમ પાણીનું પરિભ્રમણ નિરંતર ચાલ્યા કરે અને એના થકી ધરતી પરનાં પ્રાણી-વનસ્પતિ સૌ જીવોનાં જીવન ધબકતાં રહે છે. એનાં બદલાતાં રહેતાં સ્વરૂપો ભલેને છે ત્રણ, પણ પૃથ્વી પરનો કુલ જથ્થો તો એટલો જ રહે છે. બહુ અચંબો પમાડે એવી વાત એ છે કે કરોડો વરસથી આ પૃથ્વી પર કંઈ કેટલાયે ફેરફારો થઈ ગયા પણ એના પાણીના કુલ જથ્થામાં ખાસ વધઘટ થતી નથી.

મીઠું પાણી આપણા માટે મહામૂલું એટલા માટે છે કે પૃથ્વી પરના કુલ પાણીનો ૯૭% જથ્થો તો ખારા પાણી સ્વરૂપે સમુદ્રમાં હિલોળા લઈ રહેલ છે. પીવાલાયક મીઠા પાણીના બાકી રહેલ ૩% પાણીમાંથી પણ બે ભાગનો જથ્થો તો ઉત્તર-દક્ષિણ બંને ધ્રુવો અને પર્વતો પર બરફ સ્વરૂપે રોકાઈ રહેલ હોય છે. જમીન પર તો ત્રીજા ભાગથી યે ઓછું છે. અને એ ય બધું આપણા માટે સીધે સીધું ઉપયોગમાં લઈ શકીએ તેવું એટલા માટે નથી કે એનો પણ ૯૮.૭ ટકા જથ્થો તો જમીનમાં ઊતરી ગયેલ ભૂગર્ભ-જળ સ્વરૂપે હોઈ નદી-તળાવ અને સરોવરમાં સંચિત તો ૧.૩ ટકા જ બચેલું છે. કુલ પાણીના મીઠા પાણીવાળા ૩% હિસ્સા માંહ્યલા ૦.૬૫% નો યે ૧.૩% હિસ્સો આપણી વપરાશના ક્ષેત્રમાં છે. અને તે યે કેટલો છે તે જાણશો તો યે અધ..ધધ.. કહેવાઈ જશે ! ૧.૧૩૦૦૦ અબજ ઘન મીટર ! અને છતાં આપણો જ ગેર વહીવટ આપણને પાણી માટે રડાવે છે.

આપણા ભાગે આવતા માત્ર એટલા અલ્પ જથ્થાના પીવા-લાયક પાણી ઉપર પ્રાણી-સૃષ્ટિને જિવાડવાની કેવી મોટી જવાબદારી ! અને જીવ માટે પાણી કેવું અમૂલું છે ! બીજી બધી યે જગતની કોઈ પણ વપરાશી ચીજોની ચિંતાઓમાં પાણીની ચિંતાને અગ્રતા આપવા જેવું નથી લાગતું ? તમે જ કહો !

### આપણી હાલની પરિસ્થિતિ તો જુઓ !

અત્યારની આપણે ત્યાંની સામસામા છેડાની વિષમ પરિસ્થિતિ તો જુઓ ! સુપડાધારે વરસતા વરસાદનું પાણી, પૂર બની હાહાકાર મચાવી આપણી નજર સામે જ દોડતું દરિયા ભેળું થઈ જાય છે. અને ઉનાળો આવ્યા ભેળા ખાલી બેડાં લઈ પાણી માટે અહીં-તહીં ભટકવાનું શરૂ થઈ જાય છે. અરે ! સરકારી ઓફિસોમાં આવેદનપત્રો આપીએ છીએ, બેડાં-સરઘસ કાઢી હાય હાય ને કાળો દેકારો બોલાવીએ છીએ ! પાણીસંગ્રહ અને વિતરણની આપણી આજની પદ્ધતિ માણસોની તરસ છિપાવી શકવામાં ઢીલી પડી રહી છે.

### ઉકેલ આપણા હાથમાં જ છે

આ પરિસ્થિતિનો ઉકેલ લાવવા ધારીએ તો વાત આપણા હાથની જ છે. અને ખરું કહીએ તો વસ્તીનો થઈ રહેલ વધારો અને આધુનિક સંસ્કૃતિના વિકાસના પરિણામે પાણીનો વપરાશ જ એટલો વધી રહ્યો છે કે પાણીની આ કપરી પરિસ્થિતિમાંથી છુટકારો મેળવવો અનિવાર્ય છે. કારણ કે આ બાબતે કોઈ સક્રિય પગલાં નહીં ભરાય તો પાણીના વધી રહેલા વપરાશ થકી ભૂગર્ભ જળ પણ ખૂટી જશે.

પાણી એ જીવન માટે ઉત્તમ પ્રવાહી હોવા છતાં પાણીનો પોતાનો સ્વભાવ જ એવો છે કે ભૂગર્ભમાં રહેલા જાત-ભાતના ખનીજોને પોતાનામાં ઓગાળવા ઉપરાંત ઉદ્યોગ-ફેક્ટરીઓ વગેરેમાં વપરાઈને નીકળતા પાણીમાં કેટલાંય રસાયણો ભળેલાં હોય છે. અને એવું જ ખેડૂતોનાં વાડી-ખેતરોમાં વપરાતાં ઝેરી જંતુનાશકો અને ફર્ટિલાઈઝરોનાં કેટલાંય રસાયણો ઉપરાંત માણસોના નાહવા-ધોવાના પાણીમાં રહેલા સાબુ-સોડા અને કૃત્રિમ રસાયણો અને સંડાસના શોષખાડા વગેરેનું નિતરણ પણ ધરતીના પેટાળમાં જ ઊતરવાનું ને ? અરે ! કોઈ કોઈ નદીઓમાં તો સીધી ગટરો ઠલવાતી હોઈ-નદીઓનાં પાણી પણ પીવાલાયક રહ્યાં નથી. એ બધાં દૂષિત પાણી જ્યારે ભૂગર્ભમાં ઊતરે અને ફરી કૂવા-બોરમાંથી ખેંચી બહાર કાઢીએ ત્યારે એ પાણી તો એનું એ જ મળવાનું ને ? તળમાં હોય એ જ બહાર આવે ને ?

### પ્રશ્ન માત્ર આપણા પૂરતો નથી

માત્ર સૌરાષ્ટ્ર, ગુજરાત કે હિંદુસ્તાન પૂરતો જ નહીં પણ સમગ્ર વિશ્વમાં મીઠાં-પીવાલાયક પાણીનો જથ્થો વધુ ને વધુ ઘટી રહ્યો છે. ત્યારે વહેલાસર જાગી, કાયમી ઉકેલ બાજુ વળ્યા વિના છૂટકો જ નથી. શુદ્ધ અને પીવાલાયક મીઠું પાણી મેળવવું હોય તો એનો એક માત્ર ઉપાય જો કોઈ હોય તો એ છે વરસાદી પાણીને ઝીલી લઈ સંગ્રહી લેવું એ જ. અને એ આપણા વડવાઓએ વરસો પહેલાં અમલમાં મૂકેલ ઉકેલ છે.

### આ રહ્યા બોલતા પુરાવા

૩૦૦ વરસ જૂની-પુરાણી આ પદ્ધતિ ગુજરાતના ઘણા પ્રદેશોમાં-પોરબંદર, જુનાગઢ, ભાવનગર, દ્વારકા, ઓખા, મહેસાણા, વેરાવળ, સુરેન્દ્રનગર અને ખેડા જિલ્લાનાં ગામોમાં વરસાદી પાણીને ઝીલી લઈ સંગ્રહ કરી લેવાના ભૂગર્ભ ટાંકા આજે પણ જોવા મળી રહ્યા છે.

ગ્રામ વિદ્યાપીઠ લોકભારતી સણોસરાના મારા સહાધ્યાયી-હાલ રાજકોટ રહેતા મારા પરમ મિત્ર ડૉ. વિનોદ માંગુકિયાએ જણાવ્યું છે કે ''પીવાનું પાણી મળે તે માટેના એક માત્ર ઉપાય રૂપે-અમારા આંગણામાં વરસાદી પાણી ઝીલી, તેનો સંગ્રહ કરી શકાય તેવા પચ્ચીસ પચ્ચીસ હજાર લીટરના બે અંડરગ્રાઉન્ડ ટાંકા બનાવી લીધા છે. અગાસીને ખૂબ સાફ કર્યા પછી વરસતા વરસાદનું પાણી તેમાં ભરીએ છીએ ટાંકાને એરટાઈટ ઢાંકણથી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બંધ રાખીએ છીએ. આ પાણીનો લેબોરેટરી ટેસ્ટ પણ કરાવ્યો છે. અને તે પ્રદૂષણ મુક્ત-પીવાલાયક સાબિત થઈ રહ્યું છે. જુનાગઢમાં પણ જેણે જેણે આવા ભૂગર્ભટાંકા બનાવ્યા છે તે બધાનો અનુભવ એવો જ છે કે ''એક વાર આ ટાંકાનું પાણી પીધા પછી બીજું પાણી ભાવતું નથી.'' આવા ભૂગર્ભ ટાંકા બનાવવા માટે આપણને સરકાર સારી એવી સબસીડી ફાળવીને પ્રોત્સાહન આપી રહી છે.

અમારી જ વાત કરું તો અમારા પરિવારના સુરત-સચીનનાં મકાનો ઉપરાંત અમારા ગામ માલપરા અને બાજુના ગામ ઢસામાં પણ ઘણાબધા મિત્રોનો આવો જ સારો અનુભવ ભૂગર્ભટાંકા બાબતે રહ્યો છે.

## ક્યાં બનાવાય આવો ટાંકો ?

આપણા મકાનને જો ફળિયું હોય તો ફળિયામાં અને ન હોય તો મકાનની ઓશરી કે રૂમની નીચે પણ બનાવી શકાય. પ્લાસ્ટિકની ટાંકી મૂકી એમાં પણ પાણી સંગ્રહી શકાય. પણ ફળિયામાં જમીન ઉપર આ વ્યવસ્થા ઊભી કરવાથી એટલી જગ્યા રોકાઈ ન રહે અને ઠંડી-ગરમી જેવી વાતાવરણીય માઠી અસરોનો ભોગ પણ ન બનવા પામે એટલા માટે જમીનની અંદર બનાવવો હિતાવહ છે. એમાં ધ્યાન તો એટલું જ રાખવાનું હોય છે કે મકાનની છત કરતાં ટાંકાનું લેવલ નીચું રખાયું હોય તો છતનું પાણી સરળતાથી ટાંકામાં ઊતરી શકે.

## કેવો હોય આ ભૂગર્ભ ટાંકો ?

ટાંકાનો ઘાટ ગોળ ચોરસ કે લંબચોરસ અને ઊંડાઈ કેટલી રાખવી, તે આપણી પાસેના ફળિયાની વિશાળતા અને સ્થિતિ, સ્થાન ઉપરાંત આપણા કુટુંબની જનસંખ્યા અને એની પાણીની જરૂરિયાતને ધ્યાને લઈ નક્કી કરાય. ચોરસ ઘાટ કરતાં ગોળ ઘાટમાં એટલા જ માલ-સામાનથી મજબૂતાઈ વધારે મળતી હોય છે. એક ઘનમીટર જગ્યામાં ૧૦૦૦ લીટર પાણી સમાઈ શકે. એટલે આપણે જેટલા હજાર લીટર પાણીની જરૂર હોય, એટલા ઘનમીટર મળી રહે તે રીતે ગણિત કરી લંબાઈ-પહોળાઈ અને ઊંડાઈ નક્કી કરી ટાંકો બનાવાય. ટાંકો બનાવવામાં એક વાર ખર્ચ કરવો પડે પણ પછી એ ટાંકો વરસો સુધી આરોગ્યપ્રદ પાણી પૂરું પાડવાની ફરજ બજાવતો રહેશે.

## ગણિત કેવી રીતે ગણવું ?

સામાન્ય રીતે ૫ માણસ એક કુટુંબની જનસંખ્યા ગણાય. એક વ્યક્તિને રોજનું પીવા અને રસોઈ વાસ્તે ૧૦ લીટર પાણીની જરૂરિયાતને ધ્યાને લેતાં ૫૦ લીટર રોજનું અને મહિનાનું ૧૫૦૦ લીટર પાણી જોઈએ. એ રીતે ગણિત કરતાં વરસભરની એક કુટુંબની જરૂરિયાત ૧૮૦૦૦ લીટર થાય.

હવે આપણે ત્યાં માનો કે ઓછો વરસાદ વરસતો હોય તો પણ ૭-૮ ઈંચથી ઓછો તો ન જ હોય ને ? ૩૩ બાય ૩૩ ફૂટ લાંબા-પહોળા એક છાપરા પર પડતું પાણી ભેગું કરી લેવાય તો સહેલાઈથી ૨૦૦૦૦ લીટર પાણી મળી રહે. ખરી વાત તો એમ ગણાય કે ચોમાસાના ૩-૪ મહિનામાં જેટલું પાણી વપરાય એટલું તો પાછું ટાંકામાં ઉમેરાતું રહેવાનું. છતાં માની લઈએ કે બારે મહિના જરૂર છે, તો પણ ટાંકાનું પાણી વધી પડે એટલું મળી રહેવાનું છે. પછી છે કોઈ પ્રશ્ન, બોલો !

## બાંધકામ કેવું હોય ?

જરૂરિયાત મુજબ જમીનમાં જેસીબી અગર મજૂરો દ્વારા ખાડો ખોદી, ચો તરફની દીવાલો, તળિયું તથા મથાળું - બધી બાજુઓ આર.સી.સી. ચણતર અને અંદરની બાજુમાં સિમેંટ-કળીચૂનાનું પ્લાસ્ટર તથા ટાંકો ચારે બાજુથી બંધ. માત્ર ઉપરની બાજુ ૨ ફુટ લાંબું-પહોળું મોઢું રાખવાનું. જેના પર પાકું ઢાંકણ લગાડી દેવાનું કે જેથી જરૂર પડ્યે અંદર ઊતરી ટાંકાની સફાઈ કરવી હોય તો ફાવે, બાકી ઉપરનું ઢાંકણ તો કાયમ બંધ જ રાખવું જોઈએ.

આ ઉપરાંત ઢાંકણ પાસે અઢી કે ત્રણ ઇંચ વ્યાસવાળા પાઈપના બે ટુકડા મથાળાનું આર.સી.સી. કરતી વખતે અંદર ફીટ કરી દેવા કે જેથી એક કાણામાંથી છત પર ભેળું થયેલું પાણી ટાંકામાં ઉતારવાનો પાઈપ ઉતારી શકાય અને બીજા કાણામાં ટાંકામાંના પાણીને બહાર કાઢવા માટે ડંકી અગર તો નાની સબમર્સિબલ મોટરની પાઈપને રાખી શકાય.

## પાણી ટાંકામાં ઉતારવું

છાપરાં કે નળિયાંવાળા મકાનનું પાણી તો નેવે જ ઊતરવાનું. એટલે એક બાજુ ઢાળ આપી છાપરાંની લંબાઈ સાથે જોડેલ પરનાળ દ્વારા વરસાદી પાણી વહેતું વહેતું તેને છેડે લગાડેલ પાઈપ વાટે ટાંકામાં સીધું જ ઉતારાય અને મકાન જો પાકી અગાસીવાળું હોય તો અગાશીમાંથી પાણી બહાર નીકળવાના નાળચા સાથે ફીટ કરેલ પાઈપ દ્વારા પાણી સીધું ટાંકામાં ઉતારી શકાય છે.

વરસાદી ઋતુ પહેલાં અગાશી વાળી ચોળી-ધોઈ સાફ કરવી અને શરૂઆતનું થોડું પાણી ટાંકા બહાર વહી જવા દીધા પછી જ ટાંકામાં પાણી લઈ જતા પાઈપમાં, અને એમાં પણ વચ્ચે ગળણી રાખી પાણી ગળાઈને જ ટાંકામાં ઊતરે એવી ચોક્કસાઈ લીધી હોય તો પાણી શુદ્ધ સ્વરૂપે એકઠું કરી શકાય છે.

## ભૂગર્ભ ટાંકો બનાવવાનો અંદાજિત ખર્ચ

એક અંદાજ મુજબ ૧૫૦૦૦ લીટર પાણી સમાઈ શકે એવડા ટાંકાનો ખર્ચ ૨૫-૩૦ હજાર રૂપિયા થવા જાય છે. પછી સ્થાનિક મજૂરી અને સિમેંટ, રેતી, કપચી, કડીયાકામ વગેરેના ભાવમાં જે તે પ્રદેશના ફેરફાર મુજબ થોડો-ઘણો ફેર હોઈ શકે. અને ક્યારેક ક્યારેક સરકારશ્રીની આવા ટાંકા બનાવવાની સ્કીમનો લાભ મળે તો એમાં અંદાજે ૪૦-૫૦ ટકા જેટલી સહાય પણ મળતી હોય છે. આવી ખૂબ જ જરૂરિયાતવાળી સ્કીમ કાયમ ચાલુ રાખવી જોઈએ એ વાત શાસનકર્તાઓને કેમ નહીં સમજાતી હોય ?

## આ ટાંકામાં ભરેલું પાણી બગડે ?

ના, બંધ ટાંકામાં પહેલેથી ચોખ્ખું ભરાએલ પાણી કદી બગડતું

(જુઓ પાન નં. ૦૫)



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# પડદા પર ગાંધી : ઈતિહાસ બનાવનાર પોતે ઈતિહાસ બની ગયા

**લ**ગભગ અડધી સદી પહેલાંની વાત છે. જ્યારે અંગ્રેજ ફિલ્મકાર – અભિનેતા રિચર્ડ એટનબરોએ ગાંધીજી પર ફિલ્મ બનાવી હતી. એવી ફિલ્મ જેણે એ આખા કાળના ઇતિહાસને દર્શાવવાનો પ્રયત્ન કર્યો હતો, જે સમયમાં આ ભૂ-ખંડના ઇતિહાસે કરવટ બદલી હતી. તેમના આ પ્રયત્નનો પણ એક ઇતિહાસ છે, જેને અંગે આપણે જાણીએ તો આપણને ખ્યાલ આવશે કે ઇતિહાસ બનાવવો કેટલો મુશ્કેલ હોય છે, અને ઇતિહાસને ફિલ્મમાં બાંધવો વળી તેટલો જ મુશ્કેલ.

બ્રિટનમાં વસતા ભારતીય અભિનેતા સૈયદ જાફરીએ પ્રથમ વાર એટનબરોને એક દિગ્દર્શકના સ્વરૂપમાં જોયા, જ્યારે તેમણે 'ગાંધી' ફિલ્મમાં કામ કરવા માટે જાફરીની પંસદગી કરી. આની પહેલાં એટનબરોને એક અભિનેતા તરીકે તેઓ જાણતા હતા. ભારતમાં તે વખતે કટોકટી લાગુ હતી. મહાન ભારતીય ફિલ્મ દિગ્દર્શક સત્યજીત રાય એ દિવસોમાં મુનશી પ્રેમચંદની વિખ્યાત વાર્તા 'શતરંજ કે ખિલાડી'ને ફિલ્મી પડદા પર ઉતારવાના કામમાં વ્યસ્ત હતા. શતરંજની રમતની સામસામી બાજુઓ પર શ્રી રાયે બે અભિનેતાઓને બેસાડ્યા હતા : એક બાજુ હતા જમીનદાર મીર રૌશન અલીની ભૂમિકામાં સૈયદ જાફરી તો બીજી બાજુ જનરલ જેમ્સ આઉટ્રમની ભૂમિકામાં એટનબરો. સૈયદ જાફરી યાદ કરતા કહે છે, ''તેઓ એક જાજરમાન, ખુશમિજાજ તેમજ હસમુખું વ્યક્તિત્વ ધરાવનાર માણસ હતા.''

ગાંધીની ભૂમિકા ભજવનાર બ્રિટિશ અભિનેતા બેન કિંગ્સલેને એટનબરોએ પુણેના આગાખાન પેલેસના દાદરા પર ૫૦ વખત ચઢાવ્યા-ઉતાર્યા હતા. કારણ કે બેનના ચાલવાની લઢણમાં તેમને એક કાઠિયાવાડી ગુજરાતીની ચાલ નજરમાં આવતી ન હતી. પચાસ વાર દાદરા ચઢ્યા-ઊતર્યા પછી બેન કાઠિયાવાડી ગુજરાતી ગાંધીની જેમ ચાલવાનું શીખ્યા હતા. જાફરીને તેમણે સરદાર પટેલ બનાવ્યા હતા, અને તેને માટે તેમને ખવરાવી-પીવરાવીને જાડા કરવામાં આવ્યા તેમજ તેમના વાળ રોજ સવારે કાપીને ચમકીલી ટાલ વાળુ માથું તૈયાર કરવામાં આવ્યું.

એટનબરો માટે કંઈ આ ફિલ્મ થોડી હતી ? એ તો એક કલાકારની તપસ્યા હતી – અઢાર વર્ષ લાંબી તપસ્યા ! કેટલી ધીરજ તેમજ સંયમ હશે આ માણસમાં ! અને ફિલ્મ પાછળ તેમણે ૧૭.૬ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. તે સમયે એક ફિલ્મ માટે આટલો ખર્ચ કરવો એ એક અસામાન્ય ઘટના હતી. ફિલ્મમાં ગાંધીજીના અંતિમ સંસ્કારવાળા દશ્યમાં ૩,૦૦,૦૦૦ એકસ્ટ્રા કલાકારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. ફિલ્મનું આ દશ્ય ખૂબ વખણાયું અને પ્રખ્યાત બન્યું હતું.

૧૯૮૦ની સાલમાં 'ગાંધી'ના સેટ પર એટનબરોએ કહ્યું હતું : ''૧૮ વર્ષ પહેલાં હું એક સારો અભિનેતા અને ક્યારેક ક્યારેક પ્રોડ્યુસર પણ બની જતો હતો. જિંદગી ખાસ્સા એશોઆરામમાં પસાર થઈ રહી હતી. તેવામાં એક દિવસ મારા મિત્ર મોતીલાલ કોઠારીએ મને એક પુસ્તક પકડાવ્યું – લુઈ ફિશર લિખિત મહાત્મા ગાંધીનું જીવનચરિત્ર ! હું સાચું કહું છું, આ પુસ્તકે મારી જિંદગી બદલી નાંખી. તેના પછીથી લઈને આજ સુધી મેં જે પણ કર્યું છે, આ ફિલ્મને માટે જ કર્યું છે. મેં બીજી ફિલ્મોનું નિર્દેશન છોડી દીધું, પછી અભિનય છોડ્યો. લગભગ ચાલીસ વાર ફરી ફરીને ભારત આવતો રહ્યો....

એટનબરો એવા જ માણસ હતા – ધૂની તેમજ એકાગ્રતા વાળા ! ફિલ્મ પૂરી કર્યા બાદ તેઓ ભારતથી પાછા જતા રહ્યા. પરંતુ પોતાના કલાકારોને ક્રિસમસનું કાર્ડ મોકલવાનું તેઓ કદી ભૂલ્યા નહીં. ફિલ્મના કોશ્ચ્યુમ ડીઝાઈનર ભાનુ અથૈયા સાથે એટનબરોની ઓળખાણ કરાવનાર સિમી ગરેવાલ કહે છે, ''અદ્‌ભુત ફિલ્મ નિર્માતા હતા તેઓ, જે ટ્રેનના છાપરા પર પણ નાચી શકતા હતા. (ગાંધી ટ્રેનથી દેશ આખામાં ફરતા હતા ને !) તેઓ જાત જાતની વાર્તાઓ સંભળાવી શકતા, પોતાના હાજરજવાબીપણાને લીધે સહુને તે લાજવાબ કરી દઈ શકતા : ''તેઓ એક એક્સ્ટ્રાને પણ તેટલી જ ઝીણવટથી તેની ભૂમિકા સમજાવતા જાણે કે તે કોઈ જેવો-તેવો કલાકાર નહીં પરંતુ હોલીવુડનો કોઈ ખાસ 'સ્ટાર' ન હોય !

ફિલ્મમાં જવાહરલાલ નહેરુની ભૂમિકા અદા કરનાર રોશન શેઠ કહે છે : ''તેઓ બ્રિટિશ ફિલ્મ નિર્માતાઓના એ કુળના પ્રતિનિધિ હતા જે હવે બચ્યું નથી. તેઓ હોલીવુડથી પ્રભાવિત હતા. તેઓ અમેરિકનોની જેમ વાતચીત કરતા, તેમની જેમજ ફિલ્મ બનાવતા હતા. એટનબરો એવા કમાંડર ઈન ચીફ હતા જેમણે ક્યાં ક્યાંથી ભેગા કરીને ગજબના પ્રતિભાવાન લોકોને ભેગા કર્યા હતા. તેમના સેટ પર પ્રતિભાની ખોટ ક્યારેય ન વર્તાતી.''

ઑસ્કાર એવોર્ડની દુનિયામાં એક વિશિષ્ટ (અને વિચિત્ર) બોલબાલા છે. ફિલ્મી દુનિયા માને છે કે બધું મળ્યું હોય પણ જો તમને ઓસ્કાર ન મળ્યો હોય તો શું મેળવ્યું ? એટનબરોની 'ગાંધી' ફિલ્મે એક નહીં ૮-૮ ઓસ્કાર મેળવ્યા : સર્વશ્રેષ્ઠ ફિલ્મ, સર્વશ્રેષ્ઠ નિર્દેશક, સર્વશ્રેષ્ઠ અભિનેતા, સર્વશ્રેષ્ઠ સ્ક્રીનપ્લે, સર્વશ્રેષ્ઠ પોષાક સહિતના આઠ ઓસ્કાર એવોર્ડ ! અલબત્ત, ફિલ્મ બાબતે કેટલીક ચર્ચાઓ, વાદ-વિવાદ પણ થયાં. દેશમાં પણ અને વિદેશમાં પણ. પરંતુ આ ફિલ્મની મહત્તા જ એવી હતી કે કોઈ વિવાદ ન લાંબો ચાલી શક્યો, ન ફિલ્મથી મોટો બની શક્યો.

કસ્તુરબાનું પાત્ર ભજવનારાં રોહિણી હટ્ટંગડીનું કહેવું હતું કે એટનબરોએ ગાંધીજીની વાર્તાને નિષ્પક્ષ ભાવથી પારખી અને તેમાં પોતાની કલ્પના પરોવીને તેને રજૂ કરી : ''સ્ક્રીપ્ટ ગાંધીના મહાત્મા બનવા પર કેન્દ્રિત હતી. એક વિદેશી માણસે એવી ફિલ્મ બનાવી છે, જેને ભારતીયો આંખો ખોલીને જોઈ શકે અને તેના પર ગૌરવ લઈ શકે છે. આવું ન આના પહેલાં થયું છે, ન તેના પછી બન્યું છે. તેથી જ તો આટલાં વર્ષો પછી પણ આ ફિલ્મનો જાદુ જેમનો તેમ જળવાઈ રહેલો છે. અને મને નથી લાગતું કે આવનારા ઘણાયે દાયકાઓ સુધી



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

કોઈ તેની ચમકને ઝાંખી કરી શકશે.... અને શી ખબર આવતાં ૩૦૦ વર્ષ સુધી પણ !''

એટનબરોની ફિલ્મી જીવનની યાત્રા ખૂબ લાંબી તેમજ વિવિધતાપૂર્ણ રહી છે. તેમનો ઘડાયેલો તેમજ સરળ અવાજ તેમજ તેમનું ગહન વ્યક્તિત્વ તેમની દરેક ફિલ્મને એક આગવો નિખાર આપતી. પરંતુ તેઓ કદી ફિલ્મ સુધી સીમિત નહોતા રહેતા. ફિલ્મની બહારની દુનિયા સાથે પણ તેઓ ઊંડો સંબંધ ધરાવતા હતા. તેથી જ આ (ગાંધી) ફિલ્મ આજે પણ આખી દુનિયામાં કોઈ એક વ્યક્તિના જીવનને પડદા પર ઉતારવા માટે એક માપદંડ, એક આદર્શ બની ચૂકી છે. આ ફિલ્મ બનાવવાનું કામ જેવું પૂરું થયું, તેની સાથે જ જાણે કે એટનબરોની જીવન-સાધના પણ પૂરી થઈ. ધીમે ધીમે તેઓ ફિલ્મોથી દૂર થતા ગયા. અને અંતે સાત દસકા લાંબું જીવન ફિલ્મોમાંથી મોઢું ફેરવીને અળગું થઈ ગયું.

૧૯૪૫માં તેમણે અંગ્રેજ અભિનેત્રી શીલા સીમ સાથે લગ્ન કર્યાં હતાં. તેમનું વૈવાહિક જીવન અત્યંત સંતોષ, આદર તેમજ પ્રેમથી ભરપૂર હતું. તેમનાં ત્રણ બાળકો હતાં. પરંતુ, ૨૦૦૫માં આવેલ સુનામીમાં તેમની એક દીકરી અને દોહિત્રીનું મૃત્યુ થયું હતું. પતિ-પત્નીએ આ આઘાત બહાદુરીથી ઝીલ્યો. પરંતુ તેમનાં પત્નીને સ્મૃતિલોપની બીમારી થઈ. રીચાર્ડ એટનબરોએ બાકીની જિંદગી પોતાની પત્નીની સેવામાં આપી દીધી. ઑગસ્ટ ૨૦૧૪ના દિવસે ટૂંકી માંદગી બાદ શ્રી એટનબરોનું મૃત્યુ થયું. પાંચ દિવસ પછી, ૨૯ ઑગસ્ટે તેમને ૯૧ વર્ષ પૂરાં થયાં હોત.

છેલ્લાં વર્ષોમાં તેઓ કહેતા : ''આ ઉંમરમાં સૌથી મોટો પ્રશ્ન એ છે કે કોઈનું નામ યાદ નથી રહેતું. તેથી હું સહુને 'ડાર્લિંગ' કહીને જ સંબોધું છું. અને આ સાચું પણ છે કારણ કે હું સહુને દિલોજાનથી ચાહું પણ છું ને !.... બસ એક વાતનો અફસોસ મનમાં રહી ગયો છે કે હું 'ટૉમ પેન' પર ફિલ્મ નહીં બનાવી શક્યો. હું એવું માનું છું કે આ ધરતી પર પેદા થયેલો તે સૌથી મોટો માનવ હતો. તે એક અંગ્રેજ હતો જે અઢારમી સદીમાં આપણી વચ્ચે જીવી ગયો. અને એ જ હતો જેણે અમેરિકાની સ્વતંત્રતાનું જાહેરનામું લખ્યું હતું, જેણે અમેરિકા તેમજ ફ્રાંસનું બંધારણ લખ્યું તેમજ એણે એ મહાન પુસ્તક લખ્યું જેને વ્યક્તિના અધિકારોની સાર્વભૌમિકતાનો દસ્તાવેજ કહી શકાય. કોઈએ એના તરફ ધ્યાન નહીં આપ્યું કારણ કે રાજકારણ સિવાય હવે આપણી પાસે કંઈ બચ્યું જ નથી.

''મારી 'ગાંધી' ફિલ્મનાં ખૂબ વખાણ થાય છે. પરંતુ હું કહેવા માંગું છું કે તેમાંથી જો ગાંધીનાં દર્શન ન થતાં હોય તો એ ફિલ્મનો શો અર્થ ?...

''આજે હિંસાની જે બોલબાલા છે, તેના પ્રત્યે મને નફરત છે. હું એ માનું છું કે આ પરિસ્થિતિ માટે અમે ફિલ્મવાળાઓ પણ ઓછા જવાબદાર નથી. અમે પણ તેને પ્રોત્સાહન આપ્યું છે.''

('ગાંધીમાર્ગ'માંથી સાભાર અનુવાદિત) **– હરિભૂષણ સિંહ**

# ગુજરાતીઓને અર્પણ : સર્વધર્મ કથાઓ

**આ**ઝાદ ભારતના બંધારણમાં સર્વધર્મ સમભાવ અને બિનસાંપ્રદાયિકતાનું મૂલ્ય અંકિત થયું એ પૂર્વે તેની એક પરંપરા પણ રહી છે. ઈશ્વર સમક્ષ સૌ સમાન છે એ ભારતીય સંસ્કાર તો ભક્તિ પરંપરાનું હાર્દ હતું અને ગાંધી વિચાર-આચારમાં એ ચરિતાર્થ થયું. સાબરમતી આશ્રમમાં સ્થાપિત સર્વધર્મ પ્રાર્થનાનો વારસો આજેપણ દેશભરમાં પડઘાય છે. બીજી બાજુ સાંપ્રદાયિકતાની સંકુચિતતાનું વાતાવરણ સર્વધર્મ સમભાવનાને સમાંતર સર્જાઈ રહ્યું છે. આવા સમયે જીવન-પાથેય બની રહે એવું સર્વધર્મ કથાઓનું પુસ્તક ગુજરાતીઓને અર્પણ થયું છે એ આનંદની વાત છે. તાજેતરમાં પ્રકાશિત રામનારાયણ નાગરદાસ પાઠકની સર્વધર્મ કથાઓના પુસ્તકનું સંપાદન કર્યું છે ઉષા રા.પાઠક અને કેતન રૂપેરાએ. ડો.ઉષાબહેન રામનારાયણ પાઠકનાં મોટાં પુત્રી અને ભાવનગરની શ્રીમતી ગાંધી મહિલા કોલેજના ભૂતપૂર્વ અધ્યાપિકા. કેતન રૂપેરા ગાંધી વિચારના યુવા અભ્યાસી અને પુસ્તક પ્રકાશક છે. રામભાઈની ૨૪ ચૂંટેલી વાર્તાઓ પુસ્તકમાં સંગ્રહિત થઈ છે.

પુસ્તક વિશે ચર્ચા કરીએ એ પૂર્વે તેના સર્જક રામનારાયણ પાઠકના પ્રદાન વિશે વાત કરીએ. તેઓ અગ્રીમ સ્વાતંત્ર્ય સેનાની, સંસ્કૃત ભાષા સાહિત્યના વિદ્વાન, સાહિત્યકાર, કેળવણીકાર, ગાંધીચીંધ્યા માર્ગે લોકજાગૃતિ અને ગ્રામ ઉન્નતિનું કાર્ય કરનારા રચનાત્મક કાર્યકર અને ઉત્તમ વાર્તાકાર. તેઓ ''રામભાઈ''ના નામે ઓળખાતા હતા. ઉમાશંકર જોશીના મતે, ''ગુજરાતમાં રામભાઈ અને વાર્તા પર્યાય છે.'' બાલમુકુંદ દવે કહે છે, ''રામભાઈને બાળકો સમક્ષ બાળક બનીને વાર્તા કહેવા સાંભળવા એ એક લહાવો હતો.'' વિમુબહેન બધેકાએ સાચું જ કહ્યું, ''ગિજુભાઈએ વાર્તાનું શાસ્ત્ર રચ્યું અને એ પછી વાર્તાઓ કહેવરાવી રામભાઈ પાસે''. પુત્રી ઉષાબહેન પાઠક તો નાનપણથી જ પિતાની વાર્તાઓ સાંભળતાં જેને વિશે તેઓ પુસ્તકના પ્રાસ્તાવિકમાં કહે છે, ''વાર્તાઓના અમીરસના ઘૂંટડા પીધા પછી જ અમને ઊંઘ આવતી.'' તેઓ ઉમેરે છે, ''સત્યાગ્રહની ચળવળો દરમિયાન અંગ્રેજ સરકાર દ્વારા ભાષણો કરવાની મનાઈ હોય ત્યારે પ્રસંગોચિત વાર્તાઓ કહીને વિશાળ લોકસમુદાયને રામભાઈ સાચવી લેતા.''

વર્ષ ૧૯૩૧માં ''પચાસ વર્ષ પછી'' ભવિષ્યલક્ષી નવલકથાના લેખનથી રામભાઈ પ્રખ્યાત થયા. તેમણે જગતનો તાત, આવતીકાલ, સાથી, યશોધરા વગેરે આઠ નવલકથાઓ, સત્યાગ્રહી શહીદો, સ્વતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ, બાલશિક્ષણ પ્રણેતા ગિજુભાઈ -એવાં ૧૦ જીવનચરિત્રો સહિત કુલ ૮૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે. ફૂલછાબ અખબારની ''સૌરભપૂર્તિ'' વિભાગમાં ૧૯૮૦ થી ૧૯૮૫ દરમિયાન ભાગવત કથામૃત, સંસ્કૃતિના સંરક્ષકો, જગતની પ્રતિભાસંપન્ન મહિલાઓ, ક્રાંતિકારી શહીદો અને જગતના ક્રાંતિકારી જ્યોતિર્ધરો જેવી લેખમાળાઓ પ્રકાશિત થયેલી.

પુસ્તકની ૨૪ વાર્તાઓમાં જુદા જુદા ધર્મની વાર્તાઓ અને ધર્મો જેમને ઈશ્વર અને સંત માને છે એ સૌ વિશે રજૂઆત છે. જેમકે જગદગુરુ શંકરાચાર્ય, મહાત્મા ઈબ્રાહિમ, ગૌતમ બુદ્ધ, શ્રી સહજાનંદ સ્વામી, ગુરુ નાનકદેવ, જિસસ ક્રાઇસ્ટ.

('ફૂલછાબ' બુધવાર પૂર્તિ માંથી સાભાર) **– ગૌરાંગ જાની**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# જાગ ઉઠી તરુણાઈ હૈ

**એ**ક રીતે જોવા જઈએ તો લોકશાહી એ એક છેતરામણી વ્યવસ્થા છે - જેમાં પાંચ વર્ષમાં એક વાર મત આપીને પછી ભૂલી (સૂઈ) જવા છતાં એવું મનાય છે કે સત્તા પરનો કાબૂ તો લોકોનો છે, અને લોકમત જ સર્વોપરી છે એવો આભાસ ઊભો થાય છે. હકીકત કંઈક જુદી જ છે - ભારતમાં અને વિશ્વના અન્ય લોકશાહી દેશોમાં પણ. પરંતુ અહીં આપણે વાત કરીશું આપણા દેશની છેલ્લાં બાર વર્ષમાં લોકમતની સ્વતંત્ર અભિવ્યક્તિ વિરુદ્ધ જેટલા અવરોધ ઊભા થયા છે તેટલા સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં કટોકટીના કાળ સિવાયના સમયમાં કોઈ દિવસ નહોતા થયા. સામાન્ય દેખાવો માટે મંજૂરી ન આપવી, બાલવાડીની તેડાઘર બહેનો હોય કે આશા વર્કર, તેમના પ્રશ્નો આગળ આંખ આડા કાન કરવા, કોઈ પણ પ્રશ્ન પૂછનાર કે સરકાર સામે અવાજ ઉઠાવનારની ધરપકડ કરવી, ખોટા આરોપો, કેસ કરવા અને બીજી તરફ બળૂકા લોકો દ્વારા ભ્રષ્ટાચાર, ખૂન-બળાત્કાર કે દેશની સંપત્તિનો નફાખોરી માટે ઉપયોગ જેવા ગુના હોય તો પણ તેમનો વાળ પણ વાંકો થઈ શકતો નથી. જ્યારે આવા પહોંચ ધરાવતા લોકોની વાત આવે છે ત્યારે ન્યાયતંત્ર પણ જાણે કે લાચાર બની જાય છે. આ અને આવું ઘણું સતત ચાલી રહ્યું છે ત્યારે જુવાનિયાઓ જાગૃત બન્યા છે. વિશ્વના ઇતિહાસ તરફ નજર કરીએ તો આપણે જોઈશું કે ક્રાંતિના વાહક મહદ્અંશે વિદ્યાર્થીઓ અને જુવાનિયાઓ જ રહ્યા છે.

**આજે દેશના ફલક પર જે થઈ રહ્યું છે તેની વિશેષતા શું છે તે ટૂંકમાં જોઈએ...** ૦ તેમને લડતનો - આંદોલનનો કોઈ અનુભવ નથી. પરિસ્થિતિથી ત્રાસીને ૯૯% વિદ્યાર્થીઓ સ્વયંભૂ તૈયાર થયા છે. મોટા ભાગનાને ન કોઈ પક્ષ સાથે જોડાણ છે, ન કોઈ સંગઠન સાથે. માતા-પિતાના વિરોધ છતાં, સંમતિ વગર તો કોઈ સંમતિ સાથે, મનાવીને જંતર-મંતર પહોંચ્યા છે.

૦ રેલીમાં સૌથી મોખરે યુવાનો છે, અત્યંત નાનાં બાળકો સાથે પહોંચતાં મા-બાપો છે અને ઈશ્વરના ઘરનો વિઝા મેળવી ચૂકેલા વૃદ્ધો પણ શામેલ છે. એમ ચાર પેઢીનો પરિવાર રસ્તા પર ઊભો છે - દેશ માટે.

૦ આટલાં હજાર યુવક-યુવતીઓ સાથે રહ્યાં, રસ્તા પર ગરમી-મચ્છર-ભૂખ-તરસ વહોરી લઈને સૂતાં. તંત્ર કોઈ પણ આડખીલી ઊભી કરવાનું ચૂક્યું નથી તેમ છતાં યુવતીઓ કહે છે 'અમને અહીના માહોલમાં એકદમ સુરક્ષિત લાગ્યું છે'. આજના માહોલ વિશે અહીં લખવાની પ્રસ્તુતતા નથી - છતાં આવી પરિપક્વતા! તેની અચૂક કદર થવી જોઈએ.

૦ અહીં (જંતર-મંતર) પહોંચેલો વર્ગ એવો છે જેને સામાન્ય રીતે આપણે મધ્યમવર્ગ એટલે કે પોતાનામાં વ્યસ્ત-ગ્રસ્ત-મસ્ત-સુસ્ત રહેનારા, ઉપભોક્તા વર્ગ તરીકે જાણીએ છીએ.

૦ તેમના અંગે જાત-જાતના દુષ્પ્રચાર ચાલી રહ્યા છે. તેમને દેશ વિરોધી, વિદેશી એજન્ટ, ચીની વગેરે કહીને બદનામ કરાઈ રહ્યા છે.

૦ અને છતાં તેમના મોઢે ગાંધી-બાબાસાહેબ, ભગતસિંહ, ભારત માતાની જય, અહિંસા, બંધારણ, રાષ્ટ્રધ્વજ અને તેનું સન્માન, હમ સબ એક હૈં - જેવાં સૂત્રો છે. ધર્મ-જાતિ વર્ગ-પ્રદેશ-લિંગ વગેરેના ભેદ-પૂર્વગ્રહથી ઉપર ઊઠીને આ દેશને કંઈક સંદેશો આપી રહ્યાં છે.

જે કંઈ બન્યું તે અંગેનું એક વૃત્તાંત સત્તાવાળાઓનું છે. બીજું ૧૭-૧૮ વર્ષના યુવાનોનું છે જેઓ કહે છે, અમે જોયું કે લોકો એકબીજાને શાંત રાખતા હતા, જય ભીમ, વંદેમાતરમ્ જેવા નારાઓ બોલાતા હતા. હા, શિક્ષણમંત્રીના રાજીનામાની માંગ તો છે જ પરંતુ શાંતિપૂર્વક. તેનો જવાબ કેવી રીતે અપાયો - ભીડને યુક્તિપૂર્વક વેરવિખેર કરીને. આટલી મોટી સંખ્યા જે અહિંસક રહી હતી તેના ઉપર, બહેનો ઉપર, વૃદ્ધો - બાળકો ઉપર ગમે તેમ લાઠી-ગડદા પાટુ ચલાવીને! તમે શું આ Gen-Z ની ભીડથી આટલા ડરો છો ? ૦ સત્તા, શાસન તરફથી એક તરફ આ અમાનુષી દમન, તો બીજી તરફ દેશભરમાંથી સ્વીગી-ઝોમેટો દ્વારા આંદોલનકારીઓને ખાવાનું પહોંચાડાયું, પોલીસે દીકરીઓનાં કપડાં ફાડ્યાં તો સરદારજીએ પોતાની પાઘડી ઉતારીને તેમની લાજ બચાવી, દિલ્હીની જનતાએ જંતર-મંતર પર સૂવાનો સામાન પહોંચાડ્યો અને સમગ્ર વિસ્તારના સફાઈની જવાબદારી પણ વહેંચી લીધી. આમ, સાચા અર્થમાં લોક-આંદોલન ઊભરી રહ્યું છે. ૦ શિક્ષણ, બેરોજગારી, ભ્રષ્ટાચાર, વ્યવસ્થાની ઊણપ, જવાબદારી (accountability) વગેરે જેવા સાચા અને પાયાના તેમજ સળગતા પ્રશ્નો અંગે સવાલ પૂછી રહ્યા છે - જે આજે દેશના દરેક યુવક-યુવતીના પ્રશ્નો છે. ૦ અહિંસક લડતની પૂર્વશરત છે લોકો સુધી પહોંચવું, લોકજાગૃતિ, લોકશિક્ષણ દ્વારા તેમનામાં રહેલા રામને જગાડવા. તો આ વિદ્યાર્થીઓ દિલ્હીની ટ્રેનોમાં-મેટ્રોમાં નુક્કડ સભા જેવા સંવાદ કરી રહ્યા છે. ૦ જ્યારે કોઈ આંદોલનનાં પોતાનાં સૂત્રો, ગીતો બનવા માંડે ત્યારે સમજવું કે આંદોલનમાં ભવિષ્ય માટેનાં બીજ છે, સંદેશો છે.

**આ આંદોલનમાંથી શું શીખી શકીએ ?**

तुम से पहले वो जो एक शख़्स यहाँ तख़्त नशीं था
उसको भी अपने खुदा होने पर इतना ही यकीं था
- हबीब जालिब

કહેવાયું છે કે 'જે દેશની સડક શાંત થઈ જાય તો સમજો તેની સત્તા આવારા બની જશે.' સત્તા જુદા મત અંગે ગમે તેટલી અસહિષ્ણુ હોય, લોકોને ભલે ડરાવ્યા ધમકાવ્યા કરતા હોય અને ખોટી રીતે તેમના પર હેરાનગતિ, દમન થતાં હોય, લોકો પોતાની અભિવ્યક્તિનો માર્ગ શોધી જ કાઢવાના. વિદ્યાર્થીઓની પહેલી જીત તો ત્યારે થયેલી ગણાવી જોઈએ જ્યારે સોનમ વાંગચુકને ખુલ્લેઆમ નહીં પરંતુ ચોરી છૂપીથી ઉઠાવવાનું કાવતરું ઘડવું પડ્યું. પોલીસે ડૉક્ટરના વેશમાં આવીને, સફેદ ચાદરોની આડશ ઊભી કરીને ચાદરનું પોટલું બનાવી (સ્ટ્રેચરને બદલે) જીવતા માણસને ઉઠાવ્યો ! સત્તા જ્યારે હિંસા અને દમન ઉપર ઊતરી આવે છે ત્યારે ઘણી વાર એ વિટામીનના ઇન્જેક્શનનું કામ કરે છે. અહીં એમ જ બન્યું. સોનમને આમ અચાનક ઉઠાવીને લઈ જવાથી યુવાનોનો જોમ-જુસ્સો ઓર વધ્યો, તેઓ ભયમુક્ત થયા અને આખા દેશમાંથી જન સૈલાબ જંતર-મંતર પર ઊતરી પડ્યો.

આજે સક્રિય બનેલાં વિવિધ યુવા જૂથોમાં ઘણી ઊણપો હશે, દેશના અન્ય સળગતા પ્રશ્નો વિશે કદાચ ચોક્કસ ભૂમિકા ન હોય તેમ પણ બને, શિક્ષણ અંગે પણ ઊંડાણપૂર્વકની વિચારણા-ચિંતન ન કર્યાં હોય કે આગળના માર્ગ અંગે વ્યૂહરચના તેમજ સ્પષ્ટતાનો અભાવ હોય તે શક્ય છે. પરંતુ, નવનિર્માણ અને બિહાર આંદોલનનાં પચાસ વર્ષ પછી તેવું જ એક મોટું આંદોલન અહીં શરૂ થતું દેખાય છે. જૂના પૂર્વગ્રહોમાંથી મુક્તિ મેળવી, ભય ખંખેરીને યુવાનો આગળ આવી રહ્યાં છે. તેમને યોગ્ય પીઠબળ મળે તો આ મિત્રો રસ્તો શોધશે - બનાવી લેશે એવી આશા રાખીએ.

આ યુવાનો જે કરી રહ્યાં છે તે બધી બાબતો સાથે આપણે સંમત ન પણ હોઈએ અને થવાની જરૂર પણ નથી, નથી તેમને ટેકાનો કોઈ કોરો ચેક આપી રહ્યું. આજે તો સંતોષ એ જ વાતનો છે કે મારા દેશનાં યુવાનો ફરી એક વાર જાગી ગયાં છે - પછી પરિણામ ભલે ગમે તે આવે - ઉન્હોને કોશિશ કી થી.

**- આનંદ મઝગાંવકર**



YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

# સોનમ વાંગચૂકને એક પત્ર

**વ્હા**લા સાથીદાર સોનમ વાંગચૂક,

હું આપને ક્યારેય મળ્યો નથી. તમારી ધરપકડ સમયે મેં નાનકડો લેખ લખ્યો હતો. તમારું કામ એ જ તમારો પરિચય છે. તમારા શબ્દોમાં સચ્ચાઈ છે. આપ ઉપવાસ પર ઊતર્યા છો, ગાંધીજીના પગલે. તમારો આશય લોકોને વિચારતા કરવાનો છે. તમારી માંગણી વાજબી છે; હું માનું છું કે એક શિક્ષણમંત્રીના રાજીનામાથી ભારતના શિક્ષણની હાલતમાં કોઈ જ સુધારો નહિ થાય. પણ, તમે ઉઠાવેલ પ્રશ્ન વંચિતોની ભાવિ પેઢી માટે અત્યંત મહત્ત્વનો છે. શિક્ષણ સત્તા, વિકાસ અને પ્રગતિની ચાવી છે જે નાગરિકને શક્તિશાળી બનાવે છે.

ડૉ. આંબેડકરને શાળામાં પ્રવેશ તો મળ્યો હતો, પણ વર્ગનાં બારણાં પાસે, કોથળા પર, અન્ય બાળકો પર તેમનો પડછાયો ન પડે તેમ બેસીને તેમને ભણવા માટે અને શિક્ષકનાં મહેણાં-ટોણા-અપમાન સહન કરીને.

સાવિત્રીબાઈ-જ્યોતિબા ફૂલેએ બાળકીઓ માટે શાળા ખોલી, ત્યારે વંચિતો શક્તિશાળી ન બને તેવું જીવનધ્યેય લઈને બેઠેલા લોકો એમના મ્હોં પર થૂંક્યા, એમને ઘર છોડવાની ફરજ પાડી અને બાળકીઓને પણ મારવા માંડી. છેલ્લે મા-બાપને પોતાની બાળકીઓને હુમલાથી બચાવવા, કોથળામાં પૂરી, શાળામાં લાવવાની ફરજ પડી.

હું ગુજરાતી ભારતીય છું. ૬૭ વર્ષની મારી ઉમ્મરમાંથી મેં ૪૭ વર્ષ અસ્પૃશ્યતાનાબૂદી અને દલિત-આદિવાસી પર અત્યાચાર બંધ થાય તે માટેનાં વિવિધ ક્ષેત્રમાં કામ કર્યું છે અને કરું છું. આ વંચિતોને, શિક્ષણના માધ્યમથી આર્થિક-સામાજિક-રાજકીય-સાંસ્કૃતિક પ્રગતિને પંથે ચઢાવવા ડૉ.આંબેડકરે 'અનામત' વ્યવસ્થા દાખલ કરી, ગાંધી સાથેના ભારે સંઘર્ષ બાદ.

અત્યંત સંઘર્ષ કરી, વંચિત સમાજનાં બાળકો સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસે, ત્યારે ચોરી ને ભ્રષ્ટાચારના માધ્યમથી પૈસાપાત્ર કુટુંબનાં બાળકો, સંઘર્ષ કરતાં બાળકોના હક છીનવી લે; એ વ્યવસ્થા સામે આંખ આડા કાન કરી, ભારતીય બંધારણના સોગંદ લઈને બનેલ સરકાર સંદેશો તો એ જ આપે છે કે 'મહેનતથી કંઈ નહિ વળે'. આ વ્યવસ્થાએ દેશની પોણા ભાગની વસ્તી ધરાવતા વંચિતોનાં પ્રગતિ કરવાનાં સપનાં વેરવિખેર કરી નાંખ્યાં છે. લોકો બેરોજગાર તરીકે માતાના પેટમાંથી જન્મ લેતા નથી. બેરોજગારી, એ ભ્રષ્ટાચારના મેળાપીપણામાં ચાલતી રોજગારી યોજના ને સરકારી નીતિઓની નીપજ છે. આવા બેરોજગારોને આડકતરી રીતે સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિ એમની બંધારણીય સત્તાની મર્યાદા ઓળંગી, 'વંદા' અને 'પરોપજીવી' તરીકે જાહેરમાં સંબોધે છે.

ગૌતમ બુદ્ધ, સંત કબીર, ગાંધી, મહાત્મા ફૂલે દંપતી કે ડૉ. આંબેડકર જેવા અનેક આગેવાનોએ શસ્ત્રો હાથમાં ન ઝાલ્યાં પણ પ્રેમ, કરુણા, અધિકારના માધ્યમથી ભારતના નાગરિકોને નિર્ભીક બનાવ્યા. આજે પરિસ્થિતિ એ છે કે આઝાદ ભારતની સરકાર, પોતાના જ નાગરિકોને ડરના માધ્યમથી નિર્બળ અને નિર્વીર્ય બનાવવાનું કામ કરી રહી છે. લોકો પાસે નથી સરકારનો સહારો, નથી વહીવટીતંત્ર એમના પડખે કે નથી ન્યાયતંત્ર એમની વાત સાંભળતું. લોકોની નિરાશા એ હદે પહોંચી છે કે હતાશ યુવાનો ભરી સર્વોચ્ચ અદાલતમાં કાગળો ઉછાળી ભારતની સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયતંત્રને ગાળ બોલે છે. ભૂતકાળમાં જે રીતે રાષ્ટ્રીય કૉંગ્રેસે 'કટોકટી' લાદી લોકોના મૂળભૂત અધિકારો ઝૂંટવી લીધા હતા તે જ રીતે આજની સરકાર પણ લોકોને ડરપોક અને બીકણ બનાવી, તેમના મૂળભૂત અધિકારો છીનવી રહી છે. તેવે સમયે માનવઅધિકારનું કામ કરવું તે નાગરિકોની બંધારણીય ફરજ છે અને આ સરકાર માનવઅધિકારનું કામ કરનારને 'રાષ્ટ્ર વિરોધી'નો સિક્કો મારે છે.

હું કોઈ રાજકીય પક્ષનો સભ્ય નથી. તમે માનવાધિકારની વાત કરો છો તે સંબંધે હું તમારો સાથીદાર છું. જાહેર જીવનમાં મારા આદર્શ સવિશેષ બુદ્ધ, સંત કબીર, ફૂલે દંપતી અને ડૉ.આંબેડકર રહ્યા છે. ત્રણેયનું શિક્ષણ એક જ હતું, 'હિંસક ન બનો પણ નિર્ભીક બનો'. ડૉ. આંબેડકરે નાગરિક તરીકે મને મૂળભૂત અધિકાર આપ્યા તેનું રક્ષણ કરવું તેને હું મારો ધર્મ સમજું છું. આ અધિકાર કોઈ સરકારે આપ્યા નથી, પણ બંધારણે આપ્યા છે.

તમારા સમર્થનમાં ડૉ.આંબેડકરની ૭૦ મી મૃત્યુતિથિના ટાણે, તેમના પ્રદાનને યાદ કરી, ૭૦ કલાકના ઉપવાસમાં તમારી સાથે, પણ ગુજરાતમાં, મારી કર્મભૂમિ, દલિત શક્તિ કેન્દ્રમાં, જોડાવા માંગું છું. ઉપવાસ મને તક આપશે આત્મનિરીક્ષણ કરવાની કે એક સ્વતંત્ર દેશના નાગરિક તરીકે આપણે રેશનીંગના ઘઉં પર જીવવાના બદલે, આપણા પરસેવાનો રોટલો ખાતા હોવા છતાં, આપણા જીવનમાં આટલો ડર, આપણા દિલ-દિમાગનો કબ્જો કેમ કરી લઈ લે છે? દુનિયાભરમાં, શસ્ત્રો-દારૂગોળા ઉદ્યોગના માલિકોના રાજકીય ઘરોબાથી ફેલાતી હિંસામાં હજારો બાળકો કબરોમાં દટાઈ જાય છે અને આપણે, શાંતિથી એ દૃશ્યો બાજુમાં મૂકી દઈએ છીએ.

ઉપવાસ સમયે હું મૌન પાળીશ, જેથી આત્મ-નિરીક્ષણ કરી શકું.

(મૂળ પત્રમાંથી ટૂંકાવીને) **– માર્ટિન મેકવાન**


**ભૂમિપુત્ર**

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં. મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૩૦૦

આજીવન અનામત રૂ.૪૦૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૩૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બૅંક ઑફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.





YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

# કિંમત

**આમ** તો વિશાખા અને નરેનનું ૩૫ વર્ષનું સુખી લગ્નજીવન. એકની એક દીકરીને સાસરે વળાવ્યા પછી ખાસ કોઈ જવાબદારી રહી નહોતી. એમાં પણ નિવૃત્તિ પછી તો નરેનનું સાવ શાંતિનું જીવન થઈ ગયું. સવારમાં ઊઠીને પ્રાતઃકર્મથી પરવારીને પહેલું કામ છાપું લઈને બેસવાનું. છાપાના પહેલા પાનાથી માંડીને છેલ્લા પાના સુધીના સમાચાર વાંચવાનો એનો નિયમ થઈ ગયો હતો.

રોજ સવારે વિશાખા બંનેની ચા બનાવે, નાસ્તો તૈયાર કરે ને બધું ડાઈનીંગ ટેબલ પર મૂકીને બાલ્કનીમાં પગ પર પગ ચઢાવીને છાપું વાંચવામાં મશગૂલ પતિદેવને બોલાવવાનું ચાલુ કરે, ''ચાલોને ભઈસા'બ, ચા ઠંડી થાય છે.. છાપું ક્યાં ભાગી જવાનું છે? પછી નહીં વંચાય?''

''તને બહુ ઉતાવળ હોય તો પી લે ચા એકલી. આખા દિવસમાં બે તપેલાં ચઢાવવાનાં અને બે ઉતારવાનાં, એમાં તો શુંય મોટી ધાડ મારવાની હોય એમ સવારથી તારી કચકચ ચાલુ થઈ જાય.''

બસ, વિશાખાને આ જ વાંધો હતો. નરેનની ઉંમર થઈ તો સાથેસાથે એની પણ ઉંમર થઈ હતી. કામ કરવાની ઝડપ ઘટી હતી. યાદશક્તિ પણ ઓછી થઈ હતી, પણ આમાંનું કંઈ નરેનને દેખાતું નહોતું. ગમે તેટલી થાકી હોય પણ પતિના મોંમાંથી કદી નીકળ્યું નહોતું કે, 'થાકી ગઈ છે? જરા વાર આરામ કરી લે.' નરેનને એના કામની કિંમત કે કદર નહોતી એ એને ખૂંચતું તો ખરું પણ હવે એણે 'બહોત ગઈ ને થોડી રહી' એમ કરીને મનને સમજાવી લીધું હતું.

છેલ્લા બે દિવસથી વિશાખાને બહુ થાક લાગતો હતો. થોડું ચાલે ત્યાં હાંફ ચઢતો હતો.

''ચા..લો, ચા પીવા...'' વિશાખાની મંદ અવાજે પડાયેલી બૂમ સાંભળીને નરેન ચમક્યો. ખુરશી પર બેસીને હાંફી રહેલી પત્નીનો ચહેરો જોઈને એ ગભરાયો.

''શું થાય છે વિશાખા?''

''મને, મને બહુ ગભરાટ થાય છે. શ્વાસ નથી લેવાતો.''

તાત્કાલિક હૉસ્પિટલમાં દાખલ કરાઈ. ટેસ્ટના રિપોર્ટ જોઈને ડૉક્ટરે કહ્યું, ''એકદમ સમયસર આવી ગયાં છો. પહેલાં એંજીયોગ્રાફી કરવી પડશે અને પછી જરૂર જણાય તો એન્જીયોપ્લાસ્ટી કે બાયપાસ કરવાનો પણ નિર્ણય કરવો પડે.''

એકધારી ગતિએ શાંતિથી ચાલી રહેલી નરેનની જિંદગીમાં હલચલ મચી ગઈ. એણે ડૉક્ટરને પૂછ્યું, ''આ બધામાં કેટલા દિવસ થશે ડો.?''

''ચાર-પાંચ દિવસ તો સમજી જ લેવાના.''

નરેનના મોતિયા મરી ગયા. વિશાખા વિનાના ઘરની એણે કદી કલ્પના જ નહોતી કરી. વિશાખા તો સ્વસ્થ હતી. એણે નરેનને હિંમત આપતાં કહ્યું, ''મને કંઈ થવાનું નથી. તમે ઢીલા ન પડશો. ઘરનું ધ્યાન રાખજો. છોડને પાણી પાવાનું ભૂલતા નહીં ને શારદાબેનને ત્યાંથી ટિફિન મંગાવી લેજો. હમણાં દૂધની એક જ થેલી મંગાવજો. દૂધ ઠંડું પડે એટલે ફ્રીઝમાં મૂકી દેજો...'' આવી તો કંઈ કેટલીય ભલામણો એમણે કરી. રાત્રે એમની સાથે હૉસ્પિટલમાં રહી સવારે નરેન ઘરે ગયો.

બારણામાં દૂધની થેલી પડી હતી એ લઈને પ્લેટફોર્મ પર મૂકી. છાપું બહારથી લીધું તો ખરું પણ એની સામે નજર સુધ્ધાં ન કરી. એકાદ કલાકમાં કેટલાં બધાં કામ પતાવવાનાં હતાં! ક્યાંથી શરૂ કરવું એ જ સમજાતું નહોતું. ગીઝરની સ્વીચ ચાલુ કરીને દૂધની થેલી ખોલવા ગયો તો કાતર જ ન મળે. ક્યાંય સુધી કાતરની તપાસ કરીને અંતે બ્લેડથી થેલી કાપતાં અડધું દૂધ પ્લેટફોર્મ પર ઢોળાયું. બાથરૂમમાંથી અવાજ સંભળાતાં દોડીને જોવા ગયો તો ગીઝરની સ્વીચ લાંબો સમય ખુલ્લી રહેવાથી ફ્યૂઝ ઊડી ગયો. આખા ઘરની લાઈટ ગઈ. હવે ઈલેક્ટ્રીશિયન આવે ત્યારે સાચો!

૧૫-૨૦ મિનિટમાં તો એનું મગજ બહેર મારી ગયું. કોઈએ જોર જોરથી દરવાજો ઠોક્યો ત્યારે એ દોડ્યો. કચરો લેવાવાળી બહેન હતી. કચરો લેવા જાય ત્યાં ફોનની રીંગ વાગવા લાગી. અમેરિકાથી દીકરીનો ફોન હતો. એને મમ્મીની માંદગીની વાત કહેવામાં બાઈ કચરો લીધા વિના ચાલી ગઈ. ફરીથી ફોનની રીંગ વાગી ત્યારે કામવાળી બાઈનો ફોન હતો.

''સાહેબ, ભાભીને કહેજો, આજે મારાથી નહીં અવાય.''

નરેનની હાલત એવી થઈ કે જાણે એક નાનકડી હોડી મધદરિયે તોફાનમાં ઘેરાઈ ગઈ હોય. એને થયું, રોજેરોજ આવતા આવા અનેક પ્રશ્નો વિશાખા કેવી રીતે હલ કરતી હશે એ પોતાને ખબર તો નથી જ, પણ કદી જાણવાની કોશિશ પણ નથી કરી. જેમ જેમ વિચારતો ગયો એમ એને પત્ની બધાં દૈનિક કાર્યો કેટલી શાંતિ અને સરળતાથી આટોપતી હતી એનો ખ્યાલ આવતો ગયો. ઈલેક્ટ્રીશિયનનો નંબર તો પોતાની પાસે હતો નહીં! હવે? એણે ગભરાટમાં ફોન જોડ્યો, ''વિશાખા, આખા ઘરની લાઈટ બંધ થઈ ગઈ છે. ઈસ્માઈલભાઈનો નંબર આપ!''

ધીમું હસીને વિશાખાએ કહ્યું, ''ઈસ્માઈલભાઈને બોલાવવાની જરૂર નથી. આવું તો ઘણી વખત થાય છે. મેઈન સ્વીચ ટ્રીપ થઈ ગઈ હશે. સ્વીચ નીચે પડી ગઈ હોય તો એને જોરથી ઉપર કરો, લાઈટ ચાલુ થઈ જશે.''

એના કહેવા પ્રમાણે કર્યું કે તરત વીજળી દેવીનું આગમન થયું. ફરીથી ગીઝર ચાલુ કરીને રસોડામાં ગયા તો ફ્રીઝમાંથી બરફ ઓગળીને થયેલું પાણી બહાર આવી ગયું હતું. એ પાણી તરફ જોતાં એની આંખમાંય પાણી આવી ગયું. હૉસ્પિટલમાં જઈને એણે ઘરે બનેલી ઘટના - ના, દુર્ઘટનાઓનું આખું પ્રકરણ વિશાખાને કહી સંભળાવ્યું ત્યારે એણે જીવ બાળતાં કહ્યું,

''અરેરે, મારે લીધે તમને કેટલી તકલીફ પડે છે! જલદી જલદી ઘરે આવીને બધું કામ કરતી થઈ જાઉં તો તમને એમાંથી છુટ્ટી મળે.''

''ના, મારે છુટ્ટી નથી જોઈતી. ઘરે આવ્યા પછી તું ખુરશી પર બેઠી બેઠી મને ઘરનાં કામકાજ શીખવજે. મારે માટે ટ્રેઈનીંગ ક્લાસ ચલાવજે. હવે તો આપણે હળીમળીને બધાં કામ કરીશું.'' પછી સ્નેહથી એનો હાથ પોતાના હાથમાં લેતાં એણે કહ્યું, ''આજે માત્ર એક જ કલાકમાં મને તારી કિંમત સમજાઈ છે.''

''એટલે એનો અર્થ એ જ ને કે, પોતાની કિંમત કરાવવા માટે અમારે માંદા પડવું પડે, ખરું ને?''

''અત્યાર સુધી એવું હતું ખરું પણ હવે એવું નથી. હવે મને સમજાયું કે, તારી કિંમત ભલે જે હોય તે, પણ તારા વિના મારી કિંમત તો શૂન્ય છે.''

બેઉ પતિ-પત્ની એકમેકને પ્રેમભરી નજરથી નીરખી રહ્યાં.

(સુહાસ બારટક્કેની મરાઠી વાર્તાને આધારે) **- આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦

Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara

Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org